આઈપીએલ આજની મેચ
લખનઉ સુપરજાયન્ટ્સ VS મુંબઈ ઈન્ડિયન્સ
સાંજે ૭:૩૦ કલાકે



પોઝિટીવ ન્યૂઝ, ઈન્ફોર્મેટીવ ન્યૂઝ
RNI NO GUJGUJ/2008/34329
arham publications RAJKOT
RAJKOT/639/2025-2027 RMS-RJT
POST AT RAJKOT-RMS DAILY

# અબતક ®

સાંધ્ય દૈનિક

ગ્રામ્ય આવૃત્તિ પાનાઃ ૧૪
તા. ૪-૪-૨૦૨૫, શુક્રવાર
વર્ષઃ ૧૪, અંક : ૨૨

મેનેજીંગ તંત્રી : સતીષકુમાર એસ. મહેતા

Price Rs.:4 ABATAK-RAJKOT 0281-2461234, 2460999 94266 72303 abataknews@gmail.com @abtakmedia



નવી • વિણાટ • શોર્ટેક્ષ
ચણાદાળ
અપ્પુ અપ્પુ અપ્પુ
હોલસેલ ડીલર
હંસા પ્રોવીઝન
નિર્મલા સ્કુલ સામે, કાલાવડ રોડ, રાજકોટ
મનોજભાઈ આસવાણી
મોરબી હાઉસ, ગાયકવાડી, જંકશન પ્લોટ, રેફ્યુજી કોલોની
91 73 107 108
દયાલ દાલ - રાજકોટ


### રાષ્ટ્રપતિની મહોર લાગ્યાં બાદ વકફ સુધારા બીલ અમલમાં

# મુસ્લિમ વિધવા-છૂટાછેડા લેનાર મહિલા વારસાગત મિલકત વકફમાં જતા રોકી શકશે!!!

## હવે વકફ બનાવતા પહેલા એ તપાસવામાં આવશે કે દીકરીઓ, બહેનો, પત્નીઓ, વિધવાઓ, તલાક લીધેલી મહિલાઓ અને અનાથ બાળકોને તેમનો હિસ્સો મળ્યો છે કે નહીં, જો ન મળે, તો વકફ માન્ય રહેશે નહીં

**અબતક, રાજકોટ**

વક્ફ સુધારા બિલ ૨૦૨૫ ને લોકસભામાં મંજૂરી મળ્યા બાદ આખરે મોડી રાતે લાંબી ચર્ચા બાદ રાજ્યસભામાં પણ પાસ કરી દેવામાં આવ્યું. બિલની તરફેણમાં ૧૨૮ વોટ જ્યાએ ૯૫ સભ્યોએ વિરોધમાં વોટિંગ કર્યું હતું. વક્ફ સુધારા કાયદો બનવા માટે હવે એક જ ડગલું રહી ગયું છે. આ બિલને હવે રાષ્ટ્રપતિને મોકલાશે જ્યાંથી મંજૂરી મળતાં જ વક્ફ કાયદો બની જશે. વકફ સુધારા બિલ ૨૦૨૫ માં મહિલાઓ અને વિધવાઓનું ધ્યાન રાખવામાં આવ્યું છે. હવે કોઈપણ મુસ્લિમ વ્યક્તિ વકફ બનાવી શકે તે પહેલાં તેણે પોતાનો હિસ્સો મહિલાઓ અને વિધવાઓને આપવો પડશે. કોઈને પોતાની મિલકત દાન કરતા પહેલા તે વ્યક્તિ પાંચ વર્ષથી ઈસ્લામનું પાલન કરતો હોવો જરૂરી છે. આ ઉપરાંત આદિવાસી અને એએસઆઈ જમીનને પણ વકફ કરી શકાશે નહિં. એટલે હવે મુસ્લિમ વિધવા-છૂટાછેડા લેનાર મહિલા વારસાગત મિલકત વક્ફમાં જતા રોકી શકશે!વકફ (સુધારા) બિલ, ૨૦૨૫ માં એક નવી જોગવાઈ છે જે કહે છે કે જો કોઈ મુસ્લિમ પોતાની કોઈપણ મિલકત વકફને દાન કરવા માંગે છે, તો તેણે તે જાહેર કરતા પહેલા મહિલાઓને તેમનો હિસ્સો આપવો પડશે. આમાં વિધવાઓ, તલાક લીધેલી મહિલાઓ અને અનાથ બાળકો માટે ખાસ જોગવાઈ કરવામાં આવી છે.ઉદાહરણ તરીકે એક વ્યક્તિ તેની ૧૦ વીઘા જમીન વકફ કરવા માંગે છે. તેમને એક પુત્રી, એક વિધવા બહેન અને એક અનાથ ભત્રીજો છે. જૂના નિયમમાં તે આખી જમીન વકફને આપી શકતો હતો, પરંતુ હવે તેણે તેમને તેમનો હિસ્સો પણ આપવો પડશે, ત્યારબાદ જ તે જમીનનો પોતાનો હિસ્સો વકફને દાન કરી શકશે.હવે વકફ બનાવતા પહેલા એ તપાસવામાં આવશે કે દીકરીઓ, બહેનો, પત્નીઓ, વિધવાઓ, તલાક લીધેલી મહિલાઓ અને અનાથ બાળકોને તેમનો હિસ્સો મળ્યો છે કે નહીં. જો ન મળે, તો વકફ માન્ય રહેશે નહીં.




વકફ બિલ મિલકતોના સંચાલન અને નિયમનમાં ઘણા ફેરફારો લાવે છે. આ બિલ વકફ મિલકતોના સંચાલનને સરકારી દેખરેખ હેઠળ લાવવા અને પારદર્શિતા વધારવા પર ભાર મૂકે છે. આ બિલ કાયદો બન્યા પછી પણ મુસ્લિમો વકફ બનાવી શકશે, પરંતુ કડક નિયમો અને શરતો સાથે.

વિપક્ષ અને મુસ્લિમ પર્સનલ લો બોર્ડે વક્ફ સુધારા બિલ મુસ્લિમ

(અનુ. આઠમા પાને)

### વક્ફ બિલ વિરૂધ્ધ ડીએમકે સુપ્રીમ કોર્ટમાં જશે

તમિલનાડુના મુખ્યમંત્રી એમકે સ્ટાલિને ગઈકાલે લોકસભામાં વક્ફ બિલને મંજૂરી મળતાં ટીકા કરી છે. તેમણે વક્ફ બિલને સુપ્રીમ કોર્ટમાં પડકારવાની જાહેરાત કરી છે. સીએમ સ્ટાલિને તમિલનાડુ વક્ફ બિલ પર મજબૂત લડત આપશે અને સફળતા મેળવશે તેવી ખાતરી પણ આપી છે. તમિલનાડુ વિધાનસભામાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, અમે વક્ફ બિલની ટીકા કરીએ છીએ. તમિલનાડુ આ મુદ્દે સુપ્રીમ કોર્ટમાં લડશે અને આ લડાઈમાં સફળતા મેળવશે. લોકસભામાં બિલને મંજૂરીના વિરોધમાં ડીએમકેના ધારાસભ્યોએ વિધાનસભામાં કાળી પટ્ટીઓ બાંધી રોષ વ્યક્ત કર્યો હતો.

# ડરશો નહીં... ટ્રમ્પના ટેરિફથી ભારતનું કંઈ બગડશે નહીં

## ભારતના ટેક્સટાઈલ્સ ક્ષેત્રના હરીફ ચીન અને બાંગ્લાદેશ તેમજ ઈલેક્ટ્રોનિક્સ અને ટેલિકોમ ક્ષેત્રના હરીફ વિયેતનામ અને થાઈલેન્ડ ઉપર લદાયેલા ભારે ટેરિફ ભારત માટે વેપારની જગ્યા બનાવે તેવી આશા

**અબતક, નવી દિલ્હી**

ટ્રમ્પે અનેક દેશો ઉપર ટેરીફ લગાવ્યા છે. પણ આ ટેરીફથી ભારતનું કઈ બગડી શકે તેમ નથી. ભારત પર ૨૭% ટેરીફ લાદવામાં આવ્યો છે. પણ અન્ય દેશો જે ભારતના હરીફ છે તેના ઉપર વધુ ટેરીફ લાદવામાં આવ્યો છે જે ભારત માટે ફાયદારૂપ બની શકે છે.

૨૦૨૪ માં, ભારતે ૩૬.૪ બિલિયન ડોલરના વેપાર સરપ્લસ સાથે ૮૦ બિલિયન ડોલરથી વધુ મૂલ્યના માલની અમેરિકામાં નિકાસ કરી. ચિંતિત ભારતીય ઉદ્યોગપતિઓ માટે, ભારત પરનો ૨૭% દેશ-વિશિષ્ટ ટેરિફ ખૂબ ઊંચો છે પરંતુ વિયેતનામના ૪૬% અને ચીનના ૫૪% ની તુલનામાં મધ્યમ લાગે છે.

ટ્રમ્પે જાન્યુઆરીમાં સત્તા સંભાળી ત્યારથી, ભારતે યુએસ કંપનીઓને મદદ કરવા માટે ઘણા નીતિગત નિર્ણયો લીધા છે. આમાં બોર્બોન વ્હિસ્કી, ફિશ ફીડ, મોટરસાયકલ, સેટેલાઈટ ભાગો અને

(અનુ. આઠમા પાને)

### ટ્રમ્પના ટેરીફે આંતરરાષ્ટ્રીય શેરબજારમાં રૂ.૨ લાખ કરોડનું એક દિવસમાં ધોવાણ કર્યું

ડોનાલ્ડ ટ્રમ્પની ટેરિફ જાહેરાત બાદ નબળા વૈશ્વિક સંકેતો અને વૈશ્વિક મંદીના ભયને કારણે ગઈકાલે સ્થાનિક શેરબજારમાં ભારે ઘટાડો જોવા મળી રહ્યો છે. શરૂઆતના કારોબારમાં, સેન્સેક્સ લગભગ ૬૦૦ પોઈન્ટ ઘટ્યો હતો જ્યારે નિફ્ટી પણ ૨૩,૧૫૦ પોઈન્ટથી નીચે આવી ગયો હતો. ગુરુવારે યુએસ શેરબજારમાં ૨૦૨૦ પછીનો સૌથી મોટો ઘટાડો જોવા મળ્યો. આના કારણે રોકાણકારોને ૨.૪ ટ્રિલિયન ડોલર એટલે કે ૨ લાખ કરોડનું નુકસાન થયું છે. સવારે ૯.૫૦ વાગ્યે, બીએસઈ સેન્સેક્સ ૬૨૫.૧૮ પોઈન્ટ અથવા ૦.૮૨% ઘટીને ૭૫,૬૭૦.૧૮ પોઈન્ટ પર ટ્રેડ થઈ રહ્યો હતો, જ્યારે નિફ્ટી૫૦ ઈન્ડેક્સ ૨૪૫.૬૫ પોઈન્ટ અથવા ૧.૦૬% ઘટીને ૨૩૦૦૪.૪૫ પોઈન્ટ પર ટ્રેડ થઈ રહ્યો હતો. સેન્સેક્સ શેરોમાં, ટાટા મોટર્સ, ટાટા સ્ટીલ, ઈન્ફોસિસ, લાર્સન એન્ડ ટુબ્રો, મારુતિ અને ટેક મહિન્દ્રાના શેરમાં ૩.૫ ટકાનો ઘટાડો થયો હતો જ્યારે એચડીએફસી બેંક, ભારતી એરટેલ, બજાજ ફાઈનાન્સ અને મહિન્દ્રા એન્ડ મહિન્દ્રાના શેરમાં વધારો થયો હતો.

### અમેરિકાનું ટેરીફ જેમ્સ એન્ડ જવેલરી ઉદ્યોગ માટે પડ્યા ઉપર પાટુ સમાન

અમેરિકાના ટેરિફથી ભારતના ૩૨ બિલિયન ડોલરના રત્ન અને ઝવેરાત ઉદ્યોગને મોટો ફટકો પડી શકે છે, કારણ કે તે નિકાસ માટે અમેરિકા પર ભારે નિર્ભર છે. ભારતનો રત્ન અને ઝવેરાત ઉદ્યોગ લગભગ ૩૪% એટલે કે ૧૧.૫૮ બિલિયન ડોલરની નિકાસ ફક્ત અમેરિકામાં કરે છે.ઉદ્યોગ નિષ્ણાતો માને છે કે ટેરિફમાં વધારો ભારતની સ્પર્ધાત્મકતા નબળી પાડી શકે છે. આનાથી વેપાર પર પ્રતિકૂળ અસર પડી શકે છે અને લાખો નોકરીઓ જોખમમાં મુકાઈ શકે છે. ભારત દર વર્ષે વિશ્વભરમાં ૩૨.૮૫ બિલિયન ડોલરના કિંમતના રત્નો અને ઝવેરાતની નિકાસ કરે છે. આમાંથી ૩૦.૨૮% (૯.૯૫ બિલિયન ડોલર) ફક્ત અમેરિકામાં જાય છે. ૨૦૨૪માં, અમેરિકાએ કુલ ૮૯.૧૨ બિલિયન ડોલરના દાગીનાની આયાત કરી હતી. આમાંથી, ૧૨.૯૯% (૧૧.૫૮ બિલિયન ડોલર) ભારતમાંથી મોકલવામાં આવ્યા હતા. ઉદ્યોગ નિષ્ણાંતોએ જણાવ્યું કે અમેરિકાની નવી ટેરિફ નીતિની અસર ખૂબ જ ગંભીર હોઈ શકે છે. અત્યાર સુધી છૂટક હીરા પર ૦% ટેક્સ હતો, પરંતુ હવે તે વધીને ૨૦% થઈ શકે છે. તે જ સમયે, સોનાના દાગીના પર ૫.૫-૭% ટેક્સ લગાવી શકાય છે.

# "ભારત" કુમારની ચીર વિદાય!

## અભિનેતા અને ફિલ્મ નિર્માતા મનોજ કુમારે ૮૭ વર્ષની વયે લાંબી બીમારી બાદ લીધા અંતિમશ્વાસ

**અબતક, રાજકોટ**

'ભરત કુમાર' તરીકે જાણીતા પ્રખ્યાત અભિનેતા અને ફિલ્મ નિર્માતા મનોજ કુમારનું લાંબી બીમારી બાદ ૮૭ વર્ષની વયે અવસાન થયું છે. દેશભક્તિની ફિલ્મો માટે પ્રખ્યાત આ અભિનેતાએ લાંબી બીમારી સામે લડ્યા બાદ કોકિલાબેન ધીરુભાઈ અંબાણી હોસ્પિટલમાં અંતિમ શ્વાસ લીધા હતો

ભારતીય સિનેમાના દિગ્ગજ અભિનેતા મનોજ કુમાર તેમની પ્રતિષ્ઠિત ભૂમિકાઓ અને દેશભક્તિની ભાવના જગાડતી ફિલ્મો માટે જાણીતા હતા. તેમની નોંધપાત્ર કૃતિઓમાં શહીદ (૧૯૬૫), ઉપકાર (૧૯૬૭), પૂરબ ઔર પશ્ચિમ (૧૯૭૦), અને રોટી કપડા ઔર મકાન (૧૯૭૪)નો સમાવેશ થાય છે, જે બધી ફિલ્મોએ હિન્દી સિનેમા પર અમીટ છાપ છોડી છે.

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ પણ પ્રખ્યાત અભિનેતા અને ફિલ્મ નિર્માતા મનોજ કુમારને શ્રદ્ધાંજલિ આપતા, તેમને ભારતીય સિનેમાના પ્રતિક તરીકે ગણાવ્યા હતા. પીએમ મોદીએ ડ પ ર કહ્યું, "સુપ્રસિદ્ધ અભિનેતા



અને ફિલ્મ નિર્માતા શ્રી મનોજ કુમારજીના નિધનથી

(અનુ. આઠમા પાને)

# યુજીસીના એક વર્ષના એલએલએમ કોર્ષને હાઈકોર્ટની મહોર

## જાહેર ક્ષેત્રમાં કે યુનિવર્સિટીઓમાં નિમણૂંક મેળવવા માટે એક વર્ષના એલએલએમ કોર્ષને અમાન્ય ગણી શકાય નહીંઃ મદ્રાસ હાઈકોર્ટ

**અબતક, નવી દિલ્હી**

એક વર્ષના એલએલએમ કોર્ષને યુજીસી દ્વારા માન્યતા અપાયા બાદ મદ્રાસ હાઈકોર્ટે પણ તેના પર મ્હોર મારી છે. જાહેર ક્ષેત્રમાં કે યુનિવર્સિટીઓમાં નિમણૂક મેળવવા માટે એક વર્ષના એલએલએમ કોર્ષને અમાન્ય ગણી શકાય નહીં.

એક વર્ષનો એલએલએમ પ્રોગ્રામ યુજીસી દ્વારા મંજૂર કરવામાં આવ્યો છે અને તમિલનાડુ ડો. આંબેડકર લો યુનિવર્સિટીમાં પીએચડી કોર્ષમાં પ્રવેશ માટે પાત્રતા તરીકે સ્વીકારવામાં આવ્યો છે. કહેવાની જરૂર નથી કે અરજદારે જે યુનિવર્સિટીમાંથી એક વર્ષનો એલએલએમ કોર્ષ કર્યો હતો તે દેશની સૌથી પ્રતિષ્ઠિત કાયદા શાળાઓમાંની એક છે. આવા સંજોગોમાં જાહેર વિભાગો અથવા યુનિવર્સિટીઓમાં નિમણૂક મેળવવા માટે એક વર્ષની એલએલએમ ડિગ્રીને અમાન્ય ગણી શકાય નહીં.



આમ, અરજદારે લેખિત પરીક્ષામાં પ્રથમ સ્થાન મેળવીને પોતાની યોગ્યતા સાબિત કરી હોવાનું અવલોકન કરતાં અને અધિકારીઓએ તેમની ઉમેદવારી પર વિચાર કરવો જોઈએ, કોર્ટે બોર્ડને તેમનું નામ પસંદગી યાદીમાં સામેલ કરવા અને તેમનો નિમણૂક આદેશ જારી કરવાનો નિર્દેશ આપ્યો.

પીએચડીમાં પ્રવેશ માટે યુજીસી દ્વારા માન્યતા પ્રાપ્ત એક વર્ષનો એલએલએમ પ્રોગ્રામ સ્વીકારવામાં આવ્યો હતો. કોર્ટે કહ્યું કે જયારે પરવાનગી આપવામાં આવે છે, ત્યારે નિમણૂકના હેતુ માટે એક વર્ષની એલએલએમ ડિગ્રી નકારવાનું કોઈ કારણ નથી.

# સરવાળામાં 'ઢ' શિક્ષકો બાળકોને શું ગુણાકાર-ભાગાકાર કરાવશે??

## ૫ વર્ષમાં માર્ક્સ ગણતરીની ભૂલો બદલ ૨૦ હજાર શિક્ષકોને રૂ.૩.૭ કરોડનો દંડ ફટકારાયો

**અબતક, રાજકોટ**

આપણે ત્યાં ગુજરાતીમાં કહેવત છે, કૂવામાં હોય તો અવેડામાં આવે. જે શિક્ષકો ખુદ સરવાળા-બાદબાકીમાં કાચા પડી રહ્યા છે, તે શિક્ષકો વિદ્યાર્થીઓને ગુણાકાર-ભાગાકાર તો કઈ રીતે શીખવી શકે ?? સારા સમાજનો પાયો શિક્ષણ છે, અને શિક્ષકો આ સમાજના ભાવિને ઘડે છે. ત્યારે શિક્ષકો ખુદ ગણતરીમાં 'ઢ'સાબિત થાય તો વિદ્યાર્થીઓના ભાવિનું શું ?

શિક્ષકો વિદ્યાર્થીઓને અંકગણિતના મૂળભૂત સિદ્ધાંતો શીખવે છે, પરંતુ આ ગુરુઓ ખુદ સરવાળાની ભૂલો કરી બેઠા છે. ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા છેલ્લા પાંચ વર્ષમાં ધોરણ ૧૦ અને ૧૨ના પેપર ચેક કરતા થયેલી ભૂલોને કારણે લગભગ ૨૦,૦૦૦ શિક્ષકોને કુલ ૩.૭૫ કરોડ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો છે, જેમાં ૨૦૧૯-૨૦૨૦ અને ૨૦૨૦-૨૧ ના કોવિડ વર્ષનો સમાવેશ થતો નથી.

દર વર્ષે, વિદ્યાર્થીઓના કારકિર્દીને નુકસાન પહોંચાડી શકે તેવી ભૂલો ઘટાડવાના પ્રયાસો કરવામાં આવે છે, કારણ કે ઘણા અભ્યાસક્રમોમાં પ્રવેશ મેરિટ પર આધારિત હોય છે જ્યાં એક એક ગુણ મહત્વનો ગણાય છે. જીએસએચએસઈબીના અધિકારીઓએ જણાવ્યું હતું કે સામાન્ય રીતે વિદ્યાર્થીઓ પેપર રિચેકિંગ માટે મોકલે ત્યારે આ માર્કસની ભૂલો સામે આવતી હોય છે. એક અધિકારીએ જણાવ્યું હતું કે ''આવી દરેક ભૂલ માટે, નિરીક્ષકને ૧૦૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવે છે. સામાન્ય ભૂલો ટાળવા માટે શિક્ષકો પેપર ચેકિંગ પહેલાં વાર્ષિક તાલીમ લે છે. જોકે, સેંકડો પેપર્સની સંખ્યાને જોતાં, ક્યારેક ભૂલો થાય છે, શિક્ષકોને દરેક પેપર ચેક કરવા માટે લગભગ ૮ રૂપિયા વળતર આપવામાં આવે છે.''

ગુજરાત ઉચ્ચતર માધ્યમિક શિક્ષક સંઘના પ્રમુખ ભરત પટેલે જણાવ્યું હતું કે સૌથી સામાન્ય ભૂલ ટોટલિંગની છે. ''બધા પ્રશ્નો ચેક કરી માર્ક આપ્યા બાદ, શિક્ષકો ઉત્તરવહીના પહેલા પાના પર બોક્સમાં માર્ક્સ નોંધે છે અને કુલ ગણતરી કરે છે. જો શિક્ષક તેમને આગળ વધારવામાં ભૂલો કરે છે, તો કેટલાક ગુણો ગણતરીમાં બાકાત રહી જતા હોય છે. આ ભૂલો ફક્ત ભાષા કે નાગરિકશાસ્ત્રના શિક્ષકો સુધી મર્યાદિત નથી, વિજ્ઞાન અને ગણિતના શિક્ષકો પણ ઘણીવાર આવી ભૂલો કરે છે.

કેટલાક કિસ્સાઓમાં, એક જ શિક્ષકોને સમાન ભૂલો માટે દંડ ફટકારવામાં આવ્યો છે. તેમજ ''એક જ પેપરમાં, ક્યારેક ઘણી ભૂલો હોય છે. નિવૃત્ત વરિષ્ઠ શિક્ષક

(અનુ. આઠમા પાને)

### છેલ્લા મહિનામાં રૂપિયો સુધરીને ૮૫ ને ટચ!

# ક્રુડના ભાવ તૂટતા જ રૂપિયો બન્યો મજબૂત!

## ડોલર સામે રૂપિયો ૮૫.૪૩ પર સાત પૈસાના વધારા સાથે થયો બંધ

**અબતક, રાજકોટ**

છેલ્લા મહિનામાં રૂપિયો વધારે મજબૂત બન્યો છે. ક્રુડના ભાવ તૂટતા જ રૂપિયા સુધરીને ૮૫ ને ટચ થયો છે. ત્યારે ગઈકાલે ડોલર સામે રૂપિયો ૮૫.૪૩ પર બંધ થયો, જે તેના પાછલા બંધ કરતા સાત પૈસા વધુ મજબૂત હતો, કારણ કે ડોલર ઈન્ડેક્સ છ મહિનાના નીચલા સ્તર ૧૦૧.૫ પર નબળો પડ્યો હતો. સ્થાનિક એકમ ૮૫.૭૭ પર નબળો પડ્યો હતો, પરંતુ દિવસ દરમિયાન તે મજબૂત બન્યો હતો, વેપારીઓએ જણાવ્યું હતું.

''યુએસમાં વેપાર નીતિ વૃદ્ધિને કેવી અસર કરી શકે છે તે અંગે ચિંતાઓને કારણે ડોલરની સલામત સ્વર્ગ સ્થિતિ ઓછી થતી હોય તેવું લાગે છે.'' તેમ એક ખાનગી બેંકના વેપારીએ જણાવ્યું હતું.



''ડોલર ઈન્ડેક્સ હવે ૧૦૦.૬૦ ના સ્તરનું પરીક્ષણ કરવા માટે ખુલ્લું છે. ભારત માટે, નિકાસની વાત આવે ત્યારે ભારતના મુખ્ય હરીફ તરીકે કામ કરતા અન્ય એશિયન અર્થતંત્રોની તુલનામાં ટેરિફ હજુ પણ મધ્યમ લાગે છે.

આમ, શરૂઆતમાં રૂપિયામાં માત્ર ઘૂંટણિયે ઘટાડો જોવા મળ્યો અને પછીથી તે વધવા લાગ્યો,'' શિનહાન બેંક, ઈન્ડિયા ફોરેક્સ અને રેટ ટ્રેઝરી હેડે જણાવ્યું હતું. ભારતીય દેવામાં પ્રવાહથી પણ રૂપિયાને મજબૂત

(અનુ. આઠમા પાને)

ભારત કા રહને વાલા હું ભારત કી બાત સુનાતા હું

# દેશભક્તિની થીમ આધારિત ફિલ્મોને કારણે મનોજકુમાર "ભારતકુમાર" બની ગયાં

## હિન્દી ફિલ્મ યાત્રાના તેમના સક્રિય વર્ષો ૧૯૫૭ થી ૧૯૯૯ રહ્યા હતાઃ તેઓ ફિલ્મ અભિનેતાની સાથે દિગ્દર્શક, નિર્માતા, લેખક, ગીતકાર, સંપાદક અને રાજકારણી પણ હતા

દેશભક્તિ થીમ આધારિત બોલીવુડમાં સૌથી વધુ ફિલ્મો નિર્માણ કરનાર મનોજકુમારનુ આજરોજ મુંબઈ ખાતે દુઃખદ અવસાન થયેલ છે. ૮૭ વર્ષના મનોજકુમાર છેલ્લા અઢી દાયકાથી બોલિવૂડથી દૂર હતા, નાદુરસ્ત તબિયત હોવા છતાં પણ તેઓ વીલ ચેરમાં અમુક કાર્યક્રમોમાં નજરે પડતાં હતા. તેમના નિધનથી બોલીવુડમાં ઘેરા શોકની લાગણી પ્રવર્તી છે. તેમની સાથે કામ કરેલ કલાકારોએ આજે તેમના સંસ્મરણો યાદ કરીને તેમને શ્રદ્ધાંજલિ આપી હતી. બોલીવુડમાં ઘણા ફિલ્મ કલાકારો આવ્યાને ગયા પણ અમુક કલાકારોએ પોતાના અભિનયની તાકાત વડે દર્શકોને દિલો પર રાજ કર્યું હતુ. બ્લેક વ્હાઈટથી કલર ફિલ્મોના બંને દોરમાં અને પોતાની દેશભકિતની થીમ આધારિત ફિલ્મોને કારણે મનોજ કુમાર બોલીવુડના ભારત કુમાર બની ગયા હતા. તેઓ કલાકાર, નિર્માતા, નિર્દેશક, લેખક જેવી વિવિધ બાબતોના નિષ્ણાંત હોવાથી તેમની પોતાની ફિલ્મ નિર્માણ કરતા હતા. દેશભક્તિની સૌથી વધુ ફિલ્મો આપનાર મનોજ કુમાર બોલીવુડમાં એકમાત્ર કલાકાર છે. ઉપકાર ફિલ્મ તેમની બહુ જ સફળ રહી હતી. શિરડી સાંઈબાબાના ભક્ત મનોજ કુમારે બાબાની પણ ફિલ્મ નિર્માણ કરી હતી. તેઓ દર વર્ષે તેઓ શિરડી મંદિરે દર્શન માટે અવશ્ય જતા હતા.



મનોજ કુમારનું મૂળ નામ હરિકિશનગિરી ગૌસ્વામી હતું. તેમનો જન્મ ૨૪ જુલાઈ ૧૯૩૭ ના રોજ અબોટાબાદમાં થયો હતો. લગભગ ચાર દાયકા સુધી તેમની કારકિર્દી બોલીવુડમાં રહી હતી. હાલ તેઓ નિવૃત જીવન ગાળી રહ્યા હતા. તેઓ નાના હતા ત્યારે દિલિપકુમાર, અશોકકુમાર અને કામિની કૌશલને આઈડોલ ગણતા હતા. શબનમ ફિલ્મમાં દિલીપ કુમારનું નામ મનોજ હતું જેના ઉપરથી તેમણે પોતાનું નામ મનોજ કુમાર રાખ્યું હતું. માત્ર ૨૦ વર્ષની વયે ૧૯૫૭ માં ફેશન ફિલ્મથી અભિનય યાત્રા શરૂ કરનાર મનોજ કુમારે ૧૯૬૦ માં અભિનેત્રી સઈદાખાનની સાથે 'કાંચ કી ગુડિયા' ફિલ્મમાં હિરો તરીકે ફિલ્મી શરૂઆત કરી હતી.

### મનોજ કુમારની દેશભક્તિની ફિલ્મો


- શહિદ
- ઉપકાર
- પૂરબ ઔર પશ્ચિમ
- રોટી કપડાં ઔર મકાન
- ક્રાંતિ
- મેદાન – એ– જંગ
- જય હિન્દ

૧૯૬૦ બાદ મનોજ કુમારનો સિતારો ચમકી ગયો હતો. વિજય ભટ્ટ, રાજખોસલા જેવા નિર્માતાની સુપર ડુપર હિટ ફિલ્મો કરી, જેમાં પિયા મિલન કી આસ, રેશ્મી રૂમાલ, હરિયાલી ઔર રાસ્તા, વો કૌન થી, હિમાલય કી ગોદ મેં, દો બદન જેવી ઘણી સફળ ફિલ્મો કરીને સફળ અભિનેતા બની ગયા હતાં ૧૯૬૫ માં તેમણે ક્રાંતિકારી ભગતસિંહના જીવન પર આધારિત 'શહિદ' ફિલ્મમાં અભિનય કર્યો જે દર્શકોએ ખૂબ જ વખાણ્યો હતો. આ ગાળામાં ભારત-પાક યુધ્ધ પછી વડાપ્રધાન લાલ બહાદુર શાસ્ત્રીએ લોકપ્રિય સૂત્ર 'જય જવાન જય કિસાન' આધારિત ફિલ્મ બનાવવાનું તેમણે મનોજ કુમાર કહેલું. બે વર્ષ બાદ ૧૯૬૭ માં ઉપકાર ફિલ્મ બનાવી જે સમગ્ર દેશમાં ખૂબ જ સફળ રહી હતી.

૧૯૬૦ના દાયકામાં હનીમુન, અપના બના કે દેખો, નકલી નવાબ, પથ્થર કે સનમ, સાજન, સાવન કી ઘટા જેવી રોમેન્ટિક ફિલ્મો અને શાદી, ગૃહસ્તી, અપને હુએ પરાયે, આદમી જેવી સામાજીક ફિલ્મોમાં અભિનય આપ્યો હતો. ગુમનામ અનિતા, વહ કૌનથી જેવી સસ્પેન્સ-થ્રીલર ફિલ્મમાં પણ કામ કર્યું હતું. હિરો તરીકે તેના એક્શન-સ્ટાઈલ અનોખી હોવાથી તે સદાબહાર ચોકલેટી હિરો હતા. તેની ફિલ્મોના સુંદર ગીતો આજે પણ લોકો ગાય છે, સાંભળે છે. ઉપકાર ફિલ્મ બોલીવુડની પ્રથમ બ્લોક બસ્ટર ફિલ્મ હતી જેને શ્રેષ્ઠ ફિલ્મનો એવોર્ડ મળ્યો હતો.

ઉપકાર બાદ ત્રણ વર્ષે ૧૯૭૦ માં ફરી દેશભક્તિના થીમ આધારિત 'પૂરબ ઔર પશ્ચિમ' ફિલ્મ બનાવી જેમાં વિદેશી કલ્ચર અને ભારતીય સંસ્કૃતિની અનેરી ઝલક જોવા મળી હતી. આ ગાળામાં પહેચાન ફિલ્મમાં તેમણે બબીતા સાથે અભિનય કર્યો હતો. ૧૯૭૦ ના પ્રારંભિક ગાળાથી સફળ ફિલ્મો આપનાર મનોજ કુમાર દર બે વર્ષે એક શ્રેષ્ઠ ફિલ્મ દર્શકો માટે લાવવા લાગ્યા હતા. જેમાં ૧૯૭૨ માં 'બેઈમાન' ફિલ્મ જેમાં તેને શ્રેષ્ઠ અભિનેતાનો એવોર્ડ મળ્યો હતો. આ વર્ષે જ 'શોર' ફિલ્મમાં નંદા સાથે શ્રેષ્ઠ અભિનયથી ફિલ્મને બોક્સ ઓફિસ પર મોટી સફળતા અપાવી હતી. આ ફિલ્મનું ગીત 'એક પ્યાર કા નગમા હૈ' આજે પણ એટલું જ લોકપ્રિય છે.

અભિનેત્રી કામિની કૌશલને તેઓ બહુ આદર આપતા હતા તેથી તેની લગભગ દરેક ફિલ્મ તેની મા નું પાત્ર તેઓ જ કરતા હતા. પ્રેમનાથ, પ્રાણ, પ્રેમ ચોપરા, હેમા માલીની સાથે તેઓને કામ કરવાનું બહુ જ પસંદ પડતું હતું. મનોજ કુમારના અંગત મિત્રોમાં મુકેશ, રાજકપૂર, મહેન્દ્ર કપૂર, ધર્મેન્દ્ર, રાજેન્દ્ર કુમાર, શશી કપૂર અને રાજેશ ખન્નાનો સમાવેશ થાય છે. ૧૯૭૦ ના દાયકામાં ત્રણ હિટ ફિલ્મોમાં અભિનય કર્યો જેમાં 'રોટી કપડા ઔર મકાન' ૧૯૭૪ ની ફિલ્મ એક સામાજીક સ્ટોરી હતી. ધાર્મિક વિષય આધારિત ફિલ્મ 'સન્યાસી' ૧૯૭૫ માં અને ૧૯૭૬ માં 'દશ નંબરી' ફિલ્મ આવી હતી.



૧૯૮૧ માં તેમના આદર્શ એવા દિલીપ કુમાર સાથે ફિલ્મ 'ક્રાંતિ' બનાવી જે ભારતની સ્વતંત્રતા માટેના સંઘર્ષની ફિલ્મ હતી. આ ફિલ્મ મનોજ કુમારની નોંધપાત્ર છેલ્લી સફળ ફિલ્મ રહી જો કે બાદમાં તેણે કલયુગ ઔર રામાયણ, ૧૮૮૯ માં કલર્ક પણ નિર્માણ કરી હતી. ૧૯૯૫ માં આવેલી મેદાન એ જંગ, ૧૯૯૯ માં પુત્ર કૃણાલની ફિલ્મ 'જય હિન્દ'નું નિર્દેશન પણ કર્યું હતું. ૪૦ વર્ષની લાંબીયાત્રાનું ૧૯૯૯ માં ફિલ્મફેર લાઈફ અચીવમેન્ટ એવોર્ડ દ્વારા સન્માન કરાયું હતું. બધા કલાકારોની જેમ તેઓ નિવૃત્તિ પછી રાજકારણમાં પ્રવેશતા ૨૦૦૪ માં ભાજપમાં જોડાયા હતા.

મનોજ કુમારના પત્ની શશી ગૌસ્વામી એક સારા લેખિકા છે. બે પુત્રોમાં વિશાલ ગાયક તરીકે અને કુણાલે અભિનેતા તરીકે કારકિર્દી શરૂ કરી હતી, જોકે તેઓ બહુ ચાલ્યા ન હતા. તેમની ફિલ્મ ઉપકારને ઘણા એવોર્ડ મળ્યા હતા, આ ઉપરાંત શોર, બેઈમાન, રોટી કપડાં ઔર મકાન, સન્યાસી ફિલ્મને એવોર્ડ મળ્યો હતો. તેમની દેશભક્તિની ફિલ્મો માટે તેઓને હમેંશા યાદ કરાય છે. પ્રાણ જેવા વિલનને ઉપકાર ફિલ્મમાં ચરિત્ર રોલ આપીને તેમની એક નવી ઈમેજ ઉભી કરી હતી. બધાનો વિરોધ અને પ્રાણની પણ ઈચ્છા ન હોવા છતા 'કસમે વાદે પ્યાર વફા સબ' ગીત તેમના પર ફિલ્માંકન કર્યું હતું જે, બાદમાં ખૂબ જ હિટ નિવડતા બધાએ મનોજ કુમારના આ નિર્ણયની પ્રશંસા કરી હતી.

### હરિકિશનમાંથી મનોજ કુમાર કેમ બન્યાં ?

મનોજ કુમારને નાનપણથી દિલીપ કુમાર બહુ જ પસંદ હતા. તેથી તેની ફિલ્મ શબનમમાં તેમનું નામ મનોજ હોવાથી મનોજ કુમારે પોતાનું નામ ફેરવી નાખ્યું હતું. તેમનું મૂળ નામ હરિકિશનગિરી ગૌસ્વામી હતું જે બાદમાં ફિલ્મ જગતમાં મનોજ કુમારથી જાણિતા થઈ ગયા હતા. અશોક કુમાર અને કામિની કૌશલ પણ તેમના આઈકોન હતા, તેથી જ તેમની લગભગ બધી ફિલ્મમાં મા ના પાત્રમાં કામિની કૌશલ જ જોવા મળતા હતા. ૧૯૬૦ માં સઈદાખાન સાથે પ્રથમ ફિલ્મ 'કાંચ કી ગુડિયા'માં હિરો તરીકે ચમક્યા હતા. જો કે આ અગાઉ ૧૯૫૭ માં 'ફેશન' ફિલ્મમાં નાનકડી ભૂમિકાથી અભિનયની શરૂઆત કરી હતી.

### નોલેજ કોર્નર



ડો.અરૂણ દવે
મો.૯૮૨૫૦૭૮૦૦૦

## મનોજ કુમારનો 'શહીદ' ફિલ્મનો અભિનય દર્શકોએ ખૂબ જ પસંદ કર્યો હતોઃ માત્ર ૨૦ વર્ષની વયે 'ફેશન' ફિલ્મથી અભિનય યાત્રા શરૂ કરી હતી : તેઓ નાના હતા ત્યારે દિલિપકુમાર, અશોકકુમાર અને કામિની કૌશલને આઈડોલ ગણતા હતા

## બોલીવુડમાં બહુમુખી અભિનય માટે જાણિતા અભિનેતાએ ઉપકાર, પુરબ ઔર પશ્ચિમ, રોટી કપડાં ઔર મકાન, ક્રાંતિ અને નીલકમલ જેવી ઘણી ફિલ્મોમાં સફળ અભિનય કર્યો હતોઃ ૧૯૯૨માં પદ્મશ્રી એવોર્ડ અને ૨૦૧૫માં દાદા સાહેબ ફાળકે એવોર્ડ મળ્યો હતો

# વાંકાનેરઃ હરીચરણદાસજીની જન્મજયંતિ ધામેધૂમે ઉજવાય

## ગોંડલ રામજી મંદિરના મહંતની જયરામદાસજી મહારાજના આશિર્વાદ સાથે શિષ્ય પરિવારો ઉમટ્યાં



**અબતક**
**લિતેશ ચંદારાણા, વાંકાનેર**

વાંકાનેર-રાજકોટ ખાતે આવેલ સદ્‌ગુરૂ આનંદ આશ્રમ ખાતે સદ્‌ગુરૂ હરીચરણદાસજી મહારાજની ૧૦૩મી જન્મ જયંતિ ધર્મમય અને સદ્‌ગુરૂદેવને પ્રિય એવા કાર્યક્રમો સાથે ધામધૂમે ઉજવણી કરાઈ હતી. કાર્યક્રમના પ્રારંભે સદ્‌ગુરૂદેવના પાદુકા ઉપસ્થિત શિષ્ય પરિવારો દ્વારા કરવામાં આવેલ હતું. ત્યારબાદ વાંકાનેરનું પ્રખ્યાત નિઃશુલ્ક સેવા આપતું હરીભાઈ પંડ્યા દ્વારા સંગીતમય રામધુન તથા સુંદર કાંડના પાઠ ચાલુ રહી તે દરમ્યાન ધર્મમય દિવ્ય વાતાવરણમાં સર્વે ભક્તજનો તરબોળ થયા હતા. ત્યારબાદ સાંજે ૭:૩૦ કલાકે મહાઆરતી યોજાઈ આરતીબાદ ઉપસ્થિત સર્વે સદ્‌ગુરૂ શિષ્ય પરિવારો માટે મહાપ્રસાદ શરૂ થયેલ જે રાત્રિના ૯.૩૦ કલાક સુધી ચાલું રહેલ હતો. મોટી સંખ્યામાં સદ્‌ગુરૂ શિષ્ય પરિવારો ગુરૂદેવના જન્મદિવસની ઉજવણીમાં લાભ લઈ ધન્યતા અનુભવી હતી.

# રાજ્યમાં આજથી ૩૧ મે સુધી "કેચ ધ રેઈન" અભિયાન યોજાશે


## મહેસાણાના દવાડાથી સુજલામ સુફલામ જળ અભિયાનનો આરંભ કરાવતા મુખ્યમંત્રી

**અબતક, રાજકોટ**

રાજ્યભરમાં આજથી આગામી ૩૧ મે સુધી "કેચ ધ રેઈન" સુજલામ સુફલામ જળ અભિયાન યોજાશે.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ આજે સવારે મહેસાણા જિલ્લાના દવાડા ગામથી કેચ ધ રેઈન સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦નો રાજ્યવ્યાપી શુભારંભ કરાવ્યો હતો. રાજ્ય સરકારે ભૂગર્ભ જળ સ્તર ઊંચા લાવવા, જળસંગ્રહ ક્ષમતા વધારવા માટે વર્ષ ૨૦૧૮થી સુજલામ સુફલામ જળ અભિયાનનું જનઆંદોલન ઉપાડ્યું છે.

આ વર્ષે ૩૧મી મે સુધી યોજાનારા આ કેચ ધ રેઈન સુજલામ સુફલામ જળ અભિયાન ૨.૦ના શુભારંભ અવસરે આરોગ્ય મંત્રી ઋષિકેશભાઈ પટેલ, જળ સંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી કુંવરજીભાઈ બાવળીયા, રાજ્ય મંત્રી મુકેશભાઈ પટેલ, સાંસદ સર્વ હરીભાઈ પટેલ, મયંકભાઈ નાયક, મહેસાણાના ધારાસભ્ય મુકેશભાઈ પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ તૃષાબેન પટેલ, નર્મદા, જળ સંપત્તિ અને પાણી પુરવઠા સચિવ પી.સી. વ્યાસ સહિતના અધિકારીઓ - પદાધિકારીઓ ઉપસ્થિત રહેશે.



### કાર્યક્રમોની યાદી

અબ તક CHANNEL

**તારીખ ૦૪-૦૪-૨૦૨૫ શુક્રવાર**
૧૨:૦૦ થી ૦૨:૦૦ ગુજરાતી મુવી (વિઠ્ઠલ ટીડી)
૦૨:૦૦ થી ૦૩:૦૦ મોટિવેશન સ્પીચ (સંજય રાવલ)
૦૩:૦૦ થી ૦૩:૩૦ રસથાળ (ચીઝ વડાપાઉં)
૦૩:૩૦ થી ૦૪:૦૦ આયુર્વેદઃઆજે નહીં તો કયારે
૦૪:૦૦ થી ૦૪:૩૦ ચાય પે ચર્ચા (wehearની બોન કંડકસન)
૦૪:૩૦ થી ૦૫:૦૦ સૌરાષ્ટ્રની રસધાર
૦૫:૦૦ થી ૦૭:૦૦ ગુજરાતી નાટક (ગુજ્જુભાઈ બન્યા દબંગ)
૦૭:૦૦ થી ૦૭:૩૦ સ્ટેંડપ કોમેડી
૦૭:૩૦ થી ૦૮:૦૦ મનુ મોજીલો
૦૮:૦૦ થી ૦૯:૦૦ ચાલને જીવી લઈએ
૦૯:૦૦ થી ૧૨:૦૦ કલાકુંભ
**તારીખ ૦૫-૦૪-૨૦૨૫ શનિવાર**
૦૭:૦૦ થી ૧૦:૦૦ ભાગવત કથા (પૂ.દિપાલી દીદી)
૧૦:૦૦ થી ૧૧:૦૦ ગીત ગુંજાવલી
૧૧:૦૦ થી ૧૧:૩૦ રસથાળ
૧૧:૩૦ થી ૧૨:૦૦ મોટીવેશનલ સ્પીચ

### અબતક પંચાગ

**તા.૫-૪-૨૦૨૫ શનીવાર**

| | |
|---|---|
| **વિક્રમ સંવત** | ૨૦૮૧ **શાલીવાહન શકિ**: ૧૯૪૬ |
| **ખ્રિસ્તી સંવત** | ૨૦૨૫ |
| **તિથી** | ચૈત્રશુદ આઠમ દુર્ગાષ્ટમી |
| **નક્ષત્ર** | પૂનર્વસુ |
| **યોગ** | અતિગંડ **કરણઃ** વિષ્ટિ |
| **સુર્યોદય** | ૬.૩૭ **સુર્યાસ્તઃ** ૭.૦૩ |
| **ચંદ્ર રાશી** | મિથુન રાત્રે ૧૧.૨૭થી કર્ક |
| **રાશિ અક્ષર** | ક.છ.ઘ/ડ.હ |
| **દિશાશૂળ** | પૂર્વ દિશા તરફ |
| **રાહુકાળ** | સવારે ૯ થી ૧૦.૩૦ |
| **દિવસનાચોઘડીયા** | કાળ,શુભ,રોગ,ઉદવેગ,ચલ,લાભ,અમૃત,કાળ |
| **રાત્રીનાચોઘડીયા** | લાભ,ઉદવેગ,શુભ,અમૃત,ચલ,રોગ,કાળ,લાભ |
| **અભિજીત મુહૂર્ત** | બપોરે ૧૨.૨૭ થી ૧.૧૬ |

શાસ્ત્રી રાજદીપ ડી. જોષી - ૯૯૨૫૬ ૧૧૯૭૭

### સૂડોકુ -૧૨૨

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | | | | ૨ | | | ૪ |
| ૯ | | | | ૭ | ૧ | | | ૨ |
| ૩ | ૬ | | | | | ૫ | ૭ | |
| | | | | | | ૭ | | |
| | ૪ | ૯ | | | | | | |
| | | ૫ | | ૮ | | | | |
| ૮ | ૩ | | | ૧ | | | ૫ | ૬ |
| | | | | ૫ | | ૮ | | |
| | | | | | ૯ | | | |

આપેલા ચોરસમાં ખૂટતા અંકો ભરો કે દરેક કોલમ દરેક હરોળ અને 3x3 ના બોક્સમાં ૧ થી ૯ સુધીના આંકડા આવે. આપેલા આંકડાઓનો તમે સ્થાન ફેર કરી શકશો નહિ. અહીં આપેલા અંકો સિવાયના ખૂટતા અંકો મેળવો.

### સૂડોકુ-૧૨૧ ઉકેલ

| | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|
| ૩ | ૮ | ૫ | ૭ | ૧ | ૯ | ૪ | ૬ | ૨ |
| ૪ | ૬ | ૯ | ૮ | ૫ | ૨ | ૩ | ૧ | ૭ |
| ૧ | ૨ | ૭ | ૪ | ૩ | ૬ | ૮ | ૯ | ૫ |
| ૮ | ૫ | ૩ | ૨ | ૯ | ૪ | ૧ | ૭ | ૬ |
| ૭ | ૯ | ૪ | ૧ | ૬ | ૫ | ૨ | ૮ | ૩ |
| ૨ | ૧ | ૬ | ૩ | ૮ | ૭ | ૯ | ૫ | ૪ |
| ૫ | ૪ | ૮ | ૬ | ૨ | ૧ | ૭ | ૩ | ૯ |
| ૬ | ૩ | ૨ | ૯ | ૭ | ૮ | ૫ | ૪ | ૧ |
| ૯ | ૭ | ૧ | ૫ | ૪ | ૩ | ૬ | ૨ | ૮ |

### આવતીકાલનું રાશિફળ

**તા.૫.૪.૨૦૨૫, શનિવાર, સંવંત ૨૦૮૧, ચૈત્ર સુદ આઠમ, દુર્ગાષ્ટમી, પુનર્વસુ નક્ષત્ર, અતિ, યોગ, વિષ્ટિ કરણ, આજે રાત્રે ૧૧.૨૪ સુધી જન્મેલાંની ચંદ્રરાશિ મિથુન (ક,છ,ઘ) ત્યારબાદ કર્ક (ડ,હ) રહેશે**

**મેષ (અ,લ,ઈ)** : તમારા રસ-રૂચિમાં આગળ વધી શકો, રચનાત્મક પ્રવૃત્તિ કરી શકો, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**વૃષભ (બ,વ,ઉ)** : પરિવાર માટે વિચારવાનો સમય મળે, સામાજિક કૌટિમ્બિક કાર્ય કરી શકો, દિવસ પ્રગતિકારક રહે.
**મિથુન (ક,છ,ઘ)** : તમારા વ્યક્તિત્વને નિખાર આપી શકો, અંગત વ્યક્તિઓ સાથે મતભેદ નિવારી શકો, આનંદ દાયક દિવસ.
**કર્ક (ડ,હ)** : માનસિક વ્યગ્રતાનો અનુભવ થાય, નેગેટિવ વિચારો ટાળવા સલાહ છે, દિવસ એકંદરે સારો રહે.
**સિંહ (મ,ટ)** : નજીકના સ્થળોએ જવા આવવાનું થાય, નવા લોકો સાથે મળવાનું બને, આગળ વધવાની તક પ્રાપ્ત થાય.
**કન્યા (પ,ઠ,ણ)** : કામકાજ સારી રીતે પૂર્ણ કરી શકો, પરિવાર સાથે સમય વિતાવી શકો, આનંદ માણી શકો, શુભ દિન.
**તુલા (ર,ત)** : લાંબા સમયથી અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો, તમારા કાર્ય માં ઈશ્વરી સહાય પ્રાપ્ત થાય, કામમાં સફળતા મળે.
**વૃશ્ચિક (ન,ય)** : જીવનમાં પરિવર્તનની શરૂઆત થતી જોવા મળે, મનોમંથન કરી શકો, પોઝિટિવ વિચારોથી લાભ થાય.
**ધન (ધ,ભ,ફ,ઢ)** : જુના પ્રશ્નોનો હલ કરી શકો, તમારા અંદરૂની મામલા નિપટાવી શકો, દિવસ સફળ રહે.
**મકર (ખ,જ)** : વિશ્વાસપાત્ર વ્યક્તિ સાથે સમય વિતાવવો, કુસંગત અને વ્યસનથી દૂર રહેવા સલાહ છે, વાણીમાં સંયમ રાખવો.
**કુંભ (ગ,સ,શ)** : વિદેશ જવા ઈચ્છતા મિત્રોને સારું રહે, વિદ્યાર્થીવર્ગને સારું રહે, ઉચ્ચ અભ્યાસમાં સારું કામ કરી શકો.
**મીન (દ,ચ,ઝ,થ)** : શત્રુઓ પર વિજય મેળવી શકો, કોર્ટ કચેરીમાં રાહત મળે, અટકેલા કાર્ય પૂર્ણ કરી શકો.

### મકર રાશિના મિત્રોને ૨૯માર્ચથી સાડા સાતીપનોતી પૂર્ણ થઈ છે

મકર રાશિના મિત્રો માટે સારા સમાચારએ છે કે તેમને ૨૯ માર્ચથી શનિ મહારાજ મીનમાં જવા સાથે સાડા સાતી પનોતી પૂર્ણ થઈ છે અને ટૂંક સમયમાં જ ગ્રહણ અને છ ગ્રહોની યુતિની અસર પણ પૂર્ણ થશે જેથી મે માસથી તેઓ તેમની મહેનત પ્રમાણે ફળ પ્રાપ્ત કરી શકશે. છેલ્લા ઘણા સમયથી મકર રાશિ તકલીફ ભોગવી રહી હતી. મકર રાશિ ઉદ્યમી રાશિ છે અને સખત મહેનત કરી સમયની રાહ જુએ છે તેમના માટે એક દિલખુશ કરે એવું મકાનએ સ્વપન હોય છે. મકર રાશિના સ્વામી શનિ મહારાજ છે જે મહેનતનો જ રૂપિયો લેવામાં માને છે માટે મકર રાશિને શોર્ટ કટ સદતા નથી તેઓએ તેમના વ્યવસાયમાં મહેનતથી આગળ આવવાનો અભિગમ રાખવો જોઈએ જોકે મકર રાશિના જાતકો જાહેરજીવનમાં સારું કરી શકતા હોય છે વળી બાંધકામ અને તેને લાગણી બાબતો લોખંડ વિગેરેમાં તેઓ સારું કામ કરી શકે છે તથા જાહેરજીવન અને રાજનીતિ વિષે સાચી સલાહ પણ આપી શકે છે તેઓમાં એક સારી બાબત એ હોય છે કે તેઓ સમયને પારખી શકે છે અને ક્યાં સમયે શું કરવું જોઈએ તેનું અનુમાન લગાવી શકે છે તેઓ ધીરજથી કામ કરતા હોય છે અને યોગ્ય સમયે પરિણામ આવશે એ જાણતા પણ હોય છે, તેઓમાં ક્યારેક કામના ભારણને કારણે લાગણીમાં ઓછું ધ્યાન પડતું જોવા મળે છે.મંગળ આ રાશિમાં ઉચ્ચના થતા હોય તેમને સક્રિય રહેવું અને કામ કરવું ગમે છે.



જ્યોતિષાચાર્ય
રોહિત જીવાણી-૭૯૯૦૫૦૦૨૮૨

તંત્રી લેખ

# સરકારના જમાઈ બની કામ કરનારા અધિકારી-કર્મચારી શાનમાં સમજી જાય!!

સરકારી કચેરીમાં આવતા લોકોના કામો કરવામાં બેદરકારી કરનારા સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ સામે અંતે રાજ્ય સરકારે લાલ આંખ કરી છે. મુખ્યમંત્રીએ સરકારી ઓફિસે આવતા લોકોને હાલાકી ભોગવવી ન પડે તે પ્રમાણે કામગીરી કરવાની સ્પષ્ટ તાકીદ કરી છે. લાલીયાવાડી ચલાવી લેવામાં આવશે નહીં તેવો સંદેશો આપી દેવામાં આવ્યો છે.

અરજદારોની અરજીનો સત્વરે નિકાલ થાય અને પડતર અરજીઓ ઘટે તે દિશામાં પ્રયાસો હાથ ધરવા સૂચના આપવામાં આવી છે.સરકારના જમાઈની માફક કામ કરી રહેલા અધિકારીઓ અને કર્મચારીઓ માટે આ સુધારી જવાનો અંતિમ સંદેશ છે.હવે પગાર મુજબ કામ કરી લોકોના પ્રશ્નો વાચા આપવી જ પડશે.લાંબા સમય સુધી અરજી પડતર રાખતા અધિકારી-કર્મચારીઓનું તો હવે આવી જ બનશે.રાજ્યમાં અધિકારી રાજ પોતાનું સામ્રાજ્ય ફેલાવી રહ્યું હોય તેવી અનેક ફરિયાદો ઉઠતા કેબિનેટ બેઠકમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જનહિતલક્ષી મહત્વની સૂચના આપવી પડી છે.જેના પરથી જ સમગ્ર ઘટનાની ગંભીરતા સમજી શકાય છે.રાજ્યની તમામ સરકારી કચેરીઓ કે સંસ્થાઓમાં આવતા લોકો અને અરજદારોને ભારે હાલાકી ભોગવવી પડે છે.નિયત સમયમાં કોઈ જ કામગીરી હાથ ધરવામાં આવતી નથી.

અરજદારોની અરજીનો ઝડપી નિકાલ આવે અને લાંબા સમયથી પડતર રહેતી અરજીઓની પેન્ડેન્સી ઘટે તે માટેના પ્રયાસો હાથ ધરવાની સૂચના મુખ્યમંત્રીએ કેબિનેટ બેઠકમાં આપી છે.

રાજ્યના જન સંપર્ક કાર્યાલય, જિલ્લા તેમજ તાલુકા પંચાયત, આરોગ્ય કચેરીઓ, શૈક્ષણિક સંસ્થાઓમાં આવતા અરજદારો કે સર્વિસ મેળવવા માટે આવતા લોકોની સમસ્યા અને ફરિયાદનું સત્વરે નિકાલ થાય તેવા પ્રયાસો હાથ ધરવા કહેવામાં આવ્યું છે.

લાંબા સમય સુધી અરજી નો નિકાલ ન કરતા અધિકારી-કર્મચારી સામે કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી પણ સૂચના આપવામાં આવી છે.

# ગાંધીધામ: સરહદ ડેરીનું વિક્રમજનક રૂ.૧૨૦૦ કરોડનું ટર્નઓવર: ચેરમેન વલમજી હુંબલ

## સરહદ ડેરી દ્વારા ગત વર્ષની સરખામણીમાં વર્ષ ૨૦૨૪-૨૫માં ટર્નઓવરમાં ૯.૦૯% ટકાનો વધારો નોંધાયો




**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છ જિલ્લાની પશુપાલકોની જીવાદોરી અને નિયમિત આવકનો પર્યાય બની ચૂકેલ જિલ્લાની સૌથી મોટી સહકારી સંસ્થા કચ્છ જિલ્લા સહકારી દુધ ઉત્પાદક સંઘ લી. સરહદ ડેરી દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ ની તુલનામાં વર્ષ ૨૦૨૪-૨૫ના ટર્ન ઓવરમાં ૯.૦૯%નો વધારો થયો છે. તેમજ દૂધ સંપાદનમાં ગત વર્ષની તુલનામાં ૮.૭૧% નો વધારો થયો છે.

સરહદ ડેરી દ્વારા વર્ષ ૨૦૨૩-૨૪ ના નાણાકીય વર્ષમાં દૈનિક ૪,૪૨,૯૦૧ લી. પ્રતિદિન દૂધ ઉત્પાદન સાથે ટર્નઓવર ૧૧૦૦ કરોડ થયેલ હતું જે વર્ષ ૨૦૨૪-૨૫ માં દૈનિક ૪,૮૧,૪૭૧ લિટર દૂધ અને ૧૨૦૦ કરોડ (પ્રો) રૂપિયાનું વાર્ષિક ઊથલો નોંધાવેલ છે. જે ગત નાણાકીય વર્ષની તુલનામાં ઊથલામાં ૯.૦૯% નો વધારો તેમજ દૂધ સંપાદનમાં ૮.૭૧% નો વધારો દર્શાવે છે. આ પ્રકારે વિક્રમજનક ઐતિહાસિક ટર્નઓવર નોંધાયું છે તથા મહત્તમ દૂધ સંપાદન ૫ લાખ ૬૧ હજાર થયેલ છે જે કચ્છ ના પશુપાલકો માટે નવો જ કીર્તિમાન છે.

અત્રે ઉલ્લેખનીય છે કે ઊંટડીના દૂધમાં પણ ચાલુ વર્ષે દૈનિક ૪૭૫૪ લિટર પ્રતિ દિન જેટલું ઊંટડીના દૂધનું ઉત્પાદન થયેલ છે તથા ૯ કરોડ રૂ. વર્ષ દરમિયાન ઊંટપાલકોને ચૂકવેલ છે. જે પુરવાર કરે છે કે ઊંટપાલકોના જીવનધોરણનું ઊંચું લઈ જવામાં સરહદ ડેરી મહત્વનો ભાગ ભજવી રહી છે.

કોઈ પણ એક જીલ્લા માં ઊંટપાલકો ને વર્ષ દરમિયાન ૯ કરોડ રૂ. ચુકવ્યા હોય તેવી દેશની પ્રથમ ઘટના છે જે સરહદ ડેરી ના કારણે શક્ય બન્યું છે.

આઈસ્ક્રીમ પ્લાન્ટ વિષે વાત કરીએ તો માત્ર ૧ વર્ષ ના ટૂંકા સમયગાળા માં ૫૦ વેરાયટી નું ઉત્પાદન કરવામાં આવ્યું છે ૫૮૦૦૦ લિટર મહત્તમ ડિસપેચ કરેલ જે કચ્છ જીલ્લા માં સૌથી વધારે છે જે કચ્છ ના એક માત્ર અમૂલ આઈસ્ક્રીમ પ્લાન્ટ નું ૧૦૦% વપરાશ દર્શાવે છે. ચાલુ વર્ષે ૧૦૦ થી વધુ વેરાયટી બનાવવાનું લક્ષ્યાંક છે. દૂધ પ્લાન્ટ વિષે વાત કરીએ તો વર્ષ દરમિયાન ૫ નવી દૂધની આઈટમ લોન્ચ કરવામાં આવી હતી. તથા ગત વર્ષની સરખામણીએ દૂધ તથા દૂધ વેચાણ ની વસ્તુઓમાં ૧૬% નો વધારો જોવા મળેલ છે. જે અમૂલ પ્રોડક્ટ તથા સરહદ ડેરીના પ્લાન્ટ નો મહત્તમ વપરાશ દર્શાવે છે.

આ વિક્રમજનક ઐતિહાસિક ટર્નઓવર માટે વલમજીભાઈ હુંબલે તમામ પશુપાલકો, મંડળી ના પ્રમુખ/મંત્રી/સંચાલકો, ડાયરેક્ટર ઓ, સાંસદસભ્ય વિનોદભાઈ ચાવડા, કચ્છ ભાજપ પ્રમુખ દેવજીભાઈ વરચંદ, તમામ ધારાસભ્યઓ, સંગઠનના પદાધિકારીઓ, અમૂલ ફેડરેશન, અધિકારીઓ, કર્મચારીઓ, ગુજરાત સરકાર તેમજ કેન્દ્ર સરકારનો આભાર માન્યો હતો અને ભવિષ્ય માં આવો જ વિકાસરૂપી સહકાર મળતો રહે તેવો વિશ્વાસ વ્યક્ત કર્યો હતો

# શાપુરમાં જવાહર વિનય મંદિર શાળામાં ‘એક મંચ અનેક રંગ’ શૈક્ષણિક કાર્યક્રમ યોજાયો



**અબ તક ,ચિરાગ રાજ્યગુરુ જૂનાગઢ,**

શાપુરમાં આવેલ જવાહર વિનય મંદિર શાળામાં તાજેતરમાં એક મંચ અનેક રંગ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બાળકોનો સર્વાંગી વિકાસ થાય તે હેતુથી વાલીઓનો શિક્ષણ પ્રત્યે દ્રષ્ટિકોણ બદલે તે હેતુથી અનેકવિધ કાર્યક્રમો યોજાયા હતા.

તેમજ રાજ્ય સરકારના માર્ગદર્શન અનુસાર કાર્યરત અત્યાધુનિક કોમ્પ્યુટર લેબ, સાયન્સ લેબ, સ્ટેમ લેબ, રોબોટિક્સ લેબ, વિવિધ વિષયોના પ્રોજેક્ટ્સ, વાલી અને શિક્ષક પરિસંવાદ, પુસ્તક પ્રદર્શન સહિતના કાર્યક્રમો યોજાયા હતા.

આ ઉપરાંત રાજ્ય કક્ષાએ અને જિલ્લા કક્ષાએ સ્ટેમ ક્વિઝ, ખેલ મહાકુંભ, કલા મહાકુંભ જેવી વિવિધ સ્પર્ધાઓમાં વિજેતા અને ધોરણ ૧૦ અને ૧૨ ના તેજસ્વી વિદ્યાર્થીઓને શિલ્ડ અને પ્રમાણપત્ર આપીને સન્માનિત કરવામાં આવ્યા હતા. તેમજ નિવૃત્ત થઈ રહેલા શિક્ષક સહિતનાને વિદાયમાન આપવામાં આવ્યું હતું. તેમજ ગામ અને શાળાના વિકાસમાં મહત્વપૂર્ણ યોગદાન આપેલ દાતાઓનું સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમમાં મુખ્ય અતિથી તરીકે જિલ્લા શિક્ષણ અને તાલીમ ભવન જૂનાગઢમાંથી ભરતભાઈ નેસિયા હાજર રહ્યા હતા. સમગ્ર કાર્યક્રમને સફળ બનાવવા માટે ગામના સરપંચ, શાળાના આચાર્ય, શિક્ષક ગણ અને વિદ્યાર્થીઓનો સહયોગ પ્રાપ્ત થયો હતો.

# સુત્રાપાડામાં ધારાસભ્ય દ્વારા રૂ.૨૪.૫૦ લાખના કામોના લોકાર્પણ અને ખાતમુહુર્ત



**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

સુત્રાપાડા તાલુકા ના વિરોદર ગામમાં તાલાલા સુત્રાપાડા મત વિસ્તારના ધારાસભ્ય ભગવાનભાઈ બારડ પૂર્વ પ્રમુખ જિલ્લા પંચાયતના શૈલેન્દ્રસિંહ રાઠોડ સુત્રાપાડા તાલુકા ભાજપ પ્રમુખ પ્રતાપસિંહ બામણીયા પૂર્વ પ્રમુખ પ્રતાપસિંહ બારડ અમરાપુર તાલુકા પંચાયત સદસ્ય જશું ભાઈ સોલકી એ. ટી.ડી.ઓ. ચાવડા સરપંચ મનુભાઈ પૂર્વ સદસ્ય પંકજભાઈ તથા તલાટી મંત્રી ગ્રામ પંચાયત સદસ્ય ગામજનોની ઉપસ્થિતિમાં ચાણમુ મંદિર તરફ વોકર ઉપર નાલા પુલીયા કામ રૂ ૫૦૦૦૦૦/ સી સી રોડ કામ રૂ.૪.૫૦ લાખ કોમ્યુનિટી હોલ રૂ.૫૦૦૦૦૦/ પાઈપ લાઈન કામ રૂ.૫૦૦૦૦૦/ ખૂટતી ગ્રાન્ટ રૂ.૫૦૦૦૦૦/ ફાળવેલ છે.

ટોટલ ૨૪૫૦૦૦૦ના રૂપિયાના વિકાસ કામો ગ્રાન્ટ ફાળવેલ છે. ધારાસભ્ય ભગવાનભાઈ બારડે આ શ્રેષ્ઠ કામગીરી કરવા સૂચન કરે છે.

# સુરેન્દ્રનગર મનપાએ ૩ મહિનામાં ૫૦૦થી વધુ રખડતા ઢોર પકડ્યા

## ઢોર પકડવાની કામગીરી નિયમિત થાય તેવી લોકોએ માંગ ઉઠાવી



**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર અને વઢવાણ શહેરી વિસ્તારમાં મુખ્ય માર્ગો સહિતના બજાર વિસ્તારમાં રખડતા પશુઓ અડીંગો જમાવીને બેઠા હોવાથી અવાર-નવાર ટ્રાફિક જામના દ્રશ્યો સર્જાય છે તેમજ ક્યારેક રખડતા પશુઓની લડાઈને કારણે લોકોને અડફેટે લેવાના બનાવો પણ બની ચુક્યા છે ત્યારે રખડતા પશુઓને પકડવા અગાઉ પાલિકાના કાર્યકાળ દરમ્યાન અનેક વખત જાગૃત નાગરિકો સહિત સામાજીક સંસ્થાઓ દ્વારા રજુઆતો કરવામાં આવી હતી જેને ધ્યાને લઈ થોડો સમય ખાનગી એજન્સીને કામગીરી સોંપી રખડતા પશુઓને પકડવામાં આવ્યા હતા. પરંતુ ત્યારબાદ છેલ્લા ઘણા સમયથી પરિસ્થિતિ જેમની તેમજ જોવા મળી રહી છે અને શહેરના મેઈન રોડ, રતનપર, ૩૪ નંબર, રીવરફ્રન્ટ રોડ સહિતના રસ્તાઓ પર રખડતા પશુઓ નડતરરૂપ બેસેલી હાલતમાં નજરે પડે છે. ત્યારે તાજેતરમાં મહાનગરપાલિકા બન્યા બાદ સત્તાધીશો દ્વારા ગત તા. ૧ જાન્યુઆરીથી ૩૧ માર્ચ સુધીમાં મનપાની હદમાં આવતા વિસ્તારોમાંથી કુલ ૫૩૬ રખડતા પશુઓ ઝડપી પાડવામાં આવ્યા છે જે પૈકી ૧૮૦ જેટલા રખડતા પશુઓને અલગ-અલગ પાંજરાપોળમાં મોકલવામાં આવ્યા છે અને હાલ પણ જાહેર રસ્તાઓ પરથી રખડતા પશુઓને ઝડપી પાડવાની કામગીરી શરૂ હોવાનું બહાર આવ્યું છે. ત્યારે મનપા તંત્ર દ્વારા રખડતા પશુઓને પકડવાની કામગીરી નિયમીત શરૂ રાખવામાં આવે તેવી લોકો દ્વારા માંગ ઉઠવા પામી છે.

# રાજુલા: પ્રો. ડો.હાર્દિક જોશીની ઓરીસ્સામાં વિશ્વ સંસ્કૃત સંમેલન માટે પસંદગી

## આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાતનું પ્રતિનિધિત્વ કરવા બદલ બ્રહ્મસમાજે પાઠવી શુભેચ્છા




**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા ખાતેના કાતર ના રહિશ અને કાતર દરબાર દાદબાપુ વરૂના રાજ પુરોહિત અને બાબરા વિનયન અને વાણિજ્ય કોલેજ ના પ્રોફેસર ડો. હાર્દિક કુમાર ગીરજાશંકર જોષી ની ઓરીસ્સા ખાતેની વિશ્વ સંસ્કૃત સંમેલન માં ગુજરાત રાજ્ય માંથી પસંદગી થતાં સમગ્ર બ્રમ્હ સમાજ માં ગૌરવ ની લાગણી જન્મી છે.

જગન્નાથ પુરી, ઓરિસ્સા ખાતે વિશ્વ સંસ્કૃત સંમેલનનું આયોજન ‘‘લોક ભાષા પ્રચાર સમિતિ ભારત‘‘ દ્વારા થયેલ હતુ . જેમાં ત્રણ દિવસ સુધી વિશ્વહિત માટે સંસ્કૃતનું કર્તૃત્વ ,સંસ્કૃત ભાષા અને સાહિત્ય , સંસ્કૃત કવિ સંમેલન જેવા વિષયો પર આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગહન ચર્ચા થઈ હતી .

સંસ્કૃત વિષયમાં પ્રોફેસર તરીકે ફરજ બજાવતા ડો. હાર્દિક કુમાર જોષીને સમગ્ર ગુજરાત રાજ્યનાં પ્રતિનિધિ (રિસોર્સ પર્સન) તરીકે નિમંત્રણ પ્રાપ્ત થયું . જેમાં આંતરરાષ્ટ્રીય કક્ષાએ સમગ્ર ભારત દેશનું પ્રતિનિધિત્વ કરવાનો અવસર પ્રાપ્ત થયો હતો.

આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગુજરાત રાજ્યનું પ્રતિનિધિત્વ કરવા બદલ તેમને સમગ્ર અમરેલી જીલ્લા બ્રહ્મ સમાજ તેમજ તેમના મીત્ર સ્વજનો તરફ થી અભિનંદન સાથે શુભકામનાઓ પ્રાપ્ત થઈ રહી છે.

# પાલીતાણા: જાયન્ટસ ઈન્ટરનેશનલ ગ્રુપના નવનિયુકત સભ્યોએ કર્યા શપથગ્રહણ



**અબતક, અંકુર મહેતા, પાલીતાણા**

જનસેવા અને પારિવારીક ભાવના સાથે વિવિધ સેવાકીય પ્રવૃતિઓ કરતી સંસ્થા જાયન્ટ્સ ગ્રૂપ, પાલીતાણા ના વર્ષ ૨૦૨૫ ના પ્રમુખ તારીખે જનક જીવાણી, સેક્રેટરી ડો. આગમરાજસિંહ ગોહિલ તેમજ નવી કારોબારી અને ગ્રુપ સાથે નવા જોડાયેલ સભ્યોનો શપથગ્રહણ કાર્યક્રમ કપોળવાડી ખાતે યોજવામાં આવેલ હતો જેમાં મુખ્ય મહેમાન જા. રાજેશ દેસાઈ, સેન્ટ્રલ કમિટી મેમ્બર જાયન્ટ્સ ઈન્ટરનેશનલ, દીપ પ્રાગટ્ય જા. મુકેશ પાઠક, પ્રમુખ જા. ફેડરેશન ૩બી, મુખ્ય વક્તા બ્રહ્માકુમારી ગીતાદીદી, સંચાલિકા શિહોર સેવાકેન્દ્ર તેમજ વિવિધ શહેરો માંથી આવેલ જાયન્ટ ગ્રુપ ના કારોબારી, પાલીતાણા ના વિવિધ સંસ્થાઓ ના પ્રતિનિધિઓ અને મહેમાનો તથા જાયન્ટ્સ પરિવારના સૌ સદસ્યો ની સહપરિવાર ઉપસ્થિતિ માં કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો.

આ સાથે દર વર્ષે ગ્રુપ દ્વારા કરવામાં આવતા વિવિધ સેવાકીય કાર્યો અંતર્ગત રાહતદરે ફુલસ્કેપ ચોપડા વિતરણ પ્રોજેક્ટ નું અનાવરણ પણ કરવામાં આવ્યું હતું.

# ધ્રોલ: કડવા પાટીદારો અયોધ્યામાં નિર્માણધીન ઉમા ભવનના ખાતમુહુર્તમાં હાજરી આપશે



**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

ધ્રોલમાં રહેતા કડવા પાટીદારના આગેવાનો શ્રી રામ જન્મભૂમિ અયોધ્યા ખાતે નિર્માણ થઈ રહેલા કડવા પટેલ ઉમા ભવનનું ખાતમુહૂર્ત પ્રસંગે જવા નીકળેલ.

# કંડલા પોર્ટ ૧૩ ટકા કાર્ગો વૃધ્ધિ સાથે દેશમાં પ્રથમ સ્થાને

## ગાંધીધામ ચેમ્બર દ્વારા દીનદયાળ પોર્ટ ઓથોરીટી કંડલાના ચેરમેન સુશીલકુમાર સિંઘનું સન્માન



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દીનદયાળ પોર્ટ ઓથોરિટી કંડલાએ વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન ૧૫૦ મિલિયન મેટ્રિક ટન કાર્ગો હેન્ડલિંગનો વિક્રમ સ્થાપી, દેશના સમગ્ર મુખ્ય બંદરો વચ્ચે પ્રથમ સ્થાન હાંસલ કર્યું છે. અને, વર્ષ દરમિયાન ૧૩ ટકાના અભૂતપૂર્વ વૃદ્ધિદર સાથે કંડલા પોર્ટે, તેની ક્ષમતાના શ્રેષ્ઠ ઉપયોગનો દાખલો બેસાડ્યો છે ત્યારે, ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ મહેશ પુજ, તત્કાલીન પૂર્વ પ્રમુખ તેજાભાઈ કાનગડ, માનદમંત્રી મહેશ તીર્થાણી, અને ખજાનચી નરેન્દ્ર રામાણીના પ્રતિનિધિમંડળે, ડીપીએ પ્રશાસન કાર્યાલય ખાતે, ચેરમેન સુશીલકુમાર સિંઘનું આ સિદ્ધી બદલ વિશિષ્ટ સન્માન કર્યું હતું. આ ઐતિહાસિક સિદ્ધિ પ્રસંગે ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીના પ્રમુખ મહેશ પૂજે જણાવ્યું હતું કે, ‘‘કંડલા પોર્ટની આ સિદ્ધિ માત્ર કચ્છ માટે જ નહિ પરંતુ સમગ્ર ગુજરાત અને રાષ્ટ્ર માટે ગૌરવની ક્ષણ છે. મહેશ પૂજે જણાવેલ કે, દેશના ૧૨ મેજર પોર્ટ માંથી કંડલા પોર્ટને, અગ્રિમ સ્થાન ફરીથી અપાવ્યું છે તે, ’ઈઝ ઓફ ડુઈંગ બિઝનેસ’ માટે સકારાત્મક વાતાવરણ ગણી શકાય અને આવનારા સમયમાં ગ્રીન હાઈડ્રોજન હબ, એડીબલ ઓઈલ, કેમિકલના લીધે હજુ પણ વધુ સિદ્ધી મેળવશે પૂર્વ પ્રમુખ તેજાભાઈ કાનગડે આ પ્રસંગે જણાવ્યું હતું કે, ‘‘દેશના પશ્ચિમી પ્રવેશદ્વાર તરીકે ઓળખાતા કંડલા પોર્ટે, આ સિદ્ધિ સાથે ભારતની આયાત-નિકાસ ક્ષમતા વધારવામાં મહત્વપૂર્ણ ભૂમિકા ભજવી છે. આ સિદ્ધિમાં વડાપ્રધાન, કેન્દ્રીય શિપિંગ મંત્રી સર્વાનંદ સોનોવાલ, કેન્દ્રીય રાજ્યમંત્રી શાંતનુ ઠાકોર તથા મંત્રાલયના ઉચ્ચ અધિકારીઓ સહિત કચ્છના સાંસદ વિનોદભાઈ ચાવડાનો પણ મહત્વપૂર્ણ ફાળો રહ્યો છે ત્યારે ચેમ્બર દરેકને અભિનંદન પાઠવી આભારની લાગણી વ્યક્ત કરે છે.‘‘ ચેમ્બરના માનદ મંત્રી મહેશ તીર્થાણીએ જણાવ્યું હતું. જો ભવિષ્યમાં વિશેષ મિકેનાઈઝેશન આધુનિક સાધનો અને કન્વેયર બેલ્ટ સિસ્ટમની વ્યવસ્થા ઉપલબ્ધ થશે તો કંડલા પોર્ટ હજુ વધુ ઉંચાઈઓ સર કરી શકે તેમ છે.

તેઓએ બંદરના વિકાસમાં સહભાગી બનનાર દરેક વ્યકિતને અભિનંદન પાઠવી આભારની લાગણી વ્યકત કરેલ.

# અમરેલીમાં ઘર ઘરમાં કમળ લહેરાય તેવું આહવાન કરતા ભાજપ પ્રમુખ કાનાણી

## ભાજપ સ્થાપના દિવસને લઈને બેઠક યોજાઈ




**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

જીલ્લા ભરમાં ડો.બાબા સાહેબ આંબેડકરની જન્મજયંતી નિમિતે અમરેલી જીલ્લા ભાજપ દ્વારા ભવ્ય રીતે ઉજવણી કરવામાં આવશે.

જે અન્વયે આજ રોજ પ્રદેશ ભાજપની આજ્ઞા અનુસાર અમરેલી જીલ્લા ભાજપ કાર્યાલય ખાતે અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણીના અધ્યક્ષ સ્થાને જીલ્લાના વિવિધ મંડલ પ્રમુખોની બેઠક યોજવામાં આવી હતી જેમાં આગામી સમયમાં પાર્ટીના વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમો અને પાર્ટીનો ૬ એપ્રિલના સ્થાપના દિવસે જીલ્લામાં મોટા પાયે વિવિધ કાર્યક્રમો ઉજવવાના તેમજ દરેક બુથ સુધી પાર્ટીનો વ્યાપ વધે તે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, તેમજ વન નેશન વન ઈલેકશન, રામનવમી તેમજ ૧૪મી એપ્રિલ સહિતના વિવિધ કાર્યક્રમોની ચર્ચા કરીને કાર્યક્રમને સફળ બનાવવા સક્રિયતાથી કામે લાગી જવા દરેક મંડલ પ્રમુખોને જણાવવામાં આવ્યું હતું, ઉપરોક્ત કાર્યક્રમ અન્વયે દરેક મંડલમાંથી મંડળના પ્રમુખો તેમજ જીલ્લાના મહામંત્રીઓ પ્રદેશ ભાજપમાંથી વિવિધ સંગઠનાત્મક કાર્યક્રમોના જીલ્લાના ઈન્ચાર્જ તથા સહ ઈન્ચાર્જ સહીત સૌ હાજર રહ્યા હતા. જેમાં જીલ્લા ભાજપ મહામંત્રી ભુપેન્દ્રભાઈ બસીયા, મેહુલભાઈ ધોરાજીયા તથા વન નેશન વન ઈલેક્શનના ઈન્ચાર્જ પુનાભાઈ ગજેરા, સહ ઈન્ચાર્જ મુકુંદભાઈ મહેતા તેમજ દરેક તાલુકા તથા શહેરના મંડલ પ્રમુખો પણ ખાસ ઉપસ્થિત રહ્યા હતા....

# રાજકોટના ઉમિયા સર્કલ નજીકથી રૂ.૮૨ હજારના ડ્રગ્સ સાથે ભાવેશ મસરુ ઝડપાયો

## અગાઉ બે વાર ખેપ મારી ચુક્યાનો ખુલાસો: ત્રીજી ટ્રીપ મારીને આવતા જ એસઓજી પીઆઈ એન.વી. હરિયાણીની ટીમે દબોચ્યો

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેરના ૧૫૦ ફૂટ રીંગ રોડ પર આવેલું ઉમિયા સર્કલ નજીકથી એસઓજીની ટીમે રૂ. ૮૨ હજારના મેફેડ્રોન ડ્રગ્સ સાથે ભાવેશ મશરૂ નામના શખ્સની ધરપકડ કરી છે. મુંબઈના બોરીવલીથી ૮.૨૬ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ લઈને ટ્રેન મારફત રાજકોટ આવેલા ભાવેશ મશરૂ પાસેથી કુલ રૂ. ૮૭,૬૦૦નો મુદ્દામાલ એસઓજીએ કબજે કર્યો છે. અગાઉ બે વાર ડ્રગ્સની ખેપ મારી આવ્યા બાદ ત્રીજી વાર ખેપ મારીને આવેલા પેડલરને પોલીસે દબોચી લીધો હતો.

શહેર પોલીસ કમિશનર બ્રજેશકુમાર ઝા, અધિક પોલીસ કમિશનર મહેન્દ્ર બગડીયા, ડીસીપી ક્રાઈમ ડો. પાર્થરાજસિંહ ગોહિલ, એસીપી ક્રાઈમ ભરત બસિયા દ્વારા શહેર વિસ્તારમાં યુવાધન નશાના રવાડે ચડે નહીં તથા નાર્કોટિક્સ પદાર્થોનું વેચાણ અટકાવવા 'સે નો ટુ ડ્રગ્સ' મિશન અંતર્ગત નાર્કોટિક્સ પદાર્થોનું ખરીદ વેચાણ કે સેવન કરનારા શખ્સો વિરુદ્ધ કડક કાર્યવાહી કરવા સૂચના આપવામાં આવી હતી. જે અનુસંધાને એસ.ઓ.જી. પીઆઈ એન વી હરિયાણીની રાહબરી હેઠળ ગઈકાલે મોડી રાત્રે હેડ કોન્સ્ટેબલ ઈન્દ્રજીતસિંહ જાડેજા, દિગ્વિજયસિંહ ગોહિલને મળેલી સંયુક્ત બાતમીના આધારે ૧૫૦ ફૂટ રીંગ રોડ ઉપર આવેલ ઉમિયા ચોક, બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસેથી જાહેર રોડ ઉપરથી ૮.૨૬ ગ્રામ મેફેડ્રોન ડ્રગ્સ જેની કિંમત રૂ. ૮૨,૬૦૦ સાથે ભાવેશ રાજુભાઈ મશરૂ(ઉ.વ.૨૧ રહે. જલજીત સોસાયટી શેરી નંબર ૬, હરિકૃષ્ણ ડેરી ફાર્મની સામે, ઉમિયા ચોક, ૧૫૦ ફૂટ રીંગ રોડ, રાજકોટ)ની ધરપકડ કરવામાં આવી હતી.



એસઓજીની પ્રાથમિક પૂછપરછમાં આરોપીએ કેફિયત આપી હતી ક, તે મુંબઈના બોરીવલીથી ડ્રગ્સનો જથ્થો લાવ્યો હતો. અગાઉ બે વાર ખેપ મારી ચૂક્યા બાદ ત્રીજી વાર ખેપ મારીને આવ્યો હતો અને છૂટક વેચાણ માટે ગ્રાહકની શોધમાં હતો. આરોપીએ આપેલી કેફીયત મુજબ તે ટ્રેન મારફત મુંબઈ જઈને ડ્રગસ લઈ આવતો હતો અને રાજકોટ ખાતે એક ગ્રામના અઢી હજાર લેખે છૂટક વેચાણ કરતો હતો. ઉલ્લેખનીય છે કે, ઝડપાયેલ શખ્સ ભાવેશ મશરૂ કુખ્યાત હિસ્ટ્રીશીટર એમ કે ખખરનો સાગરીત છે. હાલ એમ કે ખખ્ખર પાસા તળે જેલ હવાલે હોય તેની ગેરહાજરીમાં ભાવેશ મસરુએ નશાના કાળા કારોબારનો કબજો સંભાળ્યો હતો.

આ કામગીરીમાં એસઓજી પીઆઈ એન વી હરિયાણી, પીએસઆઈ એમ બી માજીરાણા, એએસઆઈ વિરેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ ફિરોઝભાઈ રાઠોડ, દિગ્વિજયસિંહ ગોહિલ, ઈન્દ્રજીતસિંહ જાડેજા, અરુણભાઈ બાંભણીયા, મૌલિકભાઈ સાવલિયા, કોન્સ્ટેબલ હાર્દિકસિંહ પરમાર, મહિલા કોન્સ્ટેબલ મોનાબેન બુસા, ડ્રાયવર હેડ કોન્સ્ટેબલ મહાવીરસિંહ જાડેજા અને ધર્મેન્દ્રસિંહ ઝાલા રોકાયા હતા.

### મુંબઈના બોરીવલીથી એમડી ડ્રગ્સ લાવતો'તો: રાજકોટમાં ગ્રામના અઢી હજાર લેખે છૂટક વેચાણ કરતો

# મહુવામાં દુષ્કર્મના ગુનામાં વોન્ટેડ શખ્સ ૧૫ વર્ષે ઝડપાયો

**અબતક, આનંદ રાણા, સિહોર**



ભાવનગર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થા જળવાઈ રહે તે માટે ગુનાખોરી પર કાબુ મેળવવા માટે ગુનાખોરી કરી નાસતા ફરતા શખ્સોને ઝડપી લેવા જિલ્લા પોલીસવડા ડો. હર્ષદ પટેલે આપેલી સૂચનાને પગલે ક્રાઈમ બ્રાન્ચ ના પીઆઈ એ આર વાળા સહિતના સ્ટાફે પેટ્રોલિંગ હાથ ધર્યુ હતું. મહુવા તાલુકાના દાઠા પોલીસ સ્ટેશનના ચોપડે દુષ્કર્મના ગુનામાં વર્ષ ૨૦૧૦ થી નાસતા ફરતો અને મૂળ જેસર તાલુકાના ઈટીયા ગામનો અને હાલ કલ્યાણપુર તાલુકાના ધુતરીયા ગામે રહેતો રાજુ ઉર્ફે ભગવાનદાસ માણસુરભાઈ બોદર નામના શખ્સ ભાવનગર મહુવા હાઈવે પર આવેલા બોરડા ગામ પેટ્રોલ પંપની સામે બસની રાહ જોઈ ઉભો હોવાની મળેલી બાતમીના આધારે સ્ટાફે રાજુ ભગવાનદાસ બોદરની અટકાયત કરી પ્રાથમિક પૂછપરછ માં છેલ્લા ૧૫ વર્ષથી નામ બદલી સાધુનો વ્યસ્ત ધારણ કરી અલગ-અલગ આશ્રમોમાં રહિ નાસતા ફરતો હોવાની કબુલાત આપી હતી પોલીસે ધોરણ સર ની કાર્યવાહી હાથ ધરી છે.

# ઉપલેટા: મેરવદરના માથાભારે શખ્સના મકાન અને દુકાન પર બુલડોઝર ફરી વળ્યું

**અબતક**
**કીરીટ રાણપરીયા, ઉપલેટા**

ઉપલેટાના મેરવદર ગામનો માથાભારે શખ્સ છાશવારે ગામમાં મારા મારી કરવી ધાક ધમકી આપવી દારુના ધંધા કરવા સહિત ગુનામાં સડોવાયેલા મેરવદરમાં પિતા-પુત્રના ઘર દુકાન ઉપર ગઈકાલે ૧૦૦ કલાક અંતર્ગત મામલતદાર, પોલીસ, માર્ગ મકાન વિભાગ દ્વારા કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.



તસ્વીર: શહેઝાદ બાદશાહ

મળતી માહીતી મુજબ મેરવદર ગામના સરપંચ મનસુખભાઈ કથીરીયાને જાનથી મારી નાખવાની ધમકી આપી અગાઉ ગામમાં દેશી ઈંગ્લીશ દારૂને વેચાણ કરવું તેમજ મારા મારી સહીત ગુનામાં સંડોવાયેલા પિતા-પુત્ર ઉકભાઈ હમીરભાઈ બઢ જાતે રબારી તથા તેમના પુત્ર હાર્દિક ઉકાભાઈ બઢના મેરવદર ગામમાં તણસવા રોડ ઉપર આવેલ દુકાન ૧૦૦ વારીયા પ્લોટમાં ગેરકાયદેસર બાંધેલ મકાન તેમજ તેમના કબજા ભોગવતા વાળુ અન્ય એક પ્લોટ મકાન ઉપર બુલડોઝર ફરી વળતા અસામાજીક તત્વોમાં ભારે ફફડાટ વ્યાપી ગયો હતો. આ કામગીરીમાં ઉપલેટાના મામલતદાર નિખિલ મહેતા ઉપલેટાના પી.આઈ. બી.આર. પટેલ માર્ગમકાન વિભાગના અધિકારીઓ ભાયાવદર પોલીસની ટીમ અને પીજીવીસીએલના અધિકારીઓ જોડાયા હતા.

**મારામારી, ધાક ધમકી, દારૂના ગુનામાં સંડોવાયેલા પિતા-પુત્ર સામે કાર્યવાહીથી ગુનેગારોમાં ફફડાટ**

આગામી દિવસોમાં ગુનેગારોએ આકરા પગલાની તૈયારી રાખવી પડે તો નવાઈ નહી

# ગીર સોમનાથમાં ગેરકાયદે ફટાકડા વેંચતા પાંચ વેપારીઓ વિરુદ્ધ કાર્યવાહી

## એલસીબી પીઆઈ એ.બી. જાડેજાની ટીમે રૂ.૪.૧૮ લાખના ફટાકડા જપ્ત કર્યા

**અબતક, રાજકોટ**

ગીર સોમનાથ જિલ્લામાં પોલીસે ગેરકાયદેસર ફટાકડાનું વેચાણ કરતા પાંચ વેપારીઓ સામે કાર્યવાહી કરી છે. એલસીબી પીઆઈ એ બી જાડેજાની ટીમે પાંચ વેપારીઓ પાસેથી કુલ રૂ. ૪.૧૮ લાખના ફટાકડા જપ્ત કર્યા છે.

જુનાગઢ રેન્જ આઈજીપી નિલેશ જાજડીયા અને જિલ્લા પોલીસ અધિક્ષક મનોહરસિંહ જાડેજા દ્વારા અનઅધિકૃત રીતે ફટાકડાનું વેચાણ કરતા વેપારીઓ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી કરવા આદેશ આપવામાં આવ્યા હતા. જેના પગલે એલસીબી પીઆઈ એ બી જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એ સી સિંધવ તેમની ટીમ સાથે પેટ્રોલિંગમાં હતા. દરમિયાન અનઅધિકૃત રીતે લાયસન્સ પરવાના વગર ફટાકડા વેંચતા વેપારીઓ વિરુદ્ધ બીએનસીની કલમ ૨૭૮ તથા સ્ફોટક અધિનિયમ હેઠળ ગુનો નોંધી કાર્યવાહી કરવામાં આવી હતી.

પકડાયેલા વેપારીઓમાં ઉનાના દિલીપભાઈ ચૌહાણ પાસેથી ૭૦,૧૫૫ રૂપિયાના, ભાવેશભાઈ પુરોહિત પાસેથી ૨,૧૧,૬૫૦ રૂપિયાના, પરસોત્તમભાઈ બારૈયા પાસેથી ૯૯,૧૫૧ રૂપિયાના, વેરાવળના તુલસીભાઈ વાયલુ પાસેથી ૧૧,૮૮૦ રૂપિયાના અને ગીરગઢડાના કમલેશભાઈ કામવાણી પાસેથી ૨૫,૧૯૦ રૂપિયાના ફટાકડા જપ્ત કરવામાં આવ્યા છે. કુલ ૪,૧૮,૦૨૬ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કરવામાં આવ્યો હતો.



અપરાધીઓ પર ૧૦૦ કલાકમાં શકંજાનો દોર જારી

# ધોરાજી: એક વર્ષથી વોન્ટેડ ત્રણ આરોપીઓને પોલીસે દબોચી લીધા

**અબતક**
**રમણીક ટોપીયા, ધોરાજી**



રાજકોટ રેન્જમાં નાસ્તા ફરતા આરોપીઓ પર સો કલાકમાં શકજો કસવાના સરકારના આદેશોના પગલે રાજકોટ પોલીસ અધિક્ષક હિમકરસિંહ દ્વારા ફરારી આરોપીઓને પકડવાના આદેશોના પગલે ધોરાજી પીઆઈ આર જે ગોધમ ના માર્ગદર્શન હેઠળ સીટી પોલીસ દ્વારા કુખ્યાત બે ગુનેગારોને જબ્બે કરી લીધા હતા,

ધોરાજી સર્વે લેન્સ ટીમને બાતમી મળી હતી કે જનતા બાગમાં ફરારી આરોપી સરફરાજ ઉર્ફે સફૂડો શરીફ ભાઈ સકરીયાણી સંધિ રીક્ષા ડ્રાઈવર અને, વિમલભાઈ જુમ્મા શકરીયાણી સંધિ બેઠો છે સર્વે લેન્સ ટીમના પી.એસ.આઈ પીકે ગોહિલ અને ટીમે જનતા બાગમાં પોલીસને જોઈ બંને શખ્સ ભાગવાની કોશિશ કરતા હતા પરંતુ પોલીસે તાત્કાલિક બંનેને ઝડપી લીધા હતા સરફરાજ પર એટ્રોસિટી, કેફી દ્રવ્યો ,મારામારી ,જુગાર જેવા ગુનાઓ હતા જ્યારે નયમ પણ અને ગુનાઓમાં વોન્ટેડ છે

બંને આરોપીઓને ઝડપી લેવામાં ધોરાજી સીટીપીઆઈ આર જે ગોધમ, પીએસઆઈ પીકે ગોહિલ, નિલેશભાઈ મકવાણા, મિલનભાઈ કાનગઢ, પંકજભાઈ તલસાણીયા, રમણીકભાઈ મણવર, નારણભાઈ પંપાણિયા, શક્તિસિંહ જાડેજા, યોગેશભાઈ બાલાસરા, મહેન્દ્રસિંહ ચુડાસમા, અને સ્ટાફે જહેમત ઉઠાવી હતી

# બગસરા: લગ્ન નોંધણી કૌભાંડનો તપાસમાં ધમધમાટ

## પોલીસ દ્વારા ચાર ગામમાં ૨૦૨૦થી આજ દિન સુધી થયેલ લગ્ન નોંધણીની વિગત મંગાવવામાં આવી

**અબતક**
**સમીર વિરાણી, બગસરા**

બગસરા તાલુકામાં છેલ્લા પાંચ વર્ષથી ખુલ્લેઆમ લગ્ન નોંધણીનું કૌભાંડ ચાલી રહ્યું હતું. અમુક તલાટીઓ દ્વારા વકીલો સાથે સેટિંગ કરી કરી બહારના જિલ્લાના લગ્ન બગસરામાં કરાવી આપવામાં આવતા હતા. આ બાબતે હવે પોલીસ દ્વારા પણ તપાસની શરૂઆત કરવામાં આવી છે.

બગસરા તાલુકામાં મોટા પ્રમાણમાં લગ્ન નોંધણીઓ થયેલી તંત્રને ધ્યાને આવી હતી. નાયબ જિલ્લા વિકાસ અધિકારી દ્વારા મુંજીયાસર ગામે તપાસ કરી એક તલાટીની બદલી પણ કરી દેવામાં આવી હતી. જોકે ધીમે ધીમે માહિતી અધિકાર હેઠળ માંગવામાં આવેલી માહિતીમાં મોટા મુંજીયાસર ઉપરાંત હામાપુર, લૂંઘીયા, તથા જામકામાંથી મોટા પાયે લગ્ન નોંધણી કૌભાંડની વિગતો બહાર આવી હતી. તાજેતરમાં જિલ્લા પોલીસ વડાની સૂચનાથી બગસરા પી.આઈ. સાલુકે દ્વારા આ કૌભાંડની તપાસ શરૂ કરી હતી જેને પગલે ચારેય ગામના તલાટીઓ પાસે ૨૦૨૦ થી આજ દિન સુધી થયેલા લગ્નમાં વર વધુ તેમજ લગ્ન કરાવનાર બ્રાહ્મણ સહિતની વિગતો મંગાવવામાં આવી હતી. જેને પગલે કૌભાંડ કરનારા તમામ તત્વો દોડાદોડી કરવા લાગી ગયા છે. બગસરા તાલુકામાં લગ્ન સમયે કોઈ પણ વ્યક્તિને હાજર રહેવાનું રહેતું નથી માત્ર વકીલ આવી કાગળ આપી દે છે અને તલાટી સાથે સેટીંગ કરી પ્રમાણપત્ર મેળવી જતા હોવાની વાતો પણ આ ગામમાં ચર્ચાય રહી છે.આગામી દિવસોમાં તમામ વિગતો પોલીસ પાસે આવશે. ત્યારબાદ પોલીસ દ્વારા માત્ર વિગતોનો જ અભ્યાસ કરવામાં આવશે કે પછી જવાબદારો વિરુદ્ધ કાર્યવાહી કરવા જિલ્લા વિકાસ અધિકારીને રિપોર્ટ કરવામાં આવશે તે જોવાનું રહેશે.

# નાના રણમાં વચ્છરાજદાદાએ દર્શને જતા હળવદના પરિવારને નડ્યો અકસ્માત: એકનું મોત

## ચાલકે સ્ટીંયરીંગ પર કાબૂ ગુમાવતા કાર પલ્ટી ગઇ

**અબતક,**
**સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધાંગધ્રા તાલુકાના કુડાના કચ્છના રણમાં હળવદ ગામનો પરિવાર ફોરવીલ ગાડી લઈને વચ્છરાજદાદા એ દર્શન કરવા જય રહ્યા હતા તે સમયે વચ્છરાજદાદા મંદિર નજીક રણમાં સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા ગાડી પલટી મારતા અકસ્માત સજાયો જેમાં એક નું મોત તથા ડેડ બોડી પીએમ માટે ધાંગધ્રા સરકારી હોસ્પિટલ ખાતે લાવવામાં આવી હતી.

મોરબી તાલુકાના હળવદ ગામના એક પરિવાર ફોરવીલ ગાડી લઈને ધાંગધ્રા તાલુકાના કુડા ના કચ્છના નાના રણમાં વિર વચ્છરાજદાદા દર્શન કરવા જઈ રહ્યા હતા તે દરમિયાન કુડા ના કચ્છના નાના રણમા વચ્છરાજદાદા મંદિર નજીક ફોરવીલ ગાડીના ચાલકે સ્ટેરીંગ પર કાબુ ગુમાવતા ગાડી પલટી મારીને અકસ્માત સજાયો હતો જેમાં ગાડીમાં સવાર એક વ્યક્તિનું વનરાજભાઈ પાંચણભાઈ સિંધવ નું મોત થતાં ડેડ બોડીને પીએમ માટે ધાંગધ્રા ની સરકારી હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવી હતી સીટી પોલીસને જાણ કરાતા પોલીસ હોસ્પિટલ ખાતે પહોંચી અને વધુ તપાસ ધાંગધ્રા સીટી પોલીસ ચલાવી રહી છે.

# ધ્રાંગધ્રા: આધેડ પર હુમલો કરનાર શખ્સ પકડાયો

**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**



ધ્રાંગધ્રા ધોળીધાર વિસ્તારમાં આધેડ પર વ્યક્તિ એ માથાના ભાગે પથ્થર વડે ઈજા પહોંચાડી લોહી લુહાણ કરી ભાગી જનાર ઈસમને ધ્રાંગધ્રા પોલીસ દ્વારા અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન થી ઝડપી વધુ કાર્યવાહી માટે ધાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન લાવવામાં આવ્યો હતો.

ધ્રાંગધ્રા ધોળીધાર વિસ્તારમાં આધેડ ઉંમરની વ્યક્તિ નેં માથાના ભાગે પથ્થર વડે ઈજા પહોંચાડી લોહી લુહાણ કરી ભાગી જનાર ઈસમને ધ્રાંગધ્રા પોલીસ દ્વારા અમદાવાદના કાલુપુર રેલવે સ્ટેશન થી ઝડપી પાડવામાં આવ્યો છેં મળતી માહિતી મુજબ ૩૦ માર્ચે ધ્રાંગધ્રા એ પી એમ સી માઁ મજૂરી કામ કરતાં મૂળ બિહારના યુવાને ધ્રાંગધ્રા ધોળી ધારમાં એક આધેડ પાસે પૈસાની માંગણી કરેલ હતી જે આપવાની નાં પાડતા યુવાન ઉશકેરાયો હતો અને માથાના ભાગે પથ્થર વડે ઈજાઓ કરી નાસી છૂટ્યો હતો. નિર્દોષ આધેડ ઉપર હુમલો હોવાથી ધ્રાંગધ્રા મુતા જે ડી પુરોહિત સહીત સીટી પોલીસે ઘટના નેં ગંભીર ગણી નાસી છૂટેલ આરોપી ઝડપી પાડવા કાર્યશીલ હતી. આરોપી બિહારનો હોવાથી અમદાવાદ રેલવે સ્ટેશન અને બસ સ્ટેશન ઉપર ખાસ વોચમાઁ હતી અને આરોપી વિનોદ ચૈતું સાદા અમદાવાદ કાલુપુર રેલવે સ્ટેશન ઉપર જોવા મળ્યો છેં અને અમદાવાદ પટના ટ્રેન માઁ બેસી નેં નીકળે તેં પહેલા જ પોલીસ દ્વારા તેને ઝડપી લઈ ધ્રાંગધ્રા સીટી પોલીસ સ્ટેશન લાવી કાયદેસર ની કાર્યવાહી હાથ ધરી છેં.

# થાન: જામવાડી અને ભડુલા ગામ ગેરકાયદે કાર્બોસેલ પર તંત્રની તવાઈ

## જામવાડીમાં ૧૫૨ અને ભડુલામાં ૧૯ ગેરકાયદે કુવાઓ: ચોટીલા પ્રાંત અધિકારી સહિતની ટીમ દ્વારા કાર્યવાહી

**અબતક, ધનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**



ચોટીલા પ્રાંત અધિકારી તેમજ મામલતદાર સહિતની ટીમે થોડા દિવસો પહેલા થાન તાલુકાના જામવાડી તેમજ ભડુલા વિસ્તારમાં ગેરકાયદેસર ખનીજ ચોરી અંગે સરપ્રાઈઝ ચેકીંગ હાથધર્યું હતું અને અંદાજે ૨૪૭ જેટલા ગેરકાયદેસર કાર્બોસેલના કુવા પરથી ખનીજચોરી ઝડપી પાડી હતી અને કુવાની ઉંડાઈ તેમજ માપણી બાદ રૂ.૧.૨૩ કરોડની કિંમતના કાર્બોસેલનું ગેરકાયદેસર ખનન ઝડપી પાડ્યું હતું.

આ ઉપરાંત સ્થળ પરથી ૧૫૮ ચરખી, ૯૮ પમ્પીંગ મોટર, ૪૦ ડિઝલ મશીન, ૮૦ બકેટ, ૩૨૨૬ ટન કાર્બોસેલ, ૭ ટ્રેક્ટર, ૧ ટ્રોલી, પાંચ બોક્ષ ડિટોનેટર સહિતનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો અને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી જે મામલે ચોટીલા પ્રાંત અધિકારી સહિતની ટીમે થાન તાલુકાના જામવાડી અનેભડુલા વિસ્તારની ખાનગી સર્વેની જમીનોમાં ચાલતા ગેરકાયદેસર ૧૭૧ કાર્બોસેલના કુવાઓની કબ્જેદારના નામ અને સર્વે નંબર સાથે યાદી જાહેર કરતા ભુમાફીયાઓમાં ફફડાટ ફેલાઈ જવા પામ્યો છે. જામવાડી વિસ્તારમાં ગેરકાયદેસર કાર્બોસેલના કુવા માલિકો અરજણભાઈ જાગાભાઈ અલગોતર, હિરાભાઈ વિઠ્ઠલભાઈ અલગોતર, દેવકરણભાઈ રણછોડભાઈ અલગોતર, સેલાભાઈ માંડણભાઈ ભરવાડ, રણુભાઈ દાનાભાઈ ભરવાડ, હિરાભાઈ દેવાભાઈ ભરવાડ, બાયાબેન કાળાભાઈ ભરવાડ, જેતીબેન ખોડાભાઈ ભરવાડ, ગાંડાભાઈ જોધાભાઈ અલગોતર, કિશોરભાઈ ડાયાભાઈ જાદવ, મનુબેન આલાભાઈ અલગોતર, સોમાભાઈ રવજીભાઈ કોળી, સમજુબેન વરશીંગભાઈ કોળી, જીવુબેન પોપટભાઈ ભરવાડ, વાલીબેન મીઠાભાઈ ભરવાડ, કેશુભાઈ પોપટભાઈ કોળી, ખુશાલભાઈ પોપટભાઈ કોળી, કરણભાઈ જલાભાઈ અલગોતર, બાબુભાઈ દેવાભાઈ કોળી, મીણાબેન ડુંગરભાઈ કોળી, જમનાબેન મંગાભાઈ કોળી અને ભડુલા વિસ્તારમાં ખુશાલભાઈ મીઠાભાઈ હરીજન, દિનેશભાઈ હિરાભાઈ અલગોતર, અરવિંદભાઈ પોપટભાઈ કુંભાર, હરિભાઈ વામભાઈ શિયાળીયા અને રમેશભાઈ માલાભાઈ ભરવાડ સામે કડક કાર્યવાહી કરવામાં આવતા ચકચાર મચી જવા પામી છે.


**-: જાહેર નોટીસ :-**

જ.મ.રજી નં.૫૫/૨૦૨૫

ભાવેશભાઇ હરજીભાઇ ચોપડા,
રે.પાંચવાડી, શક્તિનગર તા.ખંભાલીયા,જી.દેવભૂમિ દ્વારકા .......અરજદાર

વિરૂધ્ધ

રજીસ્ટ્રારશ્રી,
જન્મ-મરણ નોંધણી અધિકારી અને
તલાટી કમ મંત્રીશ્રી, શક્તિનગર, તા. ખંભાલીયા, જી.દેવભૂમિ દ્વારકા. .........સામાવાળા

વિષય :- જન્મ મરણની નોંધ થવા અંગે (સતિષકુમાર આર. નકુમ, મો.૯૫૧૦૬૬૯૫૮૮)

આથી આ જાહેર નોટીસથી લાગતા વળગતા લોકોને જાણ કરવામાં આવે છે કે, આ કામના ઉપરોક્ત અરજદારે તેમના પુત્ર ચોપડા મિતેષ ભાવેશભાઈનો જન્મ તા.૨૮/૧૦/૨૦૦૫ ના રોજ શક્તિનગર મુકામે થયેલ છે. જે અંગેની નોંધ સામાવાળાના રજીસ્ટરે થયેલ ન હોય તે અંગેની અત્રેની કોર્ટમાં અરજી લાવી જન્મની નોંધનો હુકમ કરી આપવા અરજી કરેલ હોય તે અંગે કોઈને વાંધો/તકરાર હોય તો તેઓએ અત્રેની કોર્ટમાં મુદત તા.૨૪/૦૪/૨૦૨૫ ના રોજ ૧૬-૦૦ કલાકે હાજર રહેવું. ગેરહાજર રહ્યે, વાંધો/તકરાર નથી, એમ માની આગળની કાર્યવાહી કરવામાં આવશે. જેની નોંધ લેશો.

આજ તારીખ ૨૮, માર્ચ - ૨૦૨૫ના રોજ મારી સહી તથા કોર્ટનું સીલ કરી આપ્યા.

કોર્ટનો સિક્કો

(કે.કે.કરમટા)
સબ ડીવીઝનલ મેજીસ્ટ્રેટ, ખંભાળીયા

### હવે તો સમજો, ભૂલકાંઓ તમને સમજાવે

# નવા વઘાસીયા ગામે પોલીસ સાથે ભૂલકાંઓએ આપ્યો ટ્રાફિક જાગૃત્તિના સંદેશ

## વાહનચાલકોને હેલ્મેટ અને સીટબેલ્ટના મહત્વ અંગે સમજાવી ગુલાબનું ફૂલ આપી ટ્રાફિક નિયમો પાલન કરવાની કરી અપીલ



**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લાના વાંકાનેરમાં નવા વઘાસીયા ગામે પોલીસ દ્વારા શાળાના વિદ્યાર્થીઓને સાથે રાખી ટ્રાફિક નિયમોની જાગૃતિ લાવવા અનોખી પહેલ હાથ ધરવામાં આવી હતી. મોરબી પોલીસ અધિક્ષક રાહુલ ત્રિપાઠી દ્વારા મોરબી જીલ્લામા ટ્રાફીક નિયમોની તથા સાયબર ક્રાઇમ અંગે જાગૃતતા તેમજ પોક્સો એકટ મુજબના કાર્યક્રમો કરવા સુચના કરેલ હોય જે અનુસંધાને નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ સારડાના માર્ગદર્શન હેઠળ બકનેર સીટી પોલીસ મથકના પીઆઇ એચ.એ.જાડેજાની સુચનાથી નવા વઘાસીયા ગામની સરકારી પ્રાથમિક શાળાના વિદ્યાર્થીઓને ટ્રાફીક નિયમોની જાગૃતતા, સાયબર ક્રાઇમ અંગે જાગૃતતા આવે તથા પોક્સો એકટ મુજબ માહિતી આપી માહીતગાર કર્યા હતા.

જે બાદ બાળકોને સાથે રાખી વઘાસીયા ટોલનાકા પાસે નેશનલ હાઈવે ઉપર અવર-જવર કરતા વાહન ચાલકોમા ટ્રાફીક નિયમો અંગે જાગૃતતા આવે તે સમજાવવા માટે ‘‘બાળકો સમજાવે હવે તો સમજો નો અભિગમ અપનાવી હેલ્મેટ પહેરવા માટે તથા સીટ બેલ્ટ બાંધવા માટે સમજાવી નાના બાળકો દ્વારા ગુલાબના ફુલ આપી ટ્રાફીક નિયમનું પાલન કરવા માટે સમજાવવામા આવેલ હતા. જન જાગૃતીના આ ક્રાયક્રમ કરવામા વઘાસીયા ટોલ-પ્લાઝાના મેનેજર તથા વઘાસીયા પ્રાથમીક શાળાના શિક્ષકોએ સંપૂર્ણ સહકાર આપી આ અભિગમમાં સહભાગી થયા હતા.

# વાંકાનેર: રાજ્યકક્ષાની વકૃત્વ સ્પર્ધામાં નિર્જરા રાવલ ચમક્યા

## ૧૫ હજાર સ્પર્ધકોમાંથી ૩૩મું સ્થાન મેળવતાં મુખ્યમંત્રીના હસ્તે એવોર્ડ-રોકડ પુરસ્કાર એનાયત

**અબતક, લિતેશ ચંદારાણા, વાંકાનેર**



વાંકાનેર:ગુજરાત સરકાર અને રાષ્ટ્રીય સેવા યોજનાના સંયુક્ત ઉપક્રમે યોજાયેલી 'ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા'માં વાંકાનેરની વિદ્યાર્થીની નિર્જરા રાવલે શાનદાર પ્રદર્શન કર્યું હતું. ૧૫ હજાર સ્પર્ધકોમાંથી પસંદ થયેલા શ્રેષ્ઠ ૩૩ માં સ્થાન મેળવતાં તેને મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ દ્વારા એવોર્ડ અને રૂ. ૧૧ હજારનું રોકડ પુરસ્કાર એનાયત કરવામાં આવ્યું હતું.

ગુજરાત સરકાર, ઉચ્ચ શિક્ષણ વિભાગ અને સેવ કલ્ચર સેવ ભારત ફાઉન્ડેશન દ્વારા ભારતીય સંસ્કૃતિનાં મૂલ્યોને સંવર્ધન આપતા 'ગુજરાત સાંસ્કૃતિક વકતૃત્વ સ્પર્ધા'નું આયોજન કરવામાં આવ્યું હતું. ત્યારે રાજયભરની ૧૧ યુનિવર્સિટીઓમાંથી ૧૫ હજાર વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. કે સ્પર્ધાત્મક પ્રક્રિયા દરમિયાન ૩૩ શ્રેષ્ઠ ફાઈનલિસ્ટ સ્પર્ધકોની પસંદગી કરવામાં આવી હતી. અંતિમ તબક્કાની સ્પર્ધા ગાંધીનગરમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલની હાજરીમાં યોજાઈ હતી. ત્યારે વાંકાનેર નિવાસી અને વિરાણી સાયન્સ કોલેજની વિદ્યાર્થીની નિર્જરા જતીનભાઇ રાવલે સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના પ્રતિનિધિ તરીકે ભાગ લીધો હતો અને ઉત્કૃષ્ટ વકતવ્ય રજૂ કર્યું હતું. પરિણામે, નિર્જરાને 'સાંસ્કૃતિક સ્પીકર ઓફ ગુજરાત'ની ટ્રોફી તેમજ રૂ.૧૧,૦૦૦/-નું રોકડ પુરસ્કાર એનાયત કરાયું હતું.

આ ઉપરાંત આ કાર્યક્રમમાં વિજેતા સ્પર્ધકોને અનોખી તક મળી હતી, જેમાં ૩૩ શ્રેષ્ઠ સ્પર્ધકોને વિધાનસભાના ચાલુ સત્રની મુલાકાત કરાવવામાં આવી હતી. તેમજ, રાજ્યના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના નિવાસ સ્થાને તેમની સાથે સંવાદ અને વિશેષ ડિનરનું આયોજન કરવામાં આવ્યું હતું.

### માધવપુર મેળા અંતર્ગત

# સાર્થક વિદ્યામંદિરની ૧૬ વિદ્યાર્થીનીઓ પ્રાચીન ગરબાનું કરશે મોહક પ્રદર્શન





**અબતક, ઋષિ મહેતા**

ગુજરાત સરકાર દ્વારા દર વર્ષે આયોજિત ઈન્ટરનેશનલ માધવપુર મેળો, ભારતના પ્રાચીન સાંસ્કૃતિક વારસાને ઉજાગર કરતો મહોત્સવ છે. આ વર્ષે, દેશભરના ૧૬૦૦ થી વધુ કલાકારો વિવિધ શહેરોમાં મેગા ઈવેન્ટ્સમાં પોતાની કલાને પ્રસ્તુત કરી રહ્યા છે. આ મેળા અંતર્ગત, મોરબીની સાર્થક વિદ્યામંદિરની ૧૬ જેટલી વિદ્યાર્થીનીઓને પ્રાચીન ગરબા રજૂ કરવાની ખાસ તક મળી છે. તેઓ સુરત, વડોદરા, અમદાવાદ, સોમનાથ, માધવપુર અને દેવભૂમિ દ્વારકામાં ૧ એપ્રિલથી ૧૦ એપ્રિલ દરમિયાન પોતાની નૃત્યકલા દ્વારા રાજ્યના સાંસ્કૃતિક ગૌરવને ઉજાગર કરશે. આ પરફોર્મન્સ માટે રવિરાજભાઈએ કોરિયોગ્રાફી કરી છે.મોરબી જીલ્લા યુવા વિકાસ વિભાગ અને અધિકારી હિરલબેન વ્યાસની આગેવાની હેઠળ, કલાકારોને રાજ્યવ્યાપી મંચ મળી રહ્યો છે, ત્યારે મોરબીની સાર્થક વિદ્યામંદિરની દીકરીઓ ગુજરાતના વિવિધ મેગા સિટીમાં જીલ્લાનું પ્રતિનિધિત્વ કરશે, જે મોરબી માટે ગૌરવની ક્ષણ છે.

# આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ દ્વારા રામનવમી નિમિતે ત્રિવિધ કાર્યક્રમો યોજાશે

## પ્રભુ શ્રી રામનો પ્રાગટ્યોત્સવ, મહાઆરતી, ફરાળ મહાપ્રસાદ સહિતનાં કાર્યક્રમો યોજાશે

**અબતક, ઋષિ મહેતા**

આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ-મોરબી જીલ્લા દ્વારા આગામી તા.૬-૩-૨૦૨૫ રવિવાર ના રોજ સનાતન હિન્દુ ધર્મ નાં આરાધ્ય દેવ પ્રભુ શ્રી રામ ના જન્મોત્સવ નિમિતે શહેર ના અયોધ્યાપુરી રોડ સ્થિત જલારામ ધામ ખાતે ત્રિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવેલ છે. જે અંતર્ગત બપોરે ૧૧ કલાક થી પ્રભુ શ્રી રામ નો પ્રાગટ્યોત્સવ, બપોરે ૧૨ કલાકે મહાઆરતી ત્યારબાદ ફરાળ મહાપ્રસાદ નું અનેરુ આયોજન કરવામાં આવેલ છે. શહેર ના દરેક રામભક્તો ને પધારવા, મહાઆરતી તેમજ ફરાળ મહાપ્રસાદ નો લાભ લેવા આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ-મોરબી જીલ્લા ના અધ્યક્ષ સી.ડી.રામાવત, ઉપાધ્યક્ષ પ્રતાપભાઈ ચગ તથા શહેર અધ્યક્ષ ભાવીનભાઈ ઘેલાણીએ નિમંત્રણ પાઠવેલ છે.

# અમન કુશવાહાનું ડિસ્કસ થ્રોમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન

## ૩૧.૯૩ મીટરના થ્રો સાથે રાજયમાં નવો રેકોર્ડ બનાવ્યો




**અબતક, ઋષિ મહેતા**

ગુજરાત એથ્લેટિક્સમાં એક ઐતિહાસિક ક્ષણ જોવા મળી જ્યારે મોરબી ઓમેન સીબીએસસી સ્કુલ માં ધો-૯ માં અભ્યાસ કરતા અમન રામ ભાઈ કુશવાહાએ ડિસ્કસ થ્રો ઈવેન્ટમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું, ૩૧.૯૩ મીટરના થ્રો સાથે નવો રાજ્ય રેકોર્ડ બનાવ્યો. આ નોંધપાત્ર સિદ્ધિ તેમને એથ્લેટિક્સના ઉભરતા તારાઓમાં સ્થાન આપે છે.

તેમના રેકોર્ડબ્રેક પ્રદર્શન પછી, અમનએ તેમના કોચ, પરિવાર અને સમર્થકોનો આભાર વ્યક્ત કર્યો. તેમણે કહ્યું, ‘‘હું લાંબા સમયથી આ ક્ષણ માટે સખત મહેનત કરી રહ્યો છું, અને રાજ્ય રેકોર્ડ તોડવો એ એક સ્વપ્ન સાકાર થવા જેવું લાગે છે. હું સુધારો કરવાનું ચાલુ રાખવા અને ઉચ્ચ સ્તરીય સ્પર્ધાઓમાં ભાગ લેવાની આશા રાખું છું.‘‘રમતગમત ઉત્સાહીઓ અને અધિકારીઓએ તેમના પરાક્રમની ખુબ પ્રસંશા કરી અમન રાષ્ટ્રીય અને આંતર રાષ્ટ્રીય સ્તરે છાપ છોડવાની ક્ષમતા ધરાવે છે. તેવી સંભાવના વ્યકત કરી છે. તેની આ સિધ્ધી બદલ સંસ્થા ના ડિરેક્ટર સુમંતભાઈ, સિદ્ધાર્થભાઈ, અને સુર્યરાજભાઈ અને પ્રિન્સિપાલ દીપા શર્મા એ પણ અમનને અભિનંદન પાઠવ્યા અને તેમના ઉજ્જ્વળ ભવિષ્યની શુભેચ્છા પાઠવી.

# વાંકાનેર: ગુમ ૮ મોબાઈલ શોધી મૂળ માલીકને પરત કર્યા

## CEIR પોર્ટલ દ્વારા પોલીસનું સફળ સંશોધન, ૮ પૈકી ૧ ફ્લિપકાર્ટમાં સેકન્ડ-હેન્ડ વેચાણ થયેલ મોબાઈલ પરત લીધો.



**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર સીટી પોલીસ દ્વારા તેરા તુજકો અર્પણ કાર્યક્રમ હેઠળ CEIR પોર્ટલનો ઉપયોગ કરી ૮ ગુમ થયેલા મોબાઈલ ફોન શોધી કાઢવામાં આવ્યા હતા. જેની અંદાજિત કિંમત રૂ.૨,૬૩,૯૮૯/- હતી. જે પૈકી એક ગુમ થયેલો મોબાઈલ ફ્લિપકાર્ટ ઉપર સેકન્ડ-હેન્ડ મોબાઈલ તરીકે વેચાયો હોવાની જાણ થતાં, વાંકાનેર પોલીસ ટીમે ટેક્નિકલ મોનિટરિંગ અને સતત સંપર્ક દ્વારા તે પરત પ્રાપ્ત કરવામાં આવ્યો હતો.જેમાં વાંકાનેર સીટી પોલીસ મથકના પીઆઇ એચ.એ. જાડેજાના સુપરવિઝન હેઠળ, અનાર્મ પો.કોન્સ. ભરતભાઈ દલસાણીયા દ્વારા CEIR પોર્ટલમાં ગુમ થયેલા મોબાઈલની એન્ટ્રી કરવામાં આવી હતી, સતત મોનિટરિંગ અને ટેકનિકલ વિશ્લેષણ દ્વારા કુલ ૮ મોબાઈલ મળી આવ્યા હતા. જે પૈકી અરજદારનો વનપ્લસ બ્રાન્ડનો મોબાઈલ ફ્લિપકાર્ટ ઉપર સેકન્ડ-હેન્ડ મોબાઈલ તરીકે વેચાયા હોવાની માહિતી મળતાં, પોલીસ ટીમે ફ્લિપકાર્ટ કંપનીના કર્મચારી સાથે સતત સંપર્કમાં રહી તેને શોધી કાઢ્યો અને મૂળ માલિકને પરત કર્યો હતો. આમ, CEIR પોર્ટલનો ઉપયોગ કરી એક સાથે કુલ- ૦૮ મોબાઈલ ફોન પરત અપાવી સુરક્ષા સાથે સેવાનુ ઉત્તરદાયિત્વ નિભાવી, પોલીસ પ્રજાની મિત્ર છે. એ સુત્ર વાંકાનેર સીટી પોલીસે સાર્થક કરેલ છે.

# વાંકાનેર: રાતીવીરડા ગામે ડુબી જતા યુવકનું મોત

## સરતાનપર ગામે રોડ પરથી પટકાતા પેઈન્ટનું મોત

**અબતક, ઋષિ મહેતા**

વાંકાનેર તાલુકાના રાતાવીરડા અને સરતાનપર નજીક આવેલ અલગ અલગ સીરામીક ફેક્ટરીમાં કામ કરતા બે વ્યક્તિના અકાળે મૃત્યુ નિપજ્યા હતા, ત્યારે તાલુકા પોલીસે અપમૃત્યુના બનાવ અંગે અ.મોતની નોંધ કરી આગળની તપાસ ચલાવી છે.વાંકાનેરના સરતાનપર રોડ ઉપર મોટો સ્ટોન સીરામીકમાં રહેતા મૂળ એમપી ના વતની વિનોદકુમાર સુલતાનસિંહ પાલ ઉવ-૪૨ ગઈ તા.૦૩/૦૪ના રોજ મોટો સ્ટોન સીરામીક ખાતે કલરકામ કરતી વખતે પતરા ઉપરથી પડી જતા તેનું મૃત્યુ નિપજ્યુ હતું, ત્યારે મૃતક વિનોદકુમારની ડેડબોડી વાંકાનેર સરકારી હોસ્પિટલ ખાતે લાવતા પોલીસે અ.મોતની નોંધ કરી હતી.જ્યારે રાતાવીરડા ગામે લોનીક દિરમીકની બાજુમાં આવેલ પાણી ભરેલા તલાવડાના પાણીમાં કોઈ કારણોસર ડૂબી ગયેલ વિનુસંગ ભવાનસંગ ખાટ ઉવ-૪૪ રહે.હાલ લોનીક સીરામીક રાતાવિરડા તા-વાંકાનેર મુળ રહે.રાણીપુરા તા-કલોલ જી-સાબરકાઠા વાળાનું મૃત્યુ નીપજ્યું હતું. મૃતકની ડેડબોડી તલાવડામાંથી કાઢવા ફાયરબ્રીગેડ ટીમને બોલાવી ડેડબોડી બહાર કાઢવામાં આવી હતી, ત્યારે પોલીસે મૃત્યુ અંગે નોંધ કરી, તપાસની તજવીજ શરૂ કરી છે.

# વાંકાનેર: કોટડાનાયાણી ગામે દેશી દારૂની ભઠ્ઠી ઝડપાઈ ત્રણ આરોપી ફરાર

## ગરમ અને ઠંડો આથો ૨૦૦૦ લીટર તથા દેશી દારૂ ૬૫ લીટર સહિતનો મુદ્દામાલ કબ્જે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

વાંકાનેર તાલુકા પોલીસે પૂર્વ બાતમીને આધારે કોટડાનાયાણી ગની સીમમાં નદીના કાંઠે દેશી દારૂ બનાવવાની ભઠ્ઠી ઉપર રેઈડ કરી હતી, ત્યારે પોલીસને આવતા જોઈ ત્રણ આરોપીઓ નાસી ગયા હતા, પોલીસે ત્રણ પૈકી એક આરોપીની ઓળખ કરી લીધી હતી. રેઈડ દરમિયાન સ્થળ ઉપરથી દેશી દારૂની ભઠ્ઠીની સાધન સામગ્રી સહિત ગરમ અને ઠંડો આથો, દેશી દારૂના જથ્થા સહિત ૬૭ હજારનો મુદ્દામાલ કબ્જે કરી કુલ ત્રણ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધ્યો છે.મળતી માહિતી અનુસાર, વાંકાનેર તાલુકાના કોટડાનાયાણી ગામે ગામની આંકડીયા નામે ઓળખાતી સીમમા નદીના કાંઠે ડેમની નજીક આરોપીઓએ ગેરકાયદેસર રીતે પાસ પરમીટ કે આધાર વગર દેશી દારૂ બનાવવાનો આથો ગાળી ભઠ્ઠી ચાલુ કરી હોય જે મુજબની બાતમીને આધારે તાલુકા પોલીસ ટીમે રેઈડ કરી હતી, ત્યારે પોલીસે સ્થળ ઉપરથી ગરમ આથો લીટર-૧૫૦ કિ.રૂ.૩૭૫૦/- તથા ઠંડો આથો લીટર-૧૮૪૦ કિ.રૂ.૪૬,૦૦૦/- તથા દેશી દારૂ લીટર-૬૫ કી.રૂ.૧૩,૦૦૦/-તથા ભઠ્ઠીના સાધનો કી.રૂ.૪૫૦૦/- મળી કુલ કીં.રૂ.૬૭,૨૫૦/- ના મુદ્દામાલ જપ્ત કર્યો હતો, પોલીસને આવતા જોઈ ત્રણ આરોપીઓ નાસી ગયા હતા જે પૈકી આરોપી શકતિ જંયતીભાઈ સોંલકી રહે.કોટડાનાયાણી વાળો ઓળખાય ગયો હોય જ્યારે તેની સાથે બીજા બે અજાણ્યા માણસોની ઓળખ થઈ ન હોય, જેથી કુલ ત્રણ આરોપીઓ વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી પોલીસે ત્રણેય આરોપીને પકડી લેવા ચક્રો ગતિમાન કર્યા છે.

# હળવદ: અપહરણ કેસના આરોપી તથા ભોગ બનનારને બગસરાથી ઝડપી લેતી પોલીસ



**અબતક, ઋષિ મહેતા**

મોરબી જીલ્લાની એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમે હળવદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા ૬ મહિના પહેલા અપહરણના કેસમાં આરોપી અને ભોગબનનાર બંનેને અમરેલી જીલ્લાના બગસરા ગામથી ઝડપી પાડ્યા હતા. આરોપી નિખીલ રામલાલ ભીલ, જે મધ્યપ્રદેશનો રહેવાસી છે, તેને ઈટોના ભઠ્ઠા પરથી પકડવામાં આવી હસ્તગત કરી હળવદ પોલીસ મથક ખાતે સોંપવામાં આવેલ છે.

હળવદ પોલીસ સ્ટેશનમાં નોંધાયેલા અપહરણ કેસના ગુનામાં સંડોવાયેલો આરોપી નિખીલ રામલાલ ભીલ રહે.ગામ-સાગૌની કલા તા.કોલુઆ જી.ભોપાલ મધ્યપ્રદેશ હાલ અમરેલી જીલ્લાના બગસરા ગામના નદીપરા વિસ્તાર, ધારી રોડ ઉપર આવેલી ઈટ્ટુના ભઠ્ઠા પર કામ કરી રહ્યો છે. જેથી મળેલ બાતમીને આધારે એન્ટી હ્યુમન ટ્રાફિકિંગ યુનિટની ટીમ તરત જ બગસરા ખાતે પહોંચીને આરોપી અને ભોગબનનારને હસ્તગત કરી હળવદ પોલીસ સ્ટેશનને સોંપવામાં આવ્યા હતા.

## માળીયા(મી)ના મોટી બરાર ગામે વિદેશી દારૂની ૭૨ બોટલ ઝડપાયી,આરોપી ફરાર

**અબતક, ઋષિ મહેતા**

માળીયા(મી) તાલુકાના મોટી બરાર ગામની સીમમાં આઈઓસી પેટ્રોલપંપ પાછળ બાવળની કાંટમાં રાખેલ વિદેશી દારૂની ૭૨ બોટલનો જથ્થો માળીયા(મી) પોલીસ દ્વારા ઝડપી લેવામાં આવ્યો હતો, જ્યારે આરોપી ખુલ્લા ખેતર તથા અંધારાનો લાભ લઈને સ્થળ ઉપરથી નાસી છૂટ્યો હતો.

માળીયા(મી) પોલીસ ટીમને મળેલ બાતમીને આધારે તાલુકાના મોટી બરાર ગામની સીમમાં આઈઓસી પેટ્રોલ પંપ પાછળ રેઈડ કરવામાં આવી હતી, જ્યાં આરોપી હરદેવભાઈ ગોવિંદભાઈ ડાંગર રહે.મોટી બરાર દ્વારા વિદેશી દારૂ સગેવગે કરવાની પેરવીમાં હોય ત્યારે પોલીસ ટીમને આવતી જોઈ આરોપી હરદેવભાઈ ખુલ્લા ખેતરમાં ભાગી જતા, પોલીસ દ્વારા બાવળની કાંટમાં તલાસી લેતા વિદેશી દારૂની ૬ પેટીમાં ૭૨ બોટલનો જથ્થો મળી આવ્યો હતો, જે જથ્થો કબ્જે લઈ પોલીસે નાસી ગયેલ આરોપી વિરુદ્ધ પ્રોહી.એક્ટ હેઠળ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## હળવદ નજીક કારની ઠોકરે બાઈક ચાલક યુવકનું મોત

**અબતક, ઋષિ મહેતા**

હળવદ નેશનલ હાઈવે ઉપર કેદારીયા ગામના પાટીયા નજીક કાર અને બાઈક વચ્ચેના અકસ્માતમાં બાઈક ચાલક યુવકનું મૃત્યુ નીપજ્યું હતું, જેમાં કાર ચાલકે બાઈકને ટક્કર મારતા ચાલકને ગંભીર ઈજાઓ પહોંચી હતી, જેથી બાઈક ચાલકનું મોત નીપજ્યું હતું, અકસ્માતની ઘટનાને લઈને મૃતકના નાનાભાઈ દ્વારા હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધવાઈ છે.

હળવદના કેદારીયા ગામે રહેતા રસિકભાઈ કાનજીભાઈ પરોંઢ ગઈ તા.૦૨/૦૪ના રોજ રાત્રીના ૧૧ વાગ્યાના અરસામાં પોતાનું બાઈક રજી.નં.જીજે-૧૩-એચએચ-૬૧૬૬ લઈને જતા હોય ત્યારે હળવદ નેશનલ હાઈવે ઉપર કેદારીયા ગામના બોર્ડ પાસે રોડ ઉપર સિયાઝ કાર રજી.નં. એમએચ-૨૪-એફએક્સ-૧૯૨૫ના ચાલકે પોતાના હવાલાવાળી કાર પુરપાટ ઝડપે અને બેદરકારીથી ચલાવી રસિકભાઈના મોટરસાયકલને હડફેટે લેતા, તેઓને માથામા, પગમા તથા શરીરે ગંભીર પ્રકારની ઈજાઓ પહોચતા રસિકભાઈનું મૃત્યુ નીપજ્યું હતું, ત્યારે મૃતકના નાના-ભાઈ અરવીંદભાઈ કાનજીભાઈ પરોંઢની ફરિયાદને આધારે હળવદ પોલીસે કાર ચાલક આરોપી વિરુદ્ધ ગુનો દાખલ કરી અટક કરવા સહિતની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

# હળવદના ઘનશ્યામગઢ ગામે વાડીમાંથી જુગાર કલબ ઝડપાઈ: ૭.૫૮ લાખ રોકડા સાથે ૯ જુગારી ઝબ્બે

## સ્થાનિક પોલીસે દરોડો પાડી નવ શખ્સની ધરપકડ: કાર અને રોકડ મળી રૂ. ૯.૫૮ નો મુદ્દામાલ કબ્જે



**અબતક, ઋષિ મહેતા**

ડીવાયએસપી અને પીઆઇ સહિતની ટીમ દ્વારા રેઈડ કરી એક કાર સહિત ૯.૫૮ લાખનો મુદ્દામાલ જપ્ત,વાડી-માલીક હાજર નહિ મળી આવતા કુલ ૧૦ સામે ગુનો નોંધાયો.

હળવદના ઘનશ્યામગઢ ગામે વાડીની ઓરડીમાં ચાલતા જુગારના અખાડા ઉપર નાયબ પોલીસ અધિક્ષક તથા હળવદ પીઆઇ સહિતની પોલીસ ટીમ દ્વારા રેઈડ કરવામાં આવી હતી, ત્યારે રેઈડ દરમિયાન જુગાર રમતા ૯ જુગારીને રોકડા ૭.૫૮ લાખ તથા એક કાર સહિત ૯.૫૮ લાખના મુદ્દામાલ સાથે ઝડપી લેવામાં આવ્યા હતા, જ્યારે વાડી-માલીક સ્થળ ઉપર હાજર નહિ મળી આવતા તેને ફરાર દર્શાવી હળવદ પોલીસે કુલ ૧૦ આરોપીઓ સામે ગુનો દાખલ કરી આગળની ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.

મળતી વિગતો અનુસાર, હળવદ પોલીસ મથકના પીઆઇ આર.ટી. વ્યાસને બાતમી મળેલ કે તાલુકાના ઘનશ્યામગઢ ગામે બચુભાઈ જીવરાજભાઈ સંઘાણીની વાડીની ઓરડીમાં અમુક ઈસમો જુગાર રમતા હોય જે મુજબની બાતમી મળતા તુરંત ઉપરોક્ત વાડીએ વાંકાનેર વિભાગના નાયબ પોલીસ અધિક્ષક એસ.એચ સારડા સહિતની પોલીસ ટીમ સાથે રેઈડ કરવામાં આવી હતી, ત્યારે પોલીસે સ્થળ ઉપરથી જુગાર રમતા કુલ ૯ જુગારીને દબોચી લીધા હતા.

જુગાર રમતા પકડાયેલ આરોપીઓમાં નીતેશભાઈ રતીલાલભાઈ આદ્રોજા રહે.ફલેટ નં ૮ બ્લોક નં ૬ નંદની એપાર્ટ સોમનાથ સોસાયટી, મહેન્દ્રનગર મોરબી-૨, શંકરભાઈ બેચરભાઈ લોરીયા રહે. ગામ નવા ઘનશ્યામગઢ તા.હળવદ, દિલીપભાઈ ઉર્ફે અમુભાઈ કરશનભાઈ વામજા રહે.ગામ રણમલપુર તા.હળવદ, કિરીટસિંહ ઉર્ફે ક્રિપાલસિંહ બટુકસિંહ ઝાલા રહે.ગામ જીવા તા.ધાંગધ્રા જી. સુરેન્દ્રનગર, મુકેશભાઈ બાબુભાઈ થળોદા રહે.ગામ રણમલપુર તા.હળવદ, મુકેશભાઈ ગોરધનભાઈ કૈલા રહે.ગામ નવા ઘનશ્યામગઢ તા.હળવદ, રણજીતભાઈ ગગજીભાઈ ચૌહાણ રહે.ગામ કોંઢ તા.ધાંગધ્રા જી.સુરેન્દ્રનગર, સુરુભા હનુભા ચૌહાણ રહે.ગામ કોંઢ તા.ધાંગધ્રા જી.સુરેન્દ્રનગર તથા હરેશભાઈ અગરસંગભાઈ પરમાર રહે.સરા તા-મુળી જી-સુરેંદ્રનગર વાળાને રોકડા ૭,૫૮,૫૦૦/-સાથે રંગેહાથ ઝડપી લેવાયા હતા, પોલીસે સ્થળ ઉપરથી એક વેગનઆર કાર રજી.નં. જીજે-૩૬-આર-૮૮૯૩ કિ.રૂ.૨ લાખ સહિત ૯,૫૮,૫૦૦/-નો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. દરોડા દરમિયાન વાડી માલીક આરોપી બચુભાઈ જીવરાજભાઈ સંઘાણી રહે.નવા ઘનશ્યામગઢ તા.હળવદ વાળા હાજર નહીં મળી આવતા હળવદ પોલીસે કુલ ૧૦ આરોપીઓ વિરુદ્ધ જુગારધારા હેઠળ ગુનો દાખલ કરી, હાજર નહિ મળી આવેલ આરોપીની શોધખોળ શરૂ કરી છે.

# જિલ્લા ભાજપની બેઠક મળી

## સ્થાપના દિવસ અને આંબેડકર જયંતિની ઉજવણી અંગે ચર્ચા-વિચારણા




**અબતક, ઋષિ મહેતા**

ગુજરાત પ્રદેશ ભાજપ દ્વારા આગામી કાર્યક્રમોને ધ્યાનમાં રાખી મોરબી ઉમા હોલ ખાતે જીલ્લા સ્તરની મહત્વપૂર્ણ બેઠક યોજાઈ હતી.

આ બેઠકમાં ૬ એપ્રિલના પાર્ટી સ્થાપના દિવસ અને ૧૪ એપ્રિલના ભારત રત્ન ડો. ભીમરાવ આંબેડકર જયંતિને લઈ આયોજન માટે ચર્ચા કરવામાં આવી હતી. આ બેઠકમાં મોરબી જીલ્લા પંચાયતના પ્રમુખ હંસાબેન જેઠાભાઈ પારેઘી, જીલ્લા ભાજપ પ્રમુખ જયંતીભાઈ રાજકોટીયા, જીલ્લા ભાજપ સંગઠન પ્રભારી હિતેશભાઈ ચૌધરી, જીલ્લા પંચાયત ઉપપ્રમુખ હીરાભાઈ ટમારીયા સહિત અનેક પાર્ટી આગેવાનો હાજર રહ્યા હતાં. ઉપરાંત, મંડળ પ્રમુખો, મહામંત્રીઓ, જીલ્લા મોરચા અને સેલ પ્રમુખો તથા અન્ય કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં. આગામી કાર્યક્રમો સુદ્રઢતા પૂર્વક અને સુચારુ રૂપે મંડળ થી લઈને બૂથ સ્તર સુધી પાર પડાય તે માટે તમામ મંડળના કાર્યકર્તાઓને માર્ગદર્શન આપવામાં આવ્યું હતું, અને વિવિધ કાર્યક્રમો માટે જવાબદારીઓ સુનિશ્ચિત કરી દેવામાં આવી અને માર્ગદર્શન તેમજ સૂચના આપવામાં આવી હતી.

# પાલીતાણા તીર્થધામને આધ્યાત્મિક પર્યટનનો દરજ્જો આપવા માંધાતાસિંહની અપીલ

## માંડવી ચોક જીનાલયમાં રાજકોટના રાજવી પરિવારે ભગવાન સુપાર્શ્વનાથ દાદાની પ્રતિમાની આપેલ સોગાદનું મને ગૌરવ છે: માધાંતાસિંહ

**અબતક, રાજકોટ**

જૈનોની નગરી પાલીતાણા સ્થિત શાશ્વત ગીરીરાજનાં દિવ્ય સાંનિધ્યમાં અમારી માલિકીના હવામહેલ ખાતે પાલીતાણા પેલેસ હેરિટેજ હોટેલનો શુભારંભ કરી રહ્યાં છીએ ત્યારે અમારો આશય સનાતન ધર્મ અને જીન શાસનની માન-મર્યાદાઓના સંપૂર્ણ આદર તેમજ રક્ષણ સાથે તીર્થધામની સઘળી માન-મર્યાદાઓના અક્ષરસઃ પાલન સાથે આધ્યાત્મિકતાનું આંગણું સજાવવાનો છે. ભારતીય સંસ્કાર વારસો ધરાવતાં ધર્માનુરાગીઓ બંધુ-ભગિનીઓની ધાર્મિક લાગણી દુભાય તેવી કોઈ પ્રવૃત્તિ અમારી માલિકીના હવામહેલ ખાતે આરંભાઈ રહેલી પાલીતાણા પેલેસ હેરિટેજ હોટેલ માં અમારા દ્વારા કે સંચાલન કરનાર આંતરરાષ્ટ્રીય કક્ષાની કંપની દ્વારા થનાર નથી.

માંધાતાસિંહજી જાડેજા, ઠાકોર -રાજકોટ પ્રત્યેક જૈન-જૈનેત્તર ધર્માનુરાગી બંધુ-ભગિનીઓ, મહારાજ સાહેબો, મહાસતીજીઓ, મુનિ ભગવંતઓને આસ્વસ્થ કરું છું કે, અમારી માલિકીના હવામહેલ પેલેસ-પાલીતાણાના પરિસરમાં આરંભ થનાર હેરિટેજ હોટેલ ખાતે પરમ પવિત્ર યાત્રાધામ પાલીતાણાની ભક્તિસભર ભૂમિ ઉપર માંસાહારી વાનગીઓ બનાવવાની કે પીરસવાની કે મદીરાપાન સુવિધાઓ આપવાનો કોઈ પ્રશ્ન જ ઉપસ્થિત થતો નથી કારણ કે અમો સ્વયં અધ્યાત્મ પથનાં પથિક છીએ એટલું જ નહીં પરંતુ ભારતીય સનાતન



સંસ્કૃતિ તેમજ ભારતીય સંસ્કાર વારસાના જતન માટે અવિરત કાર્ય કરનારા રાજવી પરિવારના જવાબદાર અને પ્રતિષ્ઠિત વ્યક્તિ છીએ.

અત્રે ઉલ્લેખનીય છે કે, રાજકોટના માંડવી ચોક ખાતે આવેલાં ૧૯૯ વર્ષ પ્રાચીન જિનાલયમાં બિરાજમાન ભગવાન સુપાર્શ્વનાથ દાદાની મુર્તિ રાજકોટ રાજવીના જ પટારામાંથી નીકળેલી હતી. જેની વિધિવત પ્રાણ પ્રતિષ્ઠા માંડવી ચોક દેરાસરમાં કરવામાં આવેલી છે.

શ્રી શેત્રુંજય તીર્થધામ-પાલીતાણા ખાતે બિરાજમાન તપસ્વી મુનિ-ભગવંતોના દર્શન કરીને જીવન સાફલ્યની દિશામાં કદમ માંડીને પોતાની આધ્યાત્મિક મનસાઓની પરિપૂર્તિ માટે અલબેલા આદેશ્વર દાદા તેમજ પર્વતાધિરાજ શ્રી શેત્રુંજય તીર્થધામના દર્શનાર્થે સંપૂર્ણ શ્રદ્ધા સાથે દેશ-વિદેશથી આવતાં શ્રદ્ધાળુઓ માટે પર્વતાધિરાજ શ્રી શેત્રુંજય પર્વતથી અંદાજે છ કિલોમીટર દૂર આવેલાં અમારાં હવામહેલ ખાતે શ્રેષ્ઠ નિવાસ અને શુદ્ધ-સાત્વિક ભોજન ઉપરાંત વર્ષભર ચૌવિહાર સુવિધા સાથે જયણાપૂર્વક તૈયાર થનારી જૈન વાનગીઓ ઉપલબ્ધ કરાવવાની સાથોસાથ અમો નક્ષત્ર વન સહિત અસંખ્ય વૃક્ષોનું વાવેતર કરવાની દિશામાં પણ સાહસ કરી રહ્યાં છીએ

ત્યારે આધ્યાત્મિક પર્યટનની ભારતીય વિરાસતનો આવકાર કરવા માટે જાહેર અપીલ કરી છે.

### કડક અને શિસ્તના આગ્રહી

# ગીર સોમનાથના એસ.પી. મનોહરસિંહનો ત્રણ વર્ષનો કાર્યકાળ યશસ્વી

## ડ્રગ્સના દુષણને ડામી દેવા અને ડિમોલીશનમાં મહત્વની કામગીરી બજાવી પોલીસ બેડાનું ગૌરવ વધાર્યું

**અબતક, જયેશ પરમાર, પ્રભાસ પાટણ**

ગિર સોમનાથ જિલ્લા પોલીસ વડા તરીકે ત્રણ વર્ષના કાર્યકાળમાં પ્રશંસનીય કામગીરી કરી અને કાયદો અને વ્યવસ્થા જાળવવામાં પ્રાથમિક આપનાર મનોહરસિંહ જાડેજા ગુજરાત પોલીસ બેડાનું ગૌરવ વધાર્યું છે.

વધુ વિગત મુજબ ધ્રોલ તાલુકાના જાબીડા ગામના વતની અને જીપીએસસીમાં પ્રથમ ક્રમાંકે આવેલા મનોહરસિંહ જાડેજાએ ડીવાયએસપી તરીકે કારકિર્દીનો પ્રારંભ કર્યો હતો. ગિર સોમનાથ



જિલ્લા પોલીસ વડા તરીકે તા.૪-૪-૨૨ના રોજ તેઓએ ચાર્જ સંભાળ્યા બાદ ડ્રગ્સ જથ્થો તથા આરોપીઓ પકડવામાં ઐતિહાસિક વિક્રમ નોંધાયેલો છે. પોલીસ ચોકીઓનું નવીનીકરણ, સ્ટાફ રમતોત્સવ અને સવિશેષ તો દબાણ હટાવ ઝુંબેશ વખતે વ્યુહાત્મક દૂરંદેશી નાકાબંધી સર્તકતા અને લોક સહકારથી અસરકારક કાયદો વ્યવસ્થા શાંતિરૂપ જળવાય રહે તેવી રીતે પાર પાડી પોલીસ તંત્ર પરત્વે શિસ્ત અને અસરકારક પ્રભાવ તથા અંગત રીતે નમ્ર-માનવીય સંવેદના સ્વભાવથી તંત્ર તથા પ્રજામાં ગુજરાત પોલીસનો ગૌરવરૂપ આદર મેળવેલ છે.

### આણંદપુર (ભાડલા) જવા ઈચ્છતા

# વાહન ચાલકોને ઉંધા રસ્તે ચડાવતા દિશા સુચક બોર્ડ!

## આણંદપુર તરફનું દિશા સુચક બોર્ડ આણંદપુર ચોકડીએ લગાડવાના બદલે દુધેલીના રસ્તે લગાવી દેતા વાહન ચાલકો ગેર માર્ગ દોરાય છે

**અબતક, રણજીતસિંહ ધાંધલ, ચોટીલા**

સરકાર તંત્ર પણ કયારેય લોકોને ગેર માર્ગે દોરતું હોય છે. ચોટીલા તાલુકાના આણંદપુર (ભાડલા) જતા વાહન ચાલકોને સરકારના દીશા સુચન બોર્ડ ઉંધા રસ્તે ચટાવી રહ્યા છે. સાંકડા રસ્તે અનેક કિલોમીટરનું અંતર કાંપ્યા બાદ વાહન ચાલકને ખબર પડે છે કે તેઓ અવળા રસ્તે ચડી ગયા છે.

વાત જાણે એમ છે કે ચોટીલા માકેર્ટીંગ યાર્ડની સામે આણંદપુર (ભાડલા) ગામ તરફ જવાનો રસ્તો આવેલો છે જે આણંદપુર ચોકડીના નામથી ઓળખાય છે. છેલ્લા ઘણા સમયથી સરકારી તંત્ર દ્વારા દુધેલી જવાના રસ્તે આણંદપુરનો એરો દર્શાવતું મહાકાય બોર્ડ લગાવી




દીધું છે.

જેના કારણે અજાણ્યા વાહન ચાલકોને હાલાકી ભોગવવી પડે છે. આણંદપુર જવા ઈચ્છતા વાહન ચાલકો આ સાઈન બોર્ડ વાંચી દુધેલીના રસ્તે ચડી જાય છે. આ રસ્તો ખુબ જ સાંકડો હોવાના કારણે ટ્રાફીકમાં પણ ફસાય જાય છે. અનેક કિલોમીટરનું અંતર કાપ્યા બાદ ખ્યાલ આવે છે કે તેઓ જે રસ્તે ચાલી રહ્યા છે. તે આણંદપુર ગામ તરફ જતો નથી ઉંધા રસ્તે ચડી ગયા છે. પરિણામે તેને જયાં પહોચ્યા હોય ત્યાંથી પાછુ ફરવું પડે છે. આ વાતની અધિકારીઓ પણ વાકેફ છે અનેક ફરીયાદો પણ મળી છે. છતાં અત્યાર સુધી બોર્ડનું સ્થળાંતર કરવામાં આવ્યું નથી.

# જસદણમાં રામલલ્લાના વધામણા માટે ભાવિકોમાં અનેરો થનગનાટ: ભવ્ય શોભાયાત્રા નીકળશે

## શહેર ભાજપ પ્રમુખ વિજય રાઠોડે રામનવમીની શુભેચ્છા પાઠવી

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણમાં આગામી તા.૬ એપ્રિલ ૨૦૨૫ને રવિવારના રોજ અભૂતપૂર્વ અને ઐતિહાસિક રીતે રામ જન્મોત્સવની ઉજવણી થશે આ અંગે ભાવિકજનોમાં અનેરો થનગનાટ પ્રવર્તી રહ્યો છે આ અંગે વિશ્વ હિંદુ પરિષદ અને બજરંગ દળના સભ્યો આગેવાનોએ ગાયત્રી મંદિરથી ડુંગરપુર હનુમાનજી મંદિર સુધી ભવ્ય શોભાયાત્રાનું આયોજન કર્યું છે જેમાં રવિવારે મંત્રી મહોદયથી લઈ રાજકીય પાર્ટી, સામાજિક સેવાકિય અને ધાર્મિક આગેવાનો જોડાશે શોભાયાત્રા દરમિયાન આકરા તાપમાં ભાવિકોને કોઈ હાલાકી વેઠવી કે તકલીફ ન પડે તેં માટે લાંબી શોભાયાત્રા દરમિયાન વેપારીઓ રસ્તામાં ઠેર ઠેર શરબત પાણી દહિની લસ્સી સહિતના સ્ટોલો



ઉભા કરશે આ અંગે આયોજકો દ્વારા શહેરભરમાં કમાનો ધજા પતાકાનો શણગાર સહિત કામો છેલ્લા ત્રણ દિવસથી હાથ ધરેલ છે દરમિયાન જસદણના ઉધોગપતિ શહેર ભાજપ પ્રમુખ વિજયભાઈ રાઠોડએ નાગરિકોને રામનવમીની આગોતરી શુભેચ્છા પાઠવી જણાવ્યું હતું કે રામનવમી માત્ર ભગવાનના જીવનની જ વાત નથી પરંતુ ભગવાન શ્રીરામ એ પોતાના જીવનમાં પિતા માતા ગુરુ પત્ની અને નાનાભાઈઓ આ ઉપરાંત પરિવાર સમાજ પ્રત્યેની ફરજો બેખુબીથી નિભાવી અને એક મર્યાદા પુરુષોત્તમ તરીકેનું જીવન વ્યતિત કરી કરોડો લોકોને રાહત પહોચાડનાર ભગવાન શ્રીરામના રવિવારના જન્મોત્સવ નિમીતે દરેક જીવને આગોતરી શુભેચ્છા અને શુભકામના પાઠવી હતી.

# ઉપલેટાના પડવલા, મેરવદર, ખીરસરામાં ગૃહમંત્રી સંઘવીના બુલડોઝર ગુંજ્યા

## માથાભારે શખ્સો દ્વારા ગેરકાયદેસર કબ્જો કરાયેલ ૯૦ લાખની જમીન ખાલી કરાવાઈ

**અબતક, કિરીટ રાણપરિયા, ઉપલેટા**

ગઈકાલે બપોર બાદ ઉપલેટા પંથકમાં ૧૦૦ કલાક અંતર્ગત ગૃહરાજ્યમંત્રી બુલડોઝર ગુંજ્યા હતા. તેમાં પડવલા અને મેરવદર સહિતના ગામોમાં માથાભારે શખ્સોના મકાનો ઉપર પોલીસે બુલડોઝર ફેરવી દીધા હતા.

ભાયાવદર ઈન્ચાર્જ પીઆઈ બી.આર.પટેલ, ટી.ડી.ઓ. જેઠવા માર્ગ મકાન વિભાગ દ્વારા પડવલા અને મેરવદર ગામે તેમજ મામલતદાર નિખિલ મહેતાએ ખીરસરા ગામે ખેતી વિષય જમીન ઉપર બુલડોઝર ફેરવી બંને કેસોમાં ૯૦ લાખ કરતા વધુ કિંમતની જમીન ખાલી કરાવી મકાનો ઉપર




બુલડોઝર ફેરવી દેવામાં આવ્યા હતા.

પડવલા ગામના માથાભારે અને પ્રોહિબિશનના ગુનામાં સંડોવાયેલા મામદ અનવરભાઈ સુમરાના કબ્જા ભોગવટા વાળું માખીયાળા રોડ ઉપર આવેલ પાકુ મકાન ગેરકાયદેસર માલૂમ પડતા તેના ઉપર બુલડોઝર ફેરવી દેવામાં આવ્યું હતું. જ્યારે ખીરસરા ગામે ખેતી ઉપર દબાણ કરનાર અન્ય ઈસમો મહેશભાઈ શાંતિભાઈ ઘેટીયા, મેહુલ સામતભાઈ સિંઘલ, હસમુખભાઈ લખમણભાઈ ઘેટીયા અને મનિષાબેન રતિલાલ ઘેટીયાના કબ્જા ભોગવટા વાળા ખેતી જમીનના ઉભા પાકમાં બુલડોઝર ફેરવી જમીન ખાલી કરાવાઈ હતી. ૧૩૦૯૪ ચોરસ મીટર અંદાજીત કિંમત ૫૫ લાખની જમીન ખાલી કરાવાઈ હતી. જ્યારે પડવલા ગામના રહેણાંક હેતુ માટેના ત્રણ હજાર ચોરસ ફૂટમાં બાંધવામાં આવેલ પાકું મકાન જેની કિંમત ૩૫ લાખ રૂપિયાની જમીન છૂટી કરાવી હતી.

આમ ગઈકાલે ત્રણ ઓપરેશનમાં ૯૦ લાખ કરતા વધુ કિંમતની જમીન ખાલી કરાવી વહિવટી તંત્રએ પોતાનું આકરૂં વલણ બતાવી માથાભારે શખ્સોને સંદેશો આપી દીધો હતો.

# મોરબી જિલ્લા ભાજપમાં નવી નિયુકિત: હોદેદારોની યાદી જાહેર

## મોરબી જિલ્લા ભાજપ પ્રમુખ જયંતિભાઈ રાજકોટીયા દ્વારા મોરબી શહેર, હળવદ, માળીયા તાલુકા માટે અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, મહામંત્રી મંત્રી સહિતના હોદેદારોની નિમણુંક

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબીઃ ભારતીય જનતા પાર્ટીના ગુજરાત પ્રદેશ મહામંત્રી અને સૌરાષ્ટ્ર ઝોનના પ્રભારી વિનોદભાઈ ચાવડા તથા જીલ્લા પ્રભારી હિતેષભાઈ ચૌધરીની હાજરીમાં મોરબી જીલ્લા ભાજપની નવી કાર્યકારિણીની જાહેરાત કરવામાં આવી છે. મોરબી શહેર-તાલુકા, હળવદ શહેર-તાલુકા અને માળીયા તાલુકા માટે અધ્યક્ષ, ઉપાધ્યક્ષ, મહામંત્રી, મંત્રી તેમજ કોષાધ્યક્ષ એમ વિવિધ હોદેદારોની નિમણૂક કરવામાં આવી છે.

મોરબી જીલ્લા ભાજપ અધ્યક્ષ જયંતીભાઈ રાજકોટિયાની યાદીમાં જણાવ્યા અનુસાર મોરબી તાલુકા માટે અધ્યક્ષ તરીકે વિશાલભાઈ ઘોડાસરાની નિયુક્તિ કરવામાં આવી છે, જ્યારે ઉપાધ્યક્ષ તરીકે જયંતીભાઈ ચાપાણી, નિતેશભાઈ બાવરવા, મેરામભાઈ રાઠોડ, રાજમહેન્દ્રસિંહ ઝાલા, મયુરભાઈ સવસાણી અને જ્યોત્સનાબેન પરેચા નિયુક્ત થયા છે. મહામંત્રી તરીકે સવજીભાઈ સુરાણી અને રવિભાઈ રબારી તેમજ મંત્રી તરીકે ગીતાબેન પરમાર, દિગ્વીજયસિંહ જાડેજા, મોહિતભાઈ કાસુન્દ્રા, હંસાબેન દિલીપભાઈ સુરેલા, રીટાબેન અરવિંદભાઈ કાવર, નૈમિષભાઈ વાહનેચીયા જ્યારે કોષાધ્યક્ષ તરીકે આરતીબેન નરેન્દ્રભાઈ ગોહેલને જવાબદારી સોંપવામાં આવી છે.

મોરબી શહેર માટે રિશીપભાઈ કૈલાને અધ્યક્ષ બનાવવામાં આવ્યા છે, જ્યારે ઉપાધ્યક્ષ તરીકે અજયભાઈ કોટક, મહેશભાઈ ભોજાણી, માવજીભાઈ કંઝારીયા, બ્રિજેશભાઈ કુંભારવાડીયા, આરતીબા રાણા અને કેયૂરભાઈ પંડ્યાની નિયુક્તિ કરવામાં આવી છે. મહામંત્રી તરીકે ભૂપતભાઈ જારીયા અને ભાવેશભાઈ કંઝારીયા તેમજ મંત્રી તરીકે ચંપકસિંહ રાણા, વૈશાલીબેન શાહ, કિરણભાઈ મહેશ્વરી, ચંદ્રિકાબેન પલાણ, ભાનુબેન નગવાડિયા, ચંદ્રિકાબેન સોલંકી આ સિવાય કોષાધ્યક્ષમાં હર્ષદભાઈ વામજાની નિયુક્તિ કરાઈ છે.

હળવદ તાલુકા માટે ભરતભાઈ દલવાડી અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા છે, જ્યારે ઉપાધ્યક્ષ તરીકે સવાભાઈ ડાંગર, મહાદેવભાઈ મારવણીયા, ઉપેન્દ્રસિંહ ઝાલા, દિલીપભાઈ પઢીયાર, જગદીશભાઈ કાચરોલા અને હસમુખભાઈ બાપોદરીયા અને મહામંત્રીમાં મગનભાઈ તેજાભાઈ સીતાપરા (કોળી) તથા ડો. કિશોરભાઈ એમ. કવાડીયા, જ્યારે મંત્રી તરીકે જશુબેન નારાયણભાઈ દલવાડી, સુરેશભાઈ ઠાકરશીભાઈ કોળી, ગીતાબેન હેમુભાઈ રબારી, સુનિતાબેન રણજીતભાઈ સુરેલા, મનસુખભાઈ ઉકાભાઈ રાઠોડ, નીરુબેન કાંતિલાલ વસાવા તેમજ કોષાધ્યક્ષમાં ગૌરીબેન ખેંગારભાઈ ભરવાડને જવાબદારી સોંપવામાં આવી છે.

હળવદ શહેર માટે તપનભાઈ દવે અધ્યક્ષ પદ સંભાળશે, જ્યારે ઉપાધ્યક્ષ તરીકે ગીરીશભાઈ પરમાર, જતીનભાઈ રાવલ, અનસોયાબેન દેથરીયા, હરેન્દ્રસિંહ પરમાર, સનીભાઈ ઠક્કર અને જાગુબેન કોળી તેમજ મહામંત્રી તરીકે ડો. અનિલભાઈ પટેલ અને અમૃતભાઈ ચૌહાણ. આ ઉપરાંત મંત્રી તરીકે પારુલબેન બી. પરીખ, મહેશભાઈ નાડોદા, જીગ્નેશભાઈ રબારી, અનિતાબેન આર.ગોસાઈ,સરાયા વિરેન્દ્ર દેવશીભાઈ, જ્યોત્સ્નાબેન હરિભાઈ ઝાલા જ્યારે કોષાધ્યક્ષમાં મહેશ તારબૂદિયાની નિયુક્તિ થઈ છે.

માળીયા તાલુકા માટે રાજેશભાઈ હુંબલ અધ્યક્ષ તરીકે નિયુક્ત થયા છે, જ્યારે ભાવિકભાઈ કાવર, નિલેશભાઈ સંઘાણી, વિજયભાઈ હુંબલ, કાળીબેન વકાતર, જયદિપભાઈ ઓડિયા અને હસમુખભાઈ ધુમલીયા ઉપાધ્યક્ષ તરીકે કામ કરશે. જ્યારે મહામંત્રી તરીકે મનિષ એ. કાંજીયા અને ધ્રુવરાજસિંહ ડી. જાડેજા, આ સિવાય મંત્રી તરીકે જલાભાઈ મુળુભાઈ કાનગઢ, આશાબેન વિપુલભાઈ ડાભી, અરવિંદભાઈ વશરામભાઈ રાઠોડ, હંસાબેન વિનોદભાઈ પરમાર, લીલાબેન દેવદાનભાઈ લોલાડીયા, ઈન્દુબેન ઘનશ્યામભાઈ ગઢિયાનો સમાવેશ કરાયો છે, કોષાધ્યક્ષ માટે વિપુલ એ. વિડજાને નિયુક્તિ આપી છે.

આ તકે ભાજપના પ્રદેશ અને જીલ્લામાં નવા હોદેદારોને શુભેચ્છા પાઠવી હતી અને આ નવી ટીમ પાર્ટી સંગઠનને વધુ મજબૂત બનાવશે તેવી આશા વ્યક્ત કરી હતી.

# મોરબી જિલ્લા પંચાયત દ્વારા મોક- ટેસ્ટનું આયોજન

## રેલવે રિક્રુટમેન્ટ બોર્ડ પરીક્ષાની તૈયારીઓ માટે ઈચ્છુક ઉમેદવારો તા. ૧૫મી સુધી અરજી કરી શકશે

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

તાજેતરમાં ભારત સરકારના રેલવે મંત્રાલયના રેલ્વે રિક્રુટમેન્ટ બોર્ડ દ્વારા સેન્ટ્રલ સેડ ઈમોયમેન્ટ નોટીફિકેશન થી ગ્રુપ-ડીની એસ.એસ.સી./આઈ.ટી.આઈ./ ડિપ્લોમા પાસ થયેલ હોય તેવા અને ૧૮ વર્ષથી વધુ ઉંમર ધરાવતા ઉમેદવારો માટે ૧૪ જેટલી અલગ અલગ ટેકનિકલ પોસ્ટની કુલ ૩૨,૪૩૮ જગ્યા માટેની ભરતી અંગેની જાહેરાત પ્રસિદ્ધ કરી પાત્રતા ધરાવતા ઉમેદવારો પાસેથી ઓનલાઈન અરજી મંગાવવામાં આવી હતી જેમાં ઓનલાઈન અરજી કરવાની છેલ્લી તા.૧/૩/ ૨૦૨૫ હતી.

મોરબી જીલ્લામાં પાત્રતા ધરાવતા ઉમેદવારોને વધુમાં વધુ રોજગારી મળી રહે અને યુવા વર્ગ સરકારી સેવામાં જોડાઈ પગભર બને તેવા ઉમદા હેતુથી મોરબી જીલ્લા પંચાયત કચેરી દ્વારા જીલ્લાના વધુને વધુ યુવાઓ ઓનલાઈન અરજી કરવા પ્રેરાય અને તેઓને રોજગારી મળે તે માટે સ્પેશ્યલ ડ્રાઈવ યોજવામાં આવી હતી.

જેમાં મોરબી જીલ્લામાં અંદાજે ૧૦૦૦ જેટલા યુવક/ યુવતીઓએ ઓનલાઈન અરજી કરેલ હતી.

જેથી જીલ્લા પંચાયત કચેરી દ્વારા આવા ઓનલાઈન અરજી કરનાર ઉમેદવારો લેખીત પરીક્ષામાં સફળ થાય તે માટે આગામી સમયમાં મોક ટેસ્ટ લેવાનું આયોજન કરવામાં આવ્યું છે. મોક ટેસ્ટ આપવા ઈચ્છતા ઉમેદવારોને જીલ્લા પંચાયત મોરબીની વેબસાઈટ morbidp.gujarat.gov.in પર તા.૧૫/૦૪/૨૦૨૫ના રાત્રીના ૧૨/૦૦ વાગ્યા સુધીમાં ઓનલાઈન રજીસ્ટ્રેશન કરવા જીલ્લા પંચાયતની યાદીમાં જણાવવામાં આવ્યું છે.

# મોરબીના કૃષ્ણનગર ગુંગણ ગામની પરિણીતાને પતિ સહિતના સાસરીયાનો ત્રાસ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

મોરબી તાલુકાના કૃષ્ણનગર ગુંગણ ગામે સાસરુ ધરાવતી મોરબીની દીકરીને પતિ સહિતના સાસરીયાઓ દ્વારા શારીરિક માનસિક દુઃખ ત્રાસ આપતા હોવાની ફરિયાદ અત્રેના મહિલા પોલીસ મથકમાં નોંધાવવામાં આવતા, પોલીસે આરોપી પતિ, સાસુ, નણંદ તથા જેઠાણી સહિતના સાસરી પક્ષના સભ્યો સામે ગુનો દાખલ કરી ધોરણસરની કાર્યવાહી હાથ ધરી છે.પ્રાપ્ત વિગતો મુજબ, મોરબી-૨ ઈન્દિરાનગરમાં રહેતા અને કૃષ્ણનગર ગુંગણ ગામ સાસરુ ધરાવતા જોશનાબેન રતિલાલ નથુભાઈ મુછડીયા કે જેઓ રાજાભાઈ મનજીભાઈ પરમારના દીકરીએ મહિલા પોલીસ મથકમાં આરોપી રતીલાલ નથુભાઈ મુછડીયા(પતિ), સોમબેન નથુભાઈ મુછડીયા(સાસુ), વિજુબેન નથુભાઈ મુછડીયા(નણંદ) તથા રંજનબેન હરીભાઈ મુછડીયા(જેઠાણી) રહે.બધા કુષ્ણનગર ગામ ગુંગણ વાળા વિરુદ્ધ ફરિયાદ નોંધાવી કે આજથી આશરે બે વર્ષ પહેલાથી ફરીયાદી જોશનાબેનને તેના પતિ તથા સાસુ, નણંદ અને જેઠાણી અવાર નવાર નાની-નાની બાબતોમા તેમજ ઘરકામ બાબતે હેરાન પરેશાન કરી દુઃખ ત્રાસ આપતા, તેમજ મેણાટોણા મારી ગાળો આપી મારકુટ કરી એકબીજાને ચડામણી કરી શારીરીક અને માનસીક દુઃખ ત્રાસ આપી ગુન્હામા એકબીજાને મદદગારી કરતા હોય, ત્યારે મોરબી મહિલા પોલીસે તમામ આરોપીઓ વિરુદ્ધ ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.

# હળવદ: વેપારીના બાઈકની ચોરી

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

હળવદ ટાઉન વિસ્તારમાં સરા ચોકડી નજીક ક્રોસ રોડ હોટલ અને સેન્ટર હોટલ વચ્ચે આવેલ શેરીમાં પાર્ક કરેલા વેપારીના મોટર સાયકલની અજાણ્યા વાહન ચોર દ્વારા ચોરી કરી લઈ ગયા અંગે હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

પ્રાપ્ત વિગતો મુજબ હળવદના આનંદપાર્ક-૨ માં રહેતા મૂળ રામગઢ વાળી શેરી તા.ધ્રાંગધ્રા જી.સુ.નગરના વતની હસમુખભાઈ વિઠ્ઠલભાઈ વરમોરા ઉવ.૪૯ ગઈ તા.૦૨/૦૪ના રોજ રાત્રીના પોતાનું હોન્ડા કંપનીનું લિવો મોદલનું મોટર સાયકલ રજી.નં. જીજે-૧૩-એએન-૧૧૮૭ લઈને પોતાના ઘર નજીક આવેલ પાનની દુકાને મસાલો ખાવા ગયા હતા, ત્યારે તેઓએ મોટર સાયકલ સરા ચોકડી નજીક ક્રોસ રોડ હોટલ તથા સેન્ટર પોઈન્ટ હોટલ વચ્ચે આવેલ ગલ્લીમાં પાર્ક કર્યુ હોય, જે બાદ પોતાના મિત્ર સાથે સોલડી ગામ ખાતે ગયા હતા જ્યાંથી વહેલી સવારે પરત આવ્યા ત્યારે ઉપરોક્ત ગલ્લીમાં પાર્ક કરેલ મોટરસાયકલ કોઈ ચોરી કરી લઈ ગયા હોવાનું સામે આવતા, આજુબાજુમાં મોટર સાયકલની શોધખોળ કરવા છતાં નહીં મળી આવતા હસમુખભાઈ દ્વારા હળવદ પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવી છે, ત્યારે પોલીસે અજાણ્યા વાહન ચોર વિરુદ્ધ ગુનો દાખલ કરી તપાસ શરૂ કરી છે.

# માળીયા(મી) નજીક કારે એરફોર્સની ગાડીને ટક્કર મારતા બે જવાન ઘાયલ

**અબતક, ઋષિ મહેતા, મોરબી**

માળીયા(મી): કચ્છ તરફ હરીપર ગામની ગોળાઈ પાસે ઈન્ડિયન એરફોર્સના સરકારી વાહનની પાછળના ભાગમાં પુરઝડપે આવતી સ્વીફ્ટ કાર અથડાઈ હતી, જેથી એરફોર્સની ગાડી રોડની સાઈડમાં ઉભેલ ડમ્પર સાથે ભટકાતા બે જવાન ઈજાગ્રસ્ત થયા હતા અને સરકારી વાહનમાં નુકસાન થયું હતું, ત્યારે સમગ્ર અકસ્માતની ઘટનામાં એરફોર્સની ગાડી ચાલક દ્વારા સેલિફ્ટ કાર ચાલક વિરુદ્ધ પોલીસ ફરિયાદ નોંધાવવામાં આવી છે.મળતી માહિતી અનુસાર, ભુજ એરફોર્સ ખાતેથી વડસર યુનિટ ખાતે જઈ રહેલા ઈન્ડિયન એરફોર્સની ટાટા જેનોન કંપનીની ગાડી રજી.નં. ૧૭સી ૧૦૪૭૫૨-કે ને માળીયા(મી) તાલુકાના હરીપર ગામ નજીક અકસ્માત નડ્યો હતો, જેમાં એરફોર્સની ગાડી રોડ ઉપર પસાર થસી રહેલ હોય તે દરમિયાન હરીપર ગોળાઈ નજીક રોડ સાઈડમાં ડમ્પર ઉભું હોય જેથી એરફોર્સ ગાડીના ચાલક રાજેન્દ્રભાઈ નવનીતભાઈ પાટીલ ઉવ.૨૬ વાળાએ પોતાનું સરકારી વાહનની સ્પીડ ધીમી કરી હોય ત્યારે પાછળ આવતી સેલિફ્ટ કાર રજી.નં. જીજે-૧૨-એફબી-૪૦૭૭ના ચાલકે પોતાની કાર બેદરકારીપૂર્ણ ચલાવી એરફોર્સની ગાડીને પાછળથી જોરદાર ટક્કર મારતા, તે ગાડી આગળ રોડ સાઈડમાં ઉભેલ ડમ્પર રજી.નં. જીજે-૧૨-બીઝેડ-૯૧૬૪ સાથે અથડાતા એરફોર્સની ગાડીમાં સવાર ટીંકુકુમાર ભોજપાલસિંગ જાટને મોઢસના ભાગે, આંખ ઉપર તેમજ ગાલમાં ઈજાઓ થઈ હતી જ્યારે સૌરભ બચાઉ યાદવને હાથમાં મૂંઢ ઈજાઓ પહોંચી હતી, ત્યારે હાઈવે ઓથોરિટીની એમ્બ્યુલન્સ મારફત ઈજાગ્રસ્ત જવાનોને માળીયા(મી) સકારી દવાખાને ખસેડવામાં આવ્યા હતા, ત્યારે એરફોર્સ ગાડીના ચાલક રાજેન્દ્રસિંગ દ્વારા આરોપી સ્વીફ્ટ કારના ચાલક વિરુદ્ધ માળીયા(મી) પોલીસ મથકમાં ફરિયાદ નોંધાવવામાં આવી છે.

# સાબર ડેરીના બાયડ શીત કેન્દ્રમાં સોલાર ઉત્પાદન પ્લાન્ટનું લોકાર્પણ

## ૩૦૦ કિલો વોટ ક્ષમતાના સોલાર ઉર્જા ઉત્પાદન પ્લાન્ટ થકી દૈનિક ૧૨૦૦ વીજ યુનિટનું ઉત્પાદન થશે: ચેરમેન શામળ પટેલ

**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**

વડાપ્રધાનના નેતૃત્વમાં આજે ભારત સરકાર અને ગુજરાત સરકાર ગ્રીન એનર્જી તથા રિન્યુએબલ એનેર્જીના ઉત્પાદન માટે પ્રોત્સાહિત કરી રહી છે ત્યારે સાબરડેરી પણ વીજ ખર્ચમાં ઘટાડો થાય તથા પર્યાવરણ સુરક્ષાની દિશામાં સતત પ્રયત્ન કરી રહી છે.

ત્યારે સાબરડેરી પણ ચેરમેન શામળભાઈ પટેલના નેતૃત્વમાં ખેડૂતોને વધુ વળતર આપવા હેતુ ખર્ચમાં બચત થાય એવા નિતનવા આયોજન હાથ ધરી રહી છે આ દિશામાં વીજ ખર્ચ માં બચત થાય તે માટે સાબરડેરી પ્લાન્ટ ખાતે ૧ મેગા વોટ અને પશુ સંવર્ધન કેન્દ્ર ખાતે ૫૦૦ કિલો વોટ સોલાર ઉર્જા



ઉત્પાદન પ્લાન્ટ સ્થાપિત કરી કાર્યરત કરવામાં આવેલ અને શામળાજી-બાયડ અને ધનસુરા શીતકેન્દ્ર સોલાર ઉર્જા ઉત્પાદન પ્લાન્ટ માટેનું આયોજન હાથ ધરેલ જે અંતર્ગત આજે બાયડ શીતકેન્દ્ર ખાતે ૩૦૦ કિલો વોટ ક્ષમતાના સોલાર ઉર્જા ઉત્પાદન પ્લાન્ટનું લોકાર્પણ સાબરડેરી અને અમુલ ફેડરેશનના ચેરમેન શામળભાઈ પટેલના વરદ હસ્તે મેનેજિંગ ડિરેક્ટર સુભાષભાઈ પટેલની ઉપસ્થિતિમાં કરવામાં આવ્યું.બાયડ ખાતે સ્થાપિત આ પ્લાન્ટ થી દૈનિક ૧૨૦૦ વીજ યુનિટ ઉત્પાદન થશે જેના લીધે વીજ બિલના ખર્ચમાં ૪૦-૫૦ % બચત થશે.સાબરડેરી દ્વારા પ્રતિ દિન અંદાજીત ૧૦૦૦૦ યુનિટ સૌર ઉર્જા ઉત્પાદનનો લક્ષ્ય રાખવામા આવ્યો છે નજીકના સમયમાં પરિપૂર્ણ થશે.

કાર્યક્રમ પ્રસંગે સાબરડેરીના અધિકારી ઉમેશભાઈ પટેલ,વિક્રમભાઈ પટેલ,ધવલભાઈ પટેલ,અનિમેષ રાવલ, ડો.એચ.એમ.પટેલ તથા નિમિષબેન ઉપસ્થિત રહ્યા હતા.

# માછીમારો માટે સહાય પેકેજ જાહેર કરવાની માંગણી કરતા જાફરાબાદ યુવક કોંગ્રેસ પ્રમુખ

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**



બોટ ટંડેલ, બોટ માલિકો માછીમાર સમાજ દ્વારા મળેલી રજુઆત આધારે જાફરાબાદ શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ અને ખારવા સમાજના યુવા અગ્રણી વિઠ્ઠલભાઈ સોલંકી દ્વારા જાફરાબાદ સહિત દરિયાઈ માછીમારો સહાય જાહેર કરવા અને ડીઝલના ભાવ ઘટાડવા રજૂઆત કરાઈ છે. જાફરાબાદમાં ઘણા સમયથી માછીમાર સમાજના ટંડેલ ભાઈઓ પોતાની બોટ ચાલુ કરવા માટે ઘરેણાં મુકી અથવા વધુ વ્યાજ પર પૈસા લઈ પોતાનો ધંધો ચલાવે છે.

તેમાં ઘણાં બોટ માલિક એવા છે જેને ડીઝલ ભરાવવા, બોટમાં કોઈ નુકસાન થાય તો કામ કરાવવા માટે, બુબલા વગડાવતી બહેનોને દાડી દેવા માટે પૈસા નથી હોતા, વરસાદી વાતાવરણના કારણે બોટ માલિકોના લાખો રૂપિયાના બુમલા પાવડર બનાવવા માટે કંપનીમાં વહી જાય છે. જેનું વળતર માત્ર ૧૫% જ મળે છે. તેઓ ધંધો ચાલુ કરવા માટે તાજી માંથી, સુકીમાંથી કચરામાંથી, માજરીમાંથી પૈસા ઉપાડી લે છે તેમ છતાં તેમની પાછળ કાંઈ વધતું નથી. તે માટે સરકાર માત્ર જાફરાબાદના માછીમારો જ નહીં પણ સમગ્ર ગુજરાતના માછીમારોને ડીઝલ ૨૫ રૂપિયાનો ઘટાડો થવો જોઈએ. આ તમામ મુદ્દાઓને ધ્યાને લઈ સરકારએ દરિયાઈ માછીમારો ઉપર રહેમ દ્રષ્ટિ રાખી અને કોઈ પેકેજ જાહેર કરી સહાય કરવી જોઈએ. તેમ જાફરાબાદ શહેર યુવક કોંગ્રેસ પ્રમુખ અને ખારવા સમાજના યુવા અગ્રણીની વિઠ્ઠલભાઈ સોલંકીએ રજૂઆત કરી છે.

# રાજુલામાં બજરંગદળના ૧૫૧ યુવાનોએ ત્રિશુલ દીક્ષા ગ્રહણ કરી

## વિશ્વ હિન્દુ પરિષદના સહયોગથી પત્રકારોનું સન્માન કરાયું તથા શહીદ ચોકમાં ધ્વજા ચડાવાઈ

**અબતક, ચેતન વ્યાસ, રાજુલા**

રાજુલા શહેરના ભેરાઈ રોડ ખાતે આવેલ જુના સ્વામિનારાયણ મંદિર ખાતે વિશ્વ હિન્દુ પરિષદ અને બજરંગ દળ દ્વારા ત્રિવિધ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં

ત્રિશુલ દીક્ષા, ધ્વજારોહણ અને સન્માન કાર્યક્રમ યોજાયો. ખાસ આ કાર્યક્રમમાં પરિષદના કેન્દ્રીય સહમંત્રી આનંદજીભાઈ હરબોલા ખાસ ઉપસ્થિત રહ્યા હતાં. સૌપ્રથમ ૧૫૧ બજરંગ દળના યુવાનોએ ત્રિશુલ દીક્ષા



ગ્રહણ કર્યા હતાં. અને ગૌમાતા સનાતન ધર્મ રક્ષા કરવા શપથ લીધા હતા. તેમજ રાજુલા શહેરના શહિદ ચોક ખાતે જય શ્રી રામના નાદ સાથે ધ્વજ ચડાવવામા આવી હતી. વિશ્વ હિન્દુ પરિષદ રાજુલા દ્વારા કેન્દ્રીય સહમંત્રી તથા સૌરાષ્ટ્રના વિવિધ જીલ્લાના આગેવાનોની અધ્યક્ષતામાં પત્રકારોનો સન્માન સમારોહ યોજાયો હતો. જેમાં ભગવાન શ્રીરામની પ્રતિમા આપી પત્રકારોનું સન્માન કરવામાં આવ્યું હતું. આ સાથે સૌરાષ્ટ્ર વિશ્વ હિન્દુ પરિષદની બેઠકનું આયોજન પણ કરવામાં આવ્યું હતું. અને સંગઠનને વધુ મજબૂત બનાવવા તથા પરીષદના આગામી કાર્યક્રમો અંગે ચર્ચાઓ કરવામાં આવેલ હતી. આ કાર્યક્રમમાં રાજુલા શહેરના વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ યુવરાજભાઈ ચાંદુ, ગૌરાગભાઈ મહેતા, ચિરાગ. બી. જોષી, મનિષભાઈ વાઘેલા, કીર્તિભાઈ ચુડાસમા, જીલ્લા મંત્રી કમલેશભાઈ સાખંટ, તથા પરીષદના પદાધિકારીઓ સહિત મોટી સંખ્યામાં કાર્યકર્તાઓ ઉપસ્થિત રહ્યા હતાં. આગામી ૬ એપ્રિલના રોજ રાજુલા શહેરમાં રામનવમીના તહેવારના પાવન પર્વે શોભાયાત્રામાં જોડાવા માટે રાજુલા વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા અનુરોધ કરવામાં આવ્યો હતો.

# ધ્રાંગધ્રા: રામનવમીની રથયાત્રામાં સંચાલકોએ આપેલી પેનડ્રાઈવ સિવાયના ગીત વગાડી શકાશે નહીં

## ડીવાયએસપીની અધ્યક્ષતામાં રામનવમીના તહેવારને લઈને ડી.જે. સાઉન્ડ સંચાલકો સાથે બેઠક યોજાઈ



**અબતક, સલીમ ઘાંચી, ધ્રાંગધ્રા**

ધ્રાંગધ્રા ડીવાયએસપી ઓફિસ ખાતે ૬ એપ્રિલના રોજ રામનવમી ની રથયાત્રા ને લઈને ધ્રાંગધ્રા શહેરના સાઉન્ડ સિસ્ટમ અને ડીજે ના સંચાલકો સાથે ડીવાયએસપી ની અધ્યક્ષમાં બેઠક યોજાઈ હતી જેમાં રામ નવમી ની રથયાત્રામાં સંચાલકોએ આપેલી પેન ડ્રાઈવ સિવાય અન્ય કોઈ સોંગ કે ગીત વગાડવાની અને કોઈ ધર્મ ની લાગણી દુભાઇ નહિ તેની ખાસ તકેદારી રાખી અને સૂચના આપવામાં આવી હતી.

આગામી ૬ એપ્રિલના રોજ સમગ્ર ભારતમાં રામનવમી ની રથયાત્રા અને તેની ઉજવણી કરવામાં આવી રહી છે જેને લઈને ગુજરાત પોલ્યુશન કંટ્રોલ બોર્ડે નક્કી કરેલી સાઉન્ડની લિમિટ કરતા વધુ અવાજ સાથેના ડી.જે અને લાઉડ સ્પીકર કોઈ વગાડી શકશે નહીં જે અને આવનારા રામનવમી ના તહેવાર ના અનુસંધાને ધ્રાંગધ્રા ડીવાયએસપી ઓફિસ ખાતે ડીજે સાઉન્ડ સિસ્ટમ સંચાલકો સાથે બેઠક યોજીને સરકારના પરિપત્ર અને રામ નવમી ની રથયાત્રામાં સંચાલકોએ આપેલી પેન ડ્રાઈવ સિવાય અન્ય કોઈ સોંગ કે ગીત વગાડવાની અને કોઈ ધર્મ ની લાગણી દુબાઇ નહિ તેની ખાસ તકેદારી રાખી અને સમજણ આપવામાં આવી હતી અને જો આના વિરુદ્ધ કોઈ જશે તો કાયદાકીય કાર્યવાહી કરવામાં આવશે તેવી સૂચના આપવામાં આવી હતી.

# ડીસામાં અગ્નિકાંડની દુર્ઘટના બાદ તંત્ર સફાળુ જાગ્યુ

## ફટાકડાના પરવાના મુદ્દે તંત્રએ કાર્યવાહી હાથ ધરી: ૬૬ ફટાકડા પરવાના ધારકોમાંથી ૧૫ પાસે જ ફાયર એનઓસી ! જયારે ૬ પરવાના રદ કરાયા

**અબતક, સંજય દીક્ષીત, સાબરકાંઠા**

તાજેતરમાં જ બનાસકાંઠા જીલ્લાના ડીસામાં એક ગંભીર અને ખૂબ મોટી દુર્ઘટના સર્જાઈ હતી જેમાં ફટાકડા બનાવતી ફેક્ટરીમાં આગ લાગવાની ઘટના બનતા ખૂબ વિસ્ફોટક બ્લાસ્ટ થયો હતો જેના પગલે ફેક્ટરીમાં કામ કરતાં ૨૧ થી વધુ શ્રમિકો મોતને ભેટ્યા હતા ત્યારે આ ઘટના બાદ સાબરકાંઠા જીલ્લાનું તંત્ર પણ સફાળું જાગ્યું છે અને જિલ્લામાં ફટાકડાના પરવાના મુદ્દે મોટી કાર્યવાહી હાથ ધરવામાં આવી છે જેમાં જિલ્લામાં કુલ ૬૬ કાયમી ફટાકડાના પરવાના ધારકો છે તેમાંથી માત્ર ૧૫ પરવાનેદારોએ જ ફાયર એન.ઓ.સી રજૂ કર્યું છે કલેક્ટર કચેરી દ્વારા તમામ પરવાનેદારોને ફાયર એન.ઓ.સી મેળવવા માટે લેખિત નોટિસ આપવામાં આવી હતી આ નોટિસના પગલે ૧૫




દુકાનદારોએ રિજીયોનલ ફાયર ઓફિસર ગાંધીનગર પાસેથી એન.ઓ.સી મેળવીને રજૂ કર્યું છે અને જે પરવાનેદારોએ ફાયર એન.ઓ.સી રજૂ નથી કર્યું તેમની સામે કડક કાર્યવાહી કરવામાં આવી છે અને ૬ પરવાના રદ કરી દેવામાં આવ્યા છે બાકીના ૪૪ પરવાનેદારોના લાયસન્સનું રિન્યુઅલ અટકાવી દેવામાં આવ્યું છે તેવું જાણવા મળ્યું છે જ્યારે હિંમતનગર કલેક્ટર કચેરીના સૂત્રો પાસેથી મળતી માહિતી મુજબ જિલ્લામાં ફટાકડાની કોઈ ફેક્ટરી નથી માત્ર ફટાકડાના ગોડાઉન આવેલા છે તેવું જાણવા મળ્યું છે.

# જામજોધપુરથી હર્ષદ સુધીની પગપાળા યાત્રા શરૂ



**અબતક, ભરત ગોહીલ, જામ જોધપુર**

જામ જોધપુર હર્ષદ ગરબી મંડળ દ્વારા ૩૫ વર્ષથી આયોજીત જામ જોધપુરથી હર્ષદ (મિયાણી) સુધી જતી પગપાળા યાત્રાનો પ્રારંભ કરવામાં આવેલ હતો. જેમાં શહેરભરમાંથી વિશાળ સંખ્યામાં પદયાત્રીઓ જોડાયા હતા.



# જામજોધપુરનું ગૌરવ




**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામજોધપુરના રાકેશભાઈ તથા ભરતભાઈ સહિત મિત્ર મંડળ દ્વારા બેઈઝ કેમ્પ નેપાળ એવરેસ્ટ ૧૯૦૦૦ ફૂટ આસપાસ ૧૨ દિવસમાં ટ્રેક પૂર્ણ કર્યો હતો. તે અંતર્ગત કસરતો, સાયકલીંગ, વોડિંગની ૪૪ (આર) કરી હતી તેમજ રાકેશભાઈ જેમની વય ૫૫ છે. છતાં યુવાનને પાછળ રાખી સ્ફૂર્તિ સાથે ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું.

# ચોમાસાની પૂર્વ તૈયારીઓના આયોજન અંગે માર્ગદર્શન આપતા જિલ્લા કલેક્ટર

## જૂનાગઢ જિલ્લામાં પ્રી-મોન્સૂનની કામગીરીની સમીક્ષા કરતા કલેક્ટર અનિલકુમાર રાણાવસિયા



**અબતક ,ચિરાગ રાજ્યગુરુ જૂનાગઢ,**

જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને આજ રોજ કલેકટર કચેરીના સભાખંડ ખાતે ચોમાસા દરમિયાન કરવાની થતી પૂર્વ તૈયારીઓના આયોજનની સમીક્ષા કરવામાં આવી હતી.

આ બેઠકમાં કલેકટરએ ચોમાસા દરમિયાન રાઉન્ડ ધી ક્લોક કંટ્રોલરૂમ ચાલુ રાખવા, શહેરના જે વોર્ડમાં પાણી ભરાવાના પ્રશ્નો ઉદ્ભવે છે ત્યાં જરૂરી કામગીરી કરવા,ચોમાસા દરમિયાન શહેરમાં સ્વચ્છતા જળવાઈ રહે તે માટે જરૂરી પગલા લેવા, પીવાના પાણીની વ્યવસ્થા તથા ક્લોરીનેશન, ગટર, બુગદા સાફ કરાવવા અને વરસાદના પાણીના નિકાલની વ્યવસ્થા અંગે તા.૧ જૂનથી ફ્લડ સેલ કાર્યરત કરવા જરૂરી માર્ગદર્શન આપ્યું હતું. આ ઉપરાંત ચોમાસા દરમિયાન શહેરમાં આવેલા મોટા હોર્ડિંગ્સ વરસાદના લીધે પડે નહીં અને જો પડે તો પડે તેમ હોય તો ઉતારવાની વ્યવસ્થા, શહેરી વિસ્તારમાં જર્જરિત મકાનોની યાદી, ફાયર અને શોધ બચાવના સંસાધનો ચકાસવા, ડેમનું પ્રી- મોનસુન ઈન્સ્પેકશન, ગામડાઓમા આશ્રય સ્થાન તરીકે ઉપયોગ કરવા માટે શાળાઓની યાદી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં વીજળી, તેની અગાઉથી ઓળખ કરવા અંગે પણ કલેક્ટરએ સંબંધિત અધિકારીઓને જરૂરી સૂચનાઓ અને માર્ગદર્શન આપ્યું હતું.

આ ઉપરાંત સિવિલ હોસ્પિટલ જૂનાગઢમાં પણ ઈમર્જન્સી સહિતની સેવાઓ, દવાનો જથ્થો ,કંટ્રોલરૂમ સહિતની બાબતની સમીક્ષા કરવામાં આવી હતી. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારી નીતિન સાંગવાન ,અધિક કલેકટર એન. એફ. ચૌધરી ,પ્રાંત અધિકારઓ ,મામલતદાર ઓ ,તાલુકા વિકાસ અધિકારીઓ તેમજ વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

# વિસાવદર યાર્ડમાં સેક્રેટરી, ક્લાર્કની ભરતીનો ભાવ શું?: ચર્ચા ચગડોળે

**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર સ્વર્ગસ્થ કેશુભાઈ પટેલ માર્કેટિંગ યાર્ડમાં તાજેતરમાં સેક્રેટરી તથા ક્લાર્ક અને કોમ્પ્યુટર ઓપરેટરની ખાલી જગ્યા ભરવા માટેની જાહેરાત કરેલ છે તેમાં સેક્રેટરી માટે તથા અન્ય ભરતી માટે ખૂબ મોટી રકમની આપ લે થનાર હોય તેવું લોકમુખે ચર્ચાઈ રહીયું છે લોકમુખે ચાલતી ચર્ચા મુજબ સેક્રેટરી માટે ખૂબ મોટી રકમ એટલે કે સંભવત વિશ થી પાંત્રીસ લાખ જેવી રકમના ભાવ બોલાતા હોવાનુ યાર્ડના વેપારીઓ તથા ખેડૂતોમાં ચર્ચા ચાલી રહી છે અને ક્લાર્ક તથા કોમ્પ્યુટર ઓપરેટરની ભરતીમાં પણ મોટી રકમ આપી ભરતી થનાર હોવાનો લોકમુખે ચર્ચાઈ રહ્યું છે ત્યારે આ બાબતે આ ચર્ચાના ચગડોળે ફરી એક વખત માર્કેટિંગ યાર્ડ વિસાવદર આવેલ છે તો આ ભરતીમાં આટલી મોટી રકમનો વહીવટ થશે કે આ ચર્ચા છે તે સત્યથી વેગળી રહી છે તે આવનારો સમય જ કહેશે પરંતુ હાલ તો આ ચર્ચાએ જોર પકડયું છે અને આ બાબતે જાહેરમાં ચર્ચાઓ થઈ રહી છે.

# અમરેલી લેટરકાંડ અંગે તટસ્થ તપાસ કરાવવા બગસરા માર્કેટીંગ યાર્ડના ચેરમેનની વડાપ્રધાનને રજુઆત

## લેટર કાંડમાં શંકાસ્પદોને છાવરવામાં આવતા હોવાનો આક્ષેપ

**અબતક, સમીર વિરાણી, બગસરા**

અમરેલીમાં કથીત લેટર કાંડમાં તટસ્થ તપાસની માંગનો મુદ્દો છેક વડાપ્રધાન સુધી પહોચતા સૌરાષ્ટ્રમાં ફરી રાજકરણમાં ગરમાવો આવ્યો છે.

અમરેલીના લેટર કાંડ બાબતે આટલા દિવસમાં કોઈ સ્પષ્ટતા ન થતા તેમજ શંકાસ્પદ લોકોને છાવરવામાં આવતા તટસ્થ તપાસની માંગ સાથે બગસરા યાર્ડના ચેરમેન દ્વારા વડાપ્રધાનને પત્ર પાઠવી રજૂઆત કરવામાં આવી છે.

અમરેલી જિલ્લાના લેટર કાંડ બાબતે વારંવાર નવી નવી બાબતો બહાર આવેલ છે થોડા દિવસો પૂર્વે રાજ્યકક્ષાના ગૃહ મંત્રી હર્ષ સંઘવી દ્વારા અમરેલીના લેટરકાંડ વિશે બજેટ સત્રમાં લેટર કાંડ કૌશિક વેકરીયાને બદનામ કરવા ષડયંત્ર જણાવ્યું હતું. બગસરા માર્કેટિંગ યાર્ડના ચેરમેન કાંતિભાઈ સતાસિયા દ્વારા વડાપ્રધાનને પત્ર પાઠવી તટસ્થ તપાસ માટે માંગ કરેલ છે. પત્રમાં તેમના જણાવવામાં આવેલ છે કે અમરેલીના એસ.પી દ્વારા સીટની રચનાનો રિપોર્ટ આવેલ નથી, લેટરના એફ એફ એલ રિપોર્ટ જાહેર થયેલ નથી, આનંદ યાજ્ઞિક વકીલ દ્વારા હાઈકોર્ટમાં ન્યાય માટે કેસ પેન્ડિંગ છે. આવી અનેક બાબતો ન્યાયાધીન હોય ત્યારે ધારાસભ્યોએ ગૃહમાં કોઈ નિવેદન આપતા પહેલા વિચારવું જોઈએ. વધુમાં આ તમામ પ્રશ્નમાં પોલીસનો વર્તાવ સૌથી વધુ શંકાસ્પદ છે જેથી આ કેસમાં જોડાયેલા તમામ લોકો નાર્કો ટેસ્ટ કરવામાં આવે તેમજ તપાસ કેન્દ્રીય એજન્સીઓને સોંપવામાં આવે તેવી માંગ પણ કરવામાં આવેલ છે. થોડા થોડા દિવસે લેટર કાંડ બાબતે નવા નવા ફણગા ફૂટતા રહે છે જેથી આગામી દિવસોમાં હજુ કંઈક નવું બહાર આવે તેવું પણ લાગી રહ્યું છે.


# મેદસ્વિતા ઘટાડવા નિષ્ણાંતો દ્વારા ખાનપાન, કસરત અને તણાવ મુક્ત જીવન શૈલી અંગે માર્ગદર્શન અપાશે: કલેકટર

## જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને સમીક્ષા બેઠક યોજાઈ

**અબતક ચિરાગ રાજ્યગુરુ જુનાગઢ**

જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયાના અધ્યક્ષ સ્થાને આજ રોજ સ્વસ્થ ગુજરાત મેદસ્વિતા મુક્ત ગુજરાત અભિયાન અંતર્ગત બેઠક યોજાઇ હતી. જેમાં જિલ્લામાં જનજાગૃતિ માટે વિવિધ વિભાગોએ કરવાની થતી કામગીરી અંગે જરૂરી સમીક્ષા કરવામાં આવી હતી.

જૂનાગઢ જિલ્લા કલેકટર અનિલકુમાર રાણાવસિયા દ્વારા કર્મયોગીઓના સ્વાસ્થ્ય માટે એક નવીન પહેલ કરવામાં આવી છે. જે અન્વયે એક પહેલ સ્વહિતાર્થ થી કર્મયોગી પ્રોજેક્ટ



શરૂ કરવામાં આવ્યો છે. જેમાં જૂનાગઢ જિલ્લાના વર્ગ ૧ થી ૪ના તમામ કર્મયોગીઓનો બોડી માસ ઈન્ડેક્સનો ડેટા એકત્ર કરવામાં આવ્યો છે. તેમજ જિલ્લાની દરેક કચેરી વાઇઝ નોડલ ઓફિસરોની પણ નિમણૂક કરવામાં આવી છે. આ એકત્રિત ડેટાના આધારે આગામી સમયમાં ઓવરવેઈટ થી ઓબેસ ગ્રેડ ૧,૨ અને ૩ ધરાવતા કર્મયોગીઓ માટે કેમ્પ યોજાશે. જેમાં નિષ્ણાંત દ્વારા કર્મયોગીઓને ખાવા પીવામાં રાખવાની થતી કાળજી, એક્સરસાઈઝ, સ્ટ્રેસ લેવલ દૂર કરવા સંબંધિત જરૂરી માર્ગદર્શન આપવામાં આવશે.

આ બેઠકમાં કલેકટરએ અધિકારીઓને રોજિંદા જીવનમાં પણ ખાંડ, તેલનું પ્રમાણ ઘટાડવા તેમજ એક્સરસાઈઝ, યોગા કરવા અનુરોધ કર્યો હતો. ખાસ કરીને કલેકટરશ્રીએ જૂનાગઢ શહેર ઉપરાંત ગ્રામ્ય કક્ષાએ તલાટી સુધી તમામ કર્મયોગીઓને આ પ્રોજેક્ટ અન્વયે સમાવવા પ્રાંતઅધિકારીઓને સૂચના આપી હતી. આ બેઠકમાં મ્યુનિસિપલ કમિશનર ઓમ પ્રકાશ, જિલ્લા વિકાસ અધિકારીનીતિન સાંગવાન ,અધિક કલેકટર એન.એફ. ચૌધરી સહિતના વિવિધ વિભાગના અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા.

આઈયે ''ના'' બિહાર મેં....

# શાપરના કારખાનેદારને બિહાર બોલાવી અપહરણ કરી લાખોની ખંડણી વસુલાય

## યુવાન તેના પિતરાઈ ભાઈ સાથે પટના એરપોર્ટ પર ઉતરતા જ બે શખ્સો કારમાં બેસાડી ખેતરમાં લઈ ગયા : ઢોર માર માર્યો

**અબતક, રાજકોટ**

એલ્યુમિનિયમ ઓર્ડરના એમઓયુ કરવાં શાપરના કારખાનેદારને બિહાર બોલાવી અપહરણ કરી લૂંટી લેવાનો બનાવ સામે આવતાં કારખાનેદાર અને વેપારી લોબીમાં ખળભળાટ મચી ગયો હતો. શાપર પોલીસે ગુનો નોંધી બિહારની ટોળકીને પકડવા ચક્રો ગતિમાન કર્યા હતાં. રાજકોટનો યુવાન કારખાનેદાર તેના પિતરાઈ સાથે પટના એરપોર્ટ ઉતરતાં જ બે શખ્સો કાર લઈ આવ્યા અને અવાવરું ખેતરમાં લઈ જઈ ઢોર મારામાર્યો હતો અને પિતા પાસે ફોન કરાવી રૂ.૨.૫૦ લાખ ઓનલાઈન ટ્રાન્સફર કરાવી લીધાં હતાં.સમગ્ર મામલામાં રાજકોટના નાના મવા રોડ પર વ્રજ કોમ્પ્લેક્ષ ફ્લેટ નં.૪૦૨ માં રહેતા મૂળ કાલાવડના ભાંગા ગામના વતની મહેકભાઈ પ્રફુલભાઈ ચોવટીયા (ઉ.વ.૨૨) એ નોંધાવેલ ફરિયાદમાં આરોપી તરીકે શિવરાજ સગી એજીએમ સેન્ટ્રલ કોલફિલ્ડ કંપની હજારીબાગ, ઝારખંડ નામ ધારણ કરનાર શખ્સ અને રાહુલ નામનો માણસ તેમજ તેની સાથેના અજાણ્યાં શખ્સોના નામ આપતાં શાપર પોલીસે

**રોકડા રૂ.૪૭,૫૦૦, ૪૪ હજારના વાઉચર અને બે મોબાઈલ પણ પડાવી લીધા**

બીએનએસ એક્ટ ૧૪૦(૨),૩૦૯(૪),૩૧૯(૨) સહિતની કલમ હેઠળ ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી.

વધુમાં ફરિયાદીએ જણાવ્યું હતું કે, તેઓને કોટડાસાંગાણીના પડવલા મહાદેવ ઈન્ડસ્ટ્રીઝ એરીયામાં શીવાય એન્ટરપ્રાઈઝ નામે એલ્યુમીનીયમ ઈંગોટ બનાવવાનું કારખાનુ ચલાવે છે. ગઈ તા.૨૫/૦૩/૨૦૨૫ ના તેઓ કારખાને હતા ત્યારે તેમના પિતાને ફોન આવેલ કે, હું સેન્ટ્રલ કોલફિલ્ડ (સી.સી.એલ.) કંપની હજારીબાગ, ચરહી, ઝારખંડથી એજીએમ શીવાજ સગી બોલુ છુ, અમારે મહીને ૨૦૦ ટન એલ્યુમીનીયમ એસની જરૂરીયાત છે તમે આપી શકશો તેમ કહેતા, તેઓએ હા પાડતા તેણે કહેલ કે, તમે અમારી કંપનીએ આવી એમઓયુ કરી જાવ તેમ કહેતા કારખાનુ ફરીયાદીના નામે હોય જેથી તેઓના પિતાએ તેમને તથા કુટુંબી કાકા આશીષભાઈ ભંડેરીને એમઓયુ કરવા મોકલતા અમો બંન્ને તા.૨૭/૦૩/૨૦૨૫ ના અમદાવાદથી બાય ફ્લાઈટ પટના (બીહાર) ગયેલ અને પટના એરપોર્ટે ઉતરતા બપોરના એક સવા એક વાગ્યે ફોન આવેલ કહેલ કે હું, રાહુલ બોલુ છુ તમને રીસીવ કરવા આવેલ છુ.હું એરપોર્ટના ગેઈટ પાસે સફેદ રંગની આઈ-૨૦ કાર જેના નં. બીઆર-૦૧-જેએફ-૭૦૧૮ લઈને ઉભો છુ તેવી વાત કરતા બંન્ને એરપોર્ટના ગેઈટ પાસે જતા ત્યાં કાર પાસે રાહુલ તથા તેની સાથે બીજો માણસ ઉભેલ હતો. જેથી તેઓ ગાડીમાં બેસી ગયેલ બાદ પટના પશ્ચીમ દરવાજાથી દોઢેક કીલોમીટર આગળ પહોચતા ત્યાં ડ્રાઈવરે એક રસ્તામાં જતી સ્ત્રી સાથે કાર ભટકાડતા તે સ્ત્રીને લાગી જતા તેને દવાખાને લઈ જવા માટે રાહુલ ત્યાં ઉતરી ગયેલ અને ડ્રાઈવર તેઓને ૭૦ થી ૮૦ કી.મી. દુર લઈ જઈ રસ્તામાં ગાડી ઉભી રાખી હતી. ત્યાંથી એક માણસ ગાડીમાં બેસી ગયેલ અને તેણે અમને ગન બતાવી ડરાવેલ બાદ તે બે ત્રણ કીલોમીટર આગળ લઈ ગયેલ હતાં.

ત્યાં બે બાઈકમાં ચાર માણસો આવેલ અને તેઓને કોઈ અવાવરૂ ખેતરમાં લઈ ગયેલ અને બંન્નેના મોબાઈલ ફોન, બંન્નેના પાકીટ તેમજ ફરીયાદી પાસે રહેલ રોકડ રૂ.૧૨,૫૦૦ તથા આશીષ પાસે રહેલ રોકડ રૂ.૩૫ હજાર તેમજ મેકબુક લઈ લીધેલ અને બંન્નેના મોબાઈલ ફોનના પાસવર્ડ માંગી ફોન ફ્લાઈટ મોડમાં મુકી તેઓના વાઈફાઈથી બંન્નેના મોબાઈલ ફોનના વોટ્સઅપમાં તેમના પિતાને શેર કરેલ લાઈવ લોકેશન ડિલીટ કરી નાખેલ હતું. બે-ત્રણ કલાક બાદ આરોપી રાહુલ ત્યાં આવેલ અને અંધારૂ થઈ જતા આરોપીઓ કારમાં પાંચેક કીલોમીટર દુર ખેતરમાં લઈ ગયેલ અને ત્યાં બે માણસો ઉતરેલ અને ત્યાં બીજા બે માણસો હાજર હતા. રાહુલ તથા તેની સાથેનો બીજો એક માણસ કાર લઈને ત્યાંથી જતા રહેલ બાદ ત્યાં હાજર ચારેય માણસો આશરે દોઢ-બે કીલોમીટર ચલાવી એક ખેતરની ઓરડીમાં લઈ ગયેલ હતાં.

ત્યાં બીજા પાંચ માણસો હાજર હતા જેમાંથી ચાર માણસો પાસે જોટાવાળી બંધુક હતી અને ત્યાં ખેતરની ઓરડીમાંથી એક માણસ તેઓને ફોનમાં વાત કરાવતો હતો. સામેનો માણસ બંન્નેના બેંક એકાઉન્ટની ડીટેઈલ માંગતો હતો. બાદ મોડી રાત્રીના તેઓ દોઢ કરોડ રૂપીયા આપો નહીતર મારી નાખશુ

**વધુ ખંડણી માંગી ફરીવાર ઉઠાવી જવાની ધમકી આપનાર બિહારની ગેંગ વિરુદ્ધ શાપર પોલીસમાં ગુનો**

તેવી ધમકી આપતા હતા. બીજા દિવસે એટલે તા.૨૮ ના સવારના અગીયારેક વાગ્યે ફરિયાદીના પિતાના મોબાઈલ નંબર લઈ તેના વોટ્સઅપ કોલમાં પિતા સાથે વાત કરાવી કહેડાવેલ કે, પચાસ લાખ રૂપીયા આમને આપો નહીતર આ બધા અમને મારી નાખશે તેવી વાત કરાવેલ હતી.આરોપીઓ ઘણી વખત ફરીયાદી પાસે ફોન કરાવતા હતા અને આ વાત દરમ્યાન ધોકા વડે મારતા પણ હતા તેમજ નગ્ન વિડીયો પણ ઉતારતા હતા. જેથી ફરીયાદીનાં પિતાએ તેમને રૂપીયા આપવાની હા પાડતા તેઓએ અલગ અલગ બેંક એકાઉન્ટ આપતા તેના પિતાએ એકાઉન્ટમાં રૂ.૨.૫૦ લાખ નાખેલ હતાં. બાદ સાંજના સાડા આઠ વાગ્યે બે શખ્સ તેમની આઈ.૨૦ કારમાં બેસાડી બીહારના ઈસ્લામાપુર ટાઉનથી આશરે એકાદ કીલોમીટર દુર બંન્નેના પાકીટ તથા આશીષની મેકબુક આપી ઉતારી દિધેલ હતાં.

બાદમાં તેઓ બંન્ને ત્યાંથી ઈસ્લામાપુર પહોંચી એક મોબાઈલ ફોનના દુકાનવાળાના ફોનથી તેના પિતાને ફોન કરી ગુગલ પે દ્વારા રૂપીયા મંગાવી તે દુકાનેથી નવો મોબાઈલ ફોન તથા સીમ લઈ ત્યાંથી બસમાં બેસી રાંચી તા.૨૯/૦૩/૨૦૨૫ ના વહેલી સવારના પહોચેલ તે દરમ્યાન તેમના પિતા પણ તેઓને શોધતા શોધતા રાંચી પહોંચી ગયેલ અને ત્યાંથી ત્રણેય ફ્લાઈટમાં અમદાવાદ આવી ગયેલ હતાં.બાદમાં ફરિયાદી અને તેના પિતરાઈએ પોતાના બેંક એકાઉન્ટ તપાસતા ફરિયાદીના એકાઉન્ટમાંથી રૂ.૩૪ હજાર તેમજ આશીષના એકાઉન્ટમાંથી રૂ.૯૯૦૦ નું ગીફ્ટ કાર્ડ લઈ ઈ-મેઈલ ઉપર ટ્રાન્સફર કરી લીધેલ હતુ. તેમજ ઈન્સ્ટાગ્રામ એકાઉન્ટ પણ હેક કરી લીધેલ હતુ. ઉપરાંત આરોપીઓ હજુ પણ અવારનવાર ફરીયાદીનાં પિતાને ફોન કરી વધું ખંડણીની માંગણી કરી રૂપીયા નહીં આપો તો ફરિવાર તમારા પુત્રને ઉપાડી જશું તેવી ધમકી આપી છે. બનાવ અંગેની ફરીયાદ પરથી શાપર પોલીસે ગુનો નોંધી પીઆઈ આર.બી.રાણા અને ટીમે તપાસ હાથ ધરી હતી.

---

સહકારી ક્ષેત્રે જન જાગૃતિના કાર્યક્રમ માટે

# સહકારી સંસ્થાઓ સરકારની મંજૂરી વિના અનામત ફંડમાંથી ૨૦ ટકા જમા કરાવી શકશે

## આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણીમાં સામેલ થવા રાજ્ય સરકારનો નિર્ણય

**અબતક, રાજકોટ**

યુનાઈટેડ નેશન્સ જનરલ એસેમ્બલીએ વર્ષ ૨૦૨૫ને ''આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ'' તરીકે ઉજવવાનું જાહેર કર્યું છે. જે અંતર્ગત આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષની ઉજવણી માટે વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવી રહ્યું છે, જેમાં સામાજિક-આર્થિક વિકાસમાં સહકારી સંસ્થાઓના યોગદાનને પ્રકાશિત કરવા માટે તમામ સભ્ય દેશો, સંયુક્ત રાષ્ટ્રો અને સંબંધિત હિતધારકોને પ્રોત્સાહિત કરવામાં આવશે.


સહકારી સંસ્થાઓની ''૨૦30 એજન્ડા ફોર સસ્ટેનેબલ ડેવલપમેન્ટ''ને હાંસલ કરવામાં મહત્વની ભૂમિકાને સંયુક્ત રાષ્ટ્રો દ્વારા સ્વીકારવામાં આવી છે. આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ યુ.એન. સમર્થિત પહેલ છે, જેનો ઉદ્દેશ્ય આર્થિક વિકાસ, સામાજિક સમાવેશ અને પર્યાવરણીય સ્થિરતામાં સહકારી સંસ્થાઓના યોગદાન અંગે જાગૃતિ લાવવાનો છે. આ ઉપરાંત સામૂહિક જવાબદારી, લોકશાહી નિર્ણય પ્રક્રિયા અને સમુદાયિક સશકિતકરણને પ્રોત્સાહન આપવાની સાથે સાથે ગરીબી, અસમાનતા અને જળવાયુ પરિવર્તન જેવા વૈશ્વિક પડકારોને સંબોધવા માટે એક શક્તિશાળી સાધન તરીકે સહકારી મોડલ પર વધુ ધ્યાન કેન્દ્રિત કરવામાં આવી રહ્યું છે.

ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સીલની મળેલ બેઠકમાં પણ આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ની ઉજવણી અંગે ચર્ચાઓ કરવામાં આવી હતી. જે અંતર્ગત જુદા-જુદા કાર્યક્રમો યોજવા માટે રાજ્ય સરકાર પાસે પ્રાયોજીત ભંડોળ ઉપલબ્ધ છે તેમજ અલગથી ફંડ પણ ફાળવવામાં આવ્યું છે.

સહકારી સંસ્થાઓ પણ સંયુક્ત રાષ્ટ્રના આંતરરાષ્ટ્રીય સહકાર વર્ષ-૨૦૨૫ના વિઝનને જમીની સ્તર ઉપર ઉતારવામાં મહત્વની ભૂમિકા ભજવવા માંગતી હોય અને લોકભાગીદારીથી વિવિધ કાર્યક્રમોનું આયોજન કરવા માંગતી હોય તેવા કિસ્સામાં સરકારની પૂર્વ મંજૂરી મેળવવામાં સમય વ્યતિત ન થાય અને વિવિધ પ્રવૃત્તિની ઉજવણીમાં અવરોધ ન રહે તેવા શુભ હેતુથી રાજ્ય સરકાર દ્વારા ગુજરાત સહકારી મંડળી અધિનિયમ હેઠળ સહકારી સંસ્થાઓ તેમની પાસે રહેલા અનામત ફંડના ૨૦ ટકા સુધી નાણા આ કાર્યક્રમના ફંડ હેઠળ જમા કરવાવા મંજૂરી આપવામાં આવી છે. રાજ્ય સરકાર દ્વારા સહકારી સંસ્થાઓને પૂર્વ મંજૂરી મેળવવા ન આવવું પડે તેવા શુભ હેતુથી આ નિર્ણય કરવામાં આવ્યો છે તેમજ સહકારી સંસ્થાઓને ફરજિયાત આ ફંડ આપવાનું રહેતુ નથી.

---

# ૨૦૦ એમએમટી કાર્ગો હેન્ડલિંગ સાથે અદાણી પોર્ટ્સ મુંન્દ્રા પ્રથમ સ્થાને



**અબતક, રાજકોટ**

અદાણી પોર્ટ્સ એન્ડ સ્પેશિયલ ઈકોનોમિક ઝોન લિમિટેડ એ નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫માં તેના તમામ બંદરો પર ૪૫૦ મિલિયન મેટ્રિક ટન ના કાર્ગો હેન્ડલિંગ વોલ્યુમ કરીને ભારતના દરિયાઈ વ્યાપારમાં અમીટ છાપ ઉભી કરી છે. આ નોંધપાત્ર સિદ્ધિમાં મોખરે અદાણી પોર્ટ મુન્દ્રા છે, જેણે એક જ વર્ષમાં ૨૦૦ એમએમટી કાર્ગો હેન્ડલિંગ કરનાર ભારતના પ્રથમ બંદર તરીકે ઈતિહાસ રચ્યો છે. આ બેવડી સીમા ચિહ્નરૂપ સિદ્ધિ મુંદ્રા પોર્ટને દેશના મુખ્ય વ્યાપારી પ્રવેશદ્વાર તરીકે દર્શાવે છે, તથા ભારતના દરિયાઈ અને લોજિસ્ટિક્સ ઈકોસિસ્ટમમાં અગ્રિમ તરીકે પોર્ટના કદને પણ ઉન્નત કરે છે.

પોર્ટના પોર્ટ ફોલિયોમાં ૪૫૦ એમએમટી કાર્ગો હેન્ડલિંગની સંયુક્ત સિદ્ધિ કંપનીની કાર્યકારી શ્રેષ્ઠતા અને વ્યૂહાત્મક દ્રષ્ટિકોણને પ્રતિબિંબિત કરે છે, જ્યારે એકલા અદાણી પોર્ટ મુન્દ્રાની ૨૦૦ એમએમટીની સ્વતંત્ર સિદ્ધિ આ સફળતામાં તેની મુખ્ય ભૂમિકા પર ભાર મૂકે છે.નાણાકીય વર્ષ ૨૦૨૪-૨૫ માં કાર્ગો હેન્ડલિંગની આ સીમાચિહ્નરૂપ સિદ્ધિ ભારતના અગ્રણી લોજિસ્ટિક્સ પાવરહાઉસ તરીકે અદાણી પોર્ટ્સને મજબૂત બનાવે છે. ઉપરાંત, આર્થિક પ્રગતિ વધારવા, વૈશ્વિક વેપારી જોડાણ વધારવા, ઉત્પાદન અને વેપાર કેન્દ્ર બનવાની ભારતની મહત્વાકાંક્ષાને ટેકો આપવા માટે અદાણી પોર્ટના યોગદાનને દર્શાવે છે.

---

# દ્વારકા શહેર ભાજપ સંગઠનના હોદારોની નિમણૂંક

## મહામંત્રી પદે રવિ બારાઈ, વિમલ ચૌહાણ સહિત શહેરના સંગઠનના હોદારો નિયુક્ત

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દ્વારકા શહેર ભાજપના વિવિધ હોદારોની નિમણૂંક કરવામાં આવી છે. શહેર પ્રમુખપદે થોડા સમય પૂર્વે કિશન વાયડાની નિમણૂંક થયા બાદ શહેર ભાજપ સંગઠનના અન્ય હોદ્દેદારો નિયુક્ત કરવામાં આવ્યા હતા જેમાં મહામંત્રી પદે રવિ બારાઈ તથા વિમલ ચૌહાણ નિયુક્ત કરાયા છે. ઉપપ્રમુખ પદે રાજેન્દ્રભાઈ એ. બથીયા, ભીમજી ભાઈ કણઝારીયા, પરબતભાઈ લગારીયા, હિંમતભા કેર, કિશોરીબેન એન. જટણીયાતથા મોહનભાઈ આર. નકુમ નિમાયા છે. જયારે પ્રકાશભાઈ બી. વાઘેલા, વર્ષાબેન ડી. કારાણી, બ્રિજેશભાઈ ડી. માંડલિયા, સંગીતાબેન સુમણીયા, ભાવીષાબેન ગોસ્વામી તથા બીનાબેન એમ માણેકને મંત્રી પદે નિયુક્ત કરાયા છે. જયારે કોષાધ્યક્ષ તરીકે અરવિંદભાઈ નકુમ નિમાયા છે.

# દ્વારકાઃ સલાયામાં રામનવમીએ લોહાણા સમાજનું નાતજમણ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**

સલાયા લોહાણા મહાજન દ્વારા આગામી તા. ૬-૪-૨૦૨૫ ને રવિવારના રોજ લોહાણા મહાજન વાડીમાં બપોરે ૧:૩૦ કલાકે સમસ્ત રઘુવંશી સમાજ (નાત)ની જ્ઞાતિ ભોજનનું આયોજન કરાયું છે. જેમાં લોહાણા સમાજ ઉપરાંત સાધુ સમાજ, સારસ્વત મહાસ્તાન, રાજકોગ સમાજ, બ્રહ્મ સમાજને પણ રામનવમીના પાવન અવસરે રામજન્મના વધામણાની ખુશીમાં પરંપરગત રીતે પંગતમાં બેસાડી મહાપ્રસાદી પીરસવામાં આવશે. આ અંગે લોહાણા મહાજન સલાયા તથા જલારામ સેવા સમિતિની જહેમતથી તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

---

પુત્રી ત્રિશાલીના જન્મ દિન નિમિતે

# જગતમંદિરમાં ઠાકોરજીને ૯૭૦ ગ્રામ ચાંદીના આભુષણો અર્પણ કરતો કતીરા પરિવાર

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દ્વારકાધીશ જગતમંદિરમાં કાલે ઠાકોરજીના ભાવિક કતીરા પરિવાર દ્વારા શ્રીજીના ચરણોમાં ૯૭૦ ગ્રામ ચાંદીના અલંકાર અર્પણ કરવામાં આવ્યા હતા. ભાવિક વિશાલભાઈ જગદીશભાઈ કતીરા પરિવાર દ્વારા તેમની પુત્રી ત્રિશાલીના જન્મદિન નિમિત્તે ચાંદીના આયુધ (શંખ, ચક્ર, ગદા, પદ્મ), ચાંદીના કુંડળ તથા ચાંદીનો શહેરો અર્પણ કરી ધન્યતા અનુભવી હતી.

---

પોલીસ દ્વારા

# દ્વારકા જીલ્લા સનાતન આશ્રમ ખાતે કાલે મહારકતદાન કેમ્પ

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



દેવભૂમિ દ્વારકા જિલ્લા પોલીસ વડા નિતેશકુમાર પાંડેયના માર્ગદર્શનમાં આગામી કાલે દ્વારકા ખાતે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આગામી શનિવારે દ્વારકાના પોલીસ સ્ટેશન સામે આવેલ સનાતન આશ્રમ ખાતે સવારે ૯ થી સાંજે ૫ કલાક સુધી યોજાનાર કેમ્પમાં વધુને વધુ રક્તદાતા કેમ્પમાં જોડાઈ રક્તદાન કરે તેવી જિલ્લા પોલીસ દ્વારા અપીલ કરવામાં આવી છે.

# ભાણવડઃ રૂપામોરા ગામની દિકરી નેશનલ જ્યુડો ચેમ્પીયનશીપમાં ત્રીજા ક્રમે

**અબતક, મહેન્દ્ર કક્કડ, દ્વારકા**



ભાણવડ તાલુકાના રૂપામોરા ગામના સગર સમાજની દિકરી મયુરીબેન પિરોતરે તાજેતરમાં ઉત્તરાખંડના દેહરાદુન ખાતે યોજાયેલ નેશનલ જ્યુડો ચેમ્પીયનશીપમાં તૃતીય ક્રમે વિજેતા બની સમગ્ર રૂપામોરા ગામ, સગર સમાજ તેમજ ભાણવડ તાલુકાનું ગૌરવ વધાર્યુ છે.

---

# ગાંધીજી, મેઘાણી, અમૃતલાલ શેઠની પ્રતિમાઓ યુવાનોમાં જીવનમૂલ્યોનું ઘડતર કરશેઃ મુખ્યમંત્રી

## શૌર્યભૂમિ રાણપુરમાં ગાંધી સ્મૃત્તિ સ્મારકના લોકાર્પણ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ, મંત્રીઓ કનુભાઈ દેસાઈ, મુળુભાઈ બેરાએ શુભેચ્છાઓ પાઠવી

**અબતક, રાજકોટ**



શૌર્યભૂમિ રાણપુર (જિ. બોટાદ) સ્થિત અમૃતલાલ દલપતભાઈ શેઠ હોસ્પિટલ ખાતે અનન્ય અને અનોખું ગાંધી સ્મૃતિ સ્મારકનું લોકાર્પણ ૦૬ એપ્રિલ ૨૦૨૫ ને રવિવાર (ધોલેરા સત્યાગ્રહ-સિંધુડોની ૯૫મી જયંતી)ના રોજ સાંજે ૦૫ કલાકે થઈ રહ્યું છે.

આ અવસરે મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલએ રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણીના પૌત્ર અને ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાનના સ્થાપક પિનાકી નાનકભાઈ મેઘાણીને અભિનંદન પાઠવ્યા છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્રભાઈ પટેલ જણાવ્યું કે 'જ્યાં ગાધીજી અને મેઘાણીજીનું સૌપ્રથમ મિલમ થયું હતું તે રાણપુરમાં રાષ્ટ્રપિતા ગાંધીજી, રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી અને સૌરાષ્ટ્રના સિંહ અમૃતલાલ શેઠની અર્ધ-પ્રતિમાઓ અને માહિતીસભર ચિત્રાંકનથી લોકો માહિતગાર થશે નાણાં, ઊર્જા મંત્રી કનુભાઈ દેસાઈ તથા પ્રવાસન, સાંસ્કૃતિક મંત્રી મુળુભાઈ બેરાનો પણ શુભેચ્છા સંદેશ પ્રાપ્ત થયો છે.

આપણાં સ્વાતંત્ર્ય-સંગ્રામ અને તેમાં નામી-અનામી શહીદ-વીરો અને સ્વાતંત્ર્ય-સેનાનીઓએ આપેલ આહુતિ અને બલિદાનથી નવી પેઢી પરિચિત-પ્રરિત થાય તે આશયથી ગુજરાત સરકારના પ્રવાસન વિભાગના ગુજરાત પ્રવાસન નિગમ લિ. પ્રેરિત રાષ્ટ્રીય શાયર ઝવેરચંદ મેઘાણી સર્કિટ અંતર્ગત પિનાકી મેઘાણી - ઝવેરચંદ મેઘાણી સ્મૃતિ સંસ્થાન દ્વારા ગાંધી સ્મૃતિ સ્મારકનું નિર્માણ કરવામાં આવ્યું છે. પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિ.નો આર્થિક સહયોગ પ્રાપ્ત થયો છે. અમૃતલાલ શેઠના પૌત્રવધૂ પૂર્ણાબેન જતીનભાઈ શેઠ અને અમૃતલાલ દલપતભાઈ શેઠ હોસ્પિટલનો પણ સહયોગ પ્રાપ્ત થયો છે. શિલ્પ-સ્થાપત્ય ખ્યાતનામ શિલ્પકારો મયુર વાકાણી, આનંદ ટીકે અને હેમાલી વાકાણી (અમિત ફાઈબર ડેકોર)એ તૈયાર કર્યા છે.

---

સતત ત્રીજા મેચમાં હૈદરાબાદનો ટોપ ઓર્ડર નિષ્ફળ

# કોલકતાએ ૮૦ રનના માજીર્નથી હૈદરાબાદને કચડ્યું

**કેકઆર માટે બોલિંગમાં વૈભવ અરોરા અને વરૂણ ચક્રવર્તીએ ૩-૩ વિકેટ ઝડપીઃ અય્યરના ૨૯ બોલમાં વિસ્ફોટક ૬૦ રન**

**અબતક, કોલકતા**



કોલકાતા નાઈટ રાઈડર્સે તેમના હોમ ગ્રાઉન્ડ ઈડન ગાર્ડન્સ ખાતે શાનદાર પ્રદર્શન કરતા સનરાઈઝર્સ હૈદરાબાદને ૮૦ રનના મોટા અંતરથી હરાવ્યું છે. આઈપીએલ ૨૦૨૫ માં કેકેઆરની આ ચોથી મેચ હતી અને આ જીત સાથે ટીમે સિઝનમાં પોતાની બીજી જીત નોંધાવી છે. આ મેચમાં કેકેઆર ના બેટ્સમેનોની સાથે બોલરોએ પણ કમાલનું પ્રદર્શન કર્યું હતું.

નીતિશ રેડ્ડી (૧૯) અને કામેન્દુ મેન્ડિસે (૨૭) થોડો સમય ઈનિંગ્સને સંભાળવાનો પ્રયાસ કર્યો હતો, પરંતુ તેઓ પણ મોટી ભાગીદારી નોંધાવી શક્યા નહોતા. હેનરિચ ક્લાસને એક છેડેથી ૩૩ રનની ઈનિંગ રમી હતી, પરંતુ બીજા છેડેથી વિકેટો પડતી રહેવાના કારણે તેમના પર પણ રનરેટનું દબાણ વધી ગયું હતું અને તેઓ પણ આઉટ થઈ ગયા.કેકઆર માટે બોલિંગમાં વૈભવ અરોરા અને વરુણ ચક્રવર્તીએ અદ્ભુત પ્રદર્શન કર્યું હતું. બંને બોલરોએ ૩-૩ વિકેટ ઝડપી હતી, જ્યારે આન્દ્રે રસેલને ૨ વિકેટ મળી હતી. આ શાનદાર જીત સાથ. કેકેઆરએ પોઈન્ટ ટેબલમાં પોતાની સ્થિતિ મજબૂત કરી છે, જ્યારે સનરાઈઝર્સ હૈદરાબાદ માટે આ હાર બાદ સિઝનમાં આગળનો રસ્તો વધુ મુશ્કેલ બની ગયો છે.ઈન્ડિયન પ્રીમિયર લીગના ઈતિહાસમાં સનરાઈઝર્સ હૈદરાબાદની આ સૌથી મોટી હાર છે. તે. કેકેઆરના હાથે ૮૦ રનથી હારી ગયા છે. આ પહેલા આઈપીએલમાં હૈદરાબાદની સૌથી મોટી હાર સીએસકે સામે થઈ હતી. આઈપીએલ ૨૦૨૪માં ચેન્નાઈ સુપર કિંગ્સે હૈદરાબાદને ૭૮ રને હરાવ્યું હતું. આ પહેલા વર્ષ ૨૦૧૩માં પણ ચેન્નાઈએ હૈદરાબાદને ૭૭ રને હરાવ્યું હતું.

### જેગુઆર ફાઈટર પ્લેન ક્રેશમાં મૃત્યુ પામનાર

# પાયલોટના પાર્થિવ દેહને લશ્કરી સન્માન સાથે વતનમાં લઈ જવાયો

## સુવરડાની સીમમાં એરફોર્સની ટીમે કોર્ડન કરી તપાસ શરૂ કરી

જામનગર તાલુકાના સુવરડા ગામની સીમ વિસ્તારમાં ગઈકાલે રાત્રે ઈન્ડિયન એરફોર્સનું જેગુઆર ફાઈટર પ્લેન ટેકનિકલ ક્ષતિના કારણે ક્રેશ થયું હતું. જે પ્લેન ક્રેશ ની દુર્ઘટનામાં ફાઈટર પ્લેનના ફલાઈટ લેફટનેન્ટ સિદધાર્થ સુશીલકુમાર યાદવ (રહે. ૨૩૧૮ હાઉસીંગ બોર્ડ કોલોની, સેકટર-૪, રેવાડી, હરિયાણા) નામના પાયલોટનું મૃત્યુ નિપજ્યું હતું.

જે દુર્ઘટના ના હતભાગી શહીદ પાયલોટના પાર્થિવ દેહને આજે ઉચ્ચ અધિકારીઓ અને અન્ય એરફોર્સ ના કર્મચારીઓ વગેરેની ઉપસ્થિતિમાં રાષ્ટ્રીય સન્માન અપાયું હતું, અને તેમના પાર્થિવ દેહને તેમના વતન હરિયાણા રાજ્યમાં મોકલવા કાર્યવાહી કરવામાં આવી હતી.





# એસપી પ્રેમસુખ ડેલુએ દિવ્યાંગ બાળકો સાથે કરી જન્મદિવસની ઉજવણી

## બાળકોને ડાન્સ સાથે આનંદ કરાવી પોતાની સંવેદના વ્યક્ત કરી હતી







જામનગરના જિલ્લા પોલીસવડા પ્રેમસુખ ડેલુ નો જન્મદિવસ કાલે હતો, જેઓએ પોતાના જન્મદિવસની ઉજવણી મનો દિવ્યાંગ બાળકો સાથે કરીને તેઓને ખુશી આપવા નો પ્રયત્ન કરીને પોતાની સંવેદના વ્યક્ત કરી હતી. આ વેળાએ તેમની સાથે તેઓના પત્ની તથા જામનગર જિલ્લાના અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ જોડાયા હતા.

જામનગરના જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલુએ આજે પોતાનો જન્મદિવસ દિવ્યાંગ બાળકો સાથે મનાવ્યો હતો. જ્યારે અત્યાર સુધી સામાન્ય રીતે જન્મ દિવસની ઉજવણી તેઓ કરતા નથી, પણ આ વર્ષે ઓમ ટ્રેનિંગ સેન્ટર જેમાં માનસિક ક્ષતિગ્રસ્ત દિવ્યાંગ બાળકોની તાલીમ સંસ્થા આવેલી છે તેમાં બાળકો સાથે મનોરંજન ડાન્સ તેમજ બાળકોને આનંદ કરાવી પોતાનો જન્મદિવસ દિવ્યાંગ બાળકો સાથે મનાવ્યો હતો, અને પોતાની સંવેદના વ્યક્ત કરી હતી.

જેમાં જામનગર એસ.પી. પ્રેમસુખ ડેલૂ સજોડે હાજર રહ્યા હતા, જ્યારે જામનગર જિલ્લા ના અન્ય ઉચ્ચ પોલીસ અધિકારીઓ એ.એસ.પી. પ્રતિભા, ગ્રામ્ય વિભાગના ડી.વાય.એસ.પી. રાજેન્દ્ર દેવધા, શહેર વિભાગના ડી.વાય.એસ.પી.જયવીરસિંહ ઝાલા, પોલીસ હેડક્વાર્ટર ના ડી.વાય.એસ.પી. વિ.કે પંડ્યા, સિટી સી. ડિવિઝન ના પી.આઈ. ચાવડા, એલ.સી.બી.ના પી.એસ. આઈ. પી. એન. મોરી સહિતના પોલીસ અધિકારીઓ ઉપસ્થિત રહ્યા હતા. જેઓની સાથે ઓમ ટ્રેનીંગ સેન્ટર ના સંચાલક ડીમ્પલ મહેતા ઉપસ્થિત રહ્યા હતા, અને સંસ્થાના આગેવાનો હાજર રહ્યા હતા. અને જામનગર જિલ્લા પોલીસ વડા પ્રેમસુખ ડેલૂ એ દિવ્યાંગ બાળકો સાથે આનંદ પ્રમોદ સાથે પોતાની જન્મદિવસ ની અનોખી ઉજવણી કરી હતી.

## સાધના કોલોની માર્ગે ધંધાર્થીઓ દ્વારા કરાયેલુ દબાણ તંત્ર દ્વારા હટાવાયું

### મંડપ- સામીયાણો સહિતનો અનેક માલસામાન મનપા ટીમે જપ્ત કર્યો

જામનગર શહેર ના રણજીત સાગર રોડ, સાધના કોલોની વાળા માર્ગે કેટલાક ધંધાર્થી ઓ દ્વારા જાહેર રોડ ઉપર દબાણ કરવામાં આવતા જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા દબાણ દૂર કરવાની કામગીરી કરવામાં આવી હતી. અને અમુક ધંધાર્થીઓનો માલ સામાન જપ્તીમાં લેવામાં આવ્યો હતો.

જામનગર શહેરના અનેક માર્ગો ઉપર ધંધાર્થીઓ દ્વારા દબાણો કરવામાં આવતા હોવાથી ટ્રાફિક સમસ્યા સર્જાય છે .જેની સામે જામનગર મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા છેલ્લા કેટલાક દિવસ થી ખાસ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. અને આવા ધંધાર્થીઓનો માલ સામાન જપ્તી માં લેવામાં આવી રહ્યો છે. તેમજ તેને ત્યાં થી દૂર કરવામાં આવી રહ્યા છે. શહેરના સાધના કોલોની માર્ગે શાકભાજી , સીઝનલ મસાલાવાળા, તરબૂચ વેચનારા સહિતના કેટલાક ધંધાર્થીઓ દ્વારા મંડપ ઊભા કરીને જાહેર રોડ ઉપર દબાણ કરવામાં આવ્યું હતું. આથી મહાનગર પાલિકાની એસ્ટેટ શાખા ત્રાટકી હતી. અને કેટલાક ધંધાર્થીઓનો માલ સામાન ભરીને જપ્તીમાં લેવામાં આવ્યો હતો જેને ટ્રેક્ટરમાં ભરી ને મહા નગરપાલિકાની કચેરીમાં મોકલી દેવામાં આવ્યો હતો. અને તેમના મંડપો દૂર કરીને જગ્યા ખુલી કરાવી હતી.

## સરકારી હોસ્પિટલ દ્વારા એન.સી.ડી. સ્ક્રીનીંગ ડ્રાઈવ અંતર્ગત ૧,૭૧૭ દર્દીઓની તપાસ

### હાયપર ટેન્શનના ૨૧૪ તથા ડાયાબિટીસના ૨૭૭ દર્દીઓનું નિદાન કરી સારવાર અપાઈ



આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ, ગુજરાત સરકાર દ્વારા તા.૩૧ માર્ચ, ૨૦૨૫ સુધીમાં ૩૦ કે તેથી વધુ ઉંમરના તમામ વ્યક્તિઓનું ડાયાબિટીસ અને હાયપરટેન્શન માટે સ્ક્રીનીંગ કરવાનું મહત્વાકાંક્ષી લક્ષ્ય નિર્ધારિત કરવામાં આવેલ.જેના અનુસંધાને તબીબી અધિક્ષક, મેડિસિન વિભાગના વડા તથા અને એન.સી.ડી. કલીનીકના સીનીયર તબીબના માર્દર્શન હેઠળ ગુરૂ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલ, જામનગર ખાતે પણ 'એન.સી.ડી. સ્ક્રીનીંગ ડ્રાઈવ'નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં હોસ્પિટલ ખાતે ઓ.પી.ડી.માં સારવાર લેવા આવનાર ૩૦ કે તેથી વધુ ઉંમરના વ્યક્તિઓને આ ડ્રાઈવનો લાભ મળી રહે તે રીતે આયોજન હાથ ધરાયું હતું.

આ અભિયાન અંતર્ગત ગુરૂ ગોબિંદસિંઘ સરકારી હોસ્પિટલ, જામનગર ખાતે સારવાર અર્થે આવનાર ૩૦ કે તેથી વધુ ઉંમરના તમામ વ્યક્તિઓનું એન.સી.ડી. કિલનિક રૂમ ખાતે હાયપરટેન્શન તથા ડાયાબિટીસનું સ્ક્રીનીંગ કરવામાં આવેલ હતું.જેમાં કુલ ૧,૭૧૭ દર્દીઓની સ્ક્રીનીંગ તપાસ કરવામાં આવેલ, જે પૈકી હાયપર ટેન્શનના ૨૧૪ તથા ડાયાબિટીસના ૨૭૭ દર્દીઓનું નિદાન કરી સારવાર કરવામાં આવેલ હતી.

## જામજોધપુરના ભરકડી ગામે યુવકની હત્યામાં પિતાને આજીવન અને પુત્રને પાંચ વર્ષની કેદ

### પતરા નાખવા બાબતે પાડોશી પિતા-પુત્ર પર કરેલા હુમલામાં યુવકનું મોત નિપજતા બનાવ હત્યામાં પલ્ટાયો'તો

જામનગર જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ભરકડી ગામ માં પોણા ચાર વર્ષ પહેલા એક હત્યા નો બનાવ બનવા પામ્યો હતો. જે કેસ માં આરોપી પિતા ને આજીવન કેદ ની સજા અને પુત્ર ને પાંચ વર્ષ ની સજા નો અદાલતે આદેશ કર્યો છે.

જામજોધપુર તાલુકા ના ભરકડી ગામમાં રહેતા જયંતીભાઈ સાંગાણી તારીખ ૩૦/૭/૨૦૨૧ ના પોતાના ઘરે હતા ત્યારે તેના પાડોશ માં જ રહેતા રમેશ લખમણભાઈ સાંગાણી અને તેનો પુત્ર સોહીલ રમેશભાઈ સાંગાણી તેના ઘરે પહોંચ્યા હતા અને ઘર ની બહાર પતરા નાખવા બાબતે ચર્ચા કરતા મામલો ગરમાયો હતો, અને મારામારી સુધી પહોંચ્યો હતો. આથી ઉશ્કેરાયેલા સોહીલ રમેશભાઈ સાંગાણી એ ડેનિસ જેન્તીભાઈ સાંગાણી ઉપર લોખંડના સળિયા વડે હુમલો કર્યો હતો જ્યારે સોહિલ ના પિતા રમેશ સાંગાણી એ લોખંડ ની કોષ વડે જેન્તીભાઈ સાંગાણી ઉપર જીવલેણ પ્રહાર કરતા જેન્તીભાઈ નું ગંભીર ઈજા થવાના કારણે મૃત્યુ થયું હતુ પરિણામે બનાવ હત્યા મા પલટાયો હતો.

આ બનાવ અંગે જે તે સમયે મૃતક જેન્તીભાઈ ના પુત્ર અને ઈજાગ્રસ્ત એવા ડેનિસ જેન્તીભાઈ સાંગાણી એ પોલીસ માં ફરિયાદ નોંધાવતા પોલીસે આરોપી પિતા - પુત્ર ની ધરપકડ કરી જેલ હવાલે કર્યા હતા.

આ અંગે નો કેસ અદાલતમાં ચાલી જતા સરકાર પક્ષે ૨૦ સાહેદો તપાસવામાં આવ્યા હતા. અને ૩૬ જેટલા દસ્તાવેજી પુરાવો અદાલતમાં રજૂ થયા હતા.

બંને પક્ષની દલીલો સાંભળ્યા પછી એડિશનલ ડિસ્ટ્રિક્ટ એન્ડ સેશન અગ્રવાલ એ આરોપી પિતા રમેશભાઈ લખમણભાઇ સાંગાણી ને આજીવન કેદની સજા તથા તેના પુત્ર સોહિલ રમેશભાઈ સાંગાણી ને હત્યા પ્રયાસના ગુના ની કલમ અન્વયે પાંચ વર્ષ ની સજા નો હુકમ કર્યો હતો. આ કેસમાં સરકાર પક્ષે મદદનીશ જિલ્લા સરકારી વકીલ પિયુષ પરમાર અને મૂળ ફરિયાદી તરફે વકીલ દિનેશ વિરાણી રોકાયા હતા.

## ત્રણ હેડ કોન્સ્ટેબલને એ.એસ.આઈ. તરીકે બઢતી

જામનગર જિલ્લાના પોલીસ બેડામાં ફરજ બજાવતા ત્રણ પોલીસ હેડ કોન્સ્ટેબલને જિલ્લા પોલીસ વડા દ્વારા એ.એસ.આઈ. તરીકે પ્રમોશન આપવામાં આવ્યા છે,

જામનગરના મહિલા પોલીસ સ્ટેશનમાં ફરજ બજાવતા હસમુખભાઈ કરસનભાઈ મકવાણા, સીટી સી. ડિવિઝનના પોલીસ હેડ કોન્સ્ટેબલ અનિરુદ્ધસિંહ જાડેજા અને હેડ કવાર્ટરમાં ફરજ બજાવતા હરદીપભાઈ ભરતભાઈ ધાંધલને એએસઆઈ તરીકેનું પ્રમોશન અપાયું છે, અને હાલની જગ્યાએ તેઓને ફરજ બજાવવા હુકમ કરવામાં આવ્યો છે.જેઓને પ્રમોશન મળતાં પોલીસ બેડામાં થી ત્રણેયને અભિનંદનની વર્ષા થઈ રહી છે.

## બાગેશ્વરધામના ધીરેન્દ્રશાસ્ત્રીનું ફરી વનતારામાં આગમન

### એરપોર્ટ પર ધીરેન્દ્રશાસ્ત્રીને ભક્તો મળ્યા



જામનગરમાં રિલાયન્સના અનંત અંબાણી દ્વારા સ્થાપિત વિશ્વના સૌથી મોટા વન્યજીવ રેસ્કયુ સેન્ટર 'વનતારા'ની મુલાકાતે મહાનુભાવોનો પ્રવાહ ચાલુ છે. વડાપ્રધાન બાદ સલમાન ખાન ,શ્રી શ્રી રવિશંકરની તેમજ અનેક હસ્તીઓએ મુલાકાત બાદ, ફરી મોડી રાત્રે બાગેશ્વર ધામના મહંત પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રી પણ જામનગર પહોંચ્યા છે.

જામનગર એરપોર્ટ પર તેમના આગમન સમયે તેમના અનુયાયીઓ અને સનાતન ધર્મપ્રેમીઓ ઉપસ્થિત રહ્યા હતા. રિલાયન્સ તરફથી તેમનું ભવ્ય સ્વાગત કરવામાં આવ્યું હતું. બાગેશ્વર બાબા તરીકે પ્રસિદ્ધ ધીરેન્દ્ર શાસ્ત્રી મોટર માર્ગે વનતારા પહોંચ્યા હતા.

અંબાણી પરીવારના મહેમાન બન્યા છે

રીલાયન્સના ગ્રીન્સમા રોકાણ કરશે આજે દિવસ દરમિયાન તેઓ વનતારાની મુલાકાત લઈ રહ્યા છે. વનતારા એ વન્યજીવો માટેનું કૃત્રિમ નિવાસ સ્થાન છે, જ્યાં વન્યજીવોના રક્ષણ અને સારવાર માટેની વિશ્વકક્ષાની સુવિધાઓ ઉપલબ્ધ છે.

### વનતારામાં સેલિબ્રિટીઓનુ આગમન યથાવત


### ફૂલઝાર સિંચાઈ યોજના અંતર્ગત

## જામજોધપુરમાં ભ્રષ્ટ અધિકારીઓ બિનઅધિકૃત રીતે પાણી છોડતા હોવાનો ખેડૂતોનો આક્ષેપ

**અબતક, ભરત ગોહિલ, જામજોધપુર**

જામનગર જિલ્લાના જામજોધપુર તાલુકાના ફૂલઝર કોટડા બાવીસી (કો.બા) સિંચાઈ યોજનામાંથી જવાબદાર અધિકારી દ્વારા અમુક વગદાર લોકો સાથે સાંઠગાંઠ દ્વારા મોટી રકમના તોડ કરીને ડેમમાંથી બેફામ નદીમાં પાણીછોડી બગાડ કરવામાં આવે છે. આવો આક્ષેપ કરી ખેડૂતોએ જણાવ્યું છે કે રવિવારે રજાનો લાભ લઈ કોઈના ધ્યાનમાં ન આવે અને કચેરીએ ફરીયાદ કરવાને મોકો ન મળે આવા બદ ઈરાદાથી આવુ કૃત્ય આચરવામાં આવેલ છે. જો આ રીતે પાણીનો બગાડ થાય તો સિંચાઈ યોજના દ્વારા કરોડોના ખર્ચે બનેલ કેનાલના કમાંડ વિસ્તારના ખેડૂતોએ પાણી માટેના પૈસા ભરી ઉનાળુ પાકનું વાવેતર કરેલ તેનું શું ?જો ખેડૂતોને નુકશાન થાય તો જવાબદારી કોની? તો એણે જવાબદાર ભ્રષ્ટ અધિકારી ઉપર પગલા લઈ તેની ઉંડી તપાસ કરવામાં આવે તેવી માંગ સિંચાઈ યોજના હેઠળ તમામ લાભાર્થી ખેડૂતો દ્વારા કરવામાં આવેલ છે. અન્યથા ના છુટકે આગામી દિવસોમાં ગાંધી ચિંધ્યા માર્ગે આંદોલન કરવાની ફરજ પડશે તેમ ખેડૂતો દ્વારા ચિમકી ઉચ્ચારવામાં આવી છે.

### યોગ્ય પગલાં ન લેવાય તો આંદોલનના મંડાણની ચીમકી



## એસ્ટેટ શાખા દ્વારા મુખ્ય માર્ગો ઉપર ધંધાર્થીઓ કરેલું દબાણ હટાવાયું

### બે ટ્રેક્ટર ભરીને માલસામાન જપ્ત કરાયો

જામનગર શહેરમાં ચો તરફ જાહેર રોડ ઉપર ધંધાર્થીઓ દ્વારા દબાણ કરવામાં આવતાં ટ્રાફિક સમસ્યા સર્જાય છે. આથી મહાનગરપાલિકા દ્વારા ખાસ દબાણ હટાવ ઝુંબેશ ચલાવવામાં આવી રહી છે. આજે પણ શહેરના અનેક સ્થળોએ દબાણ દૂર કરાયા હતા. અને બે ટ્રેક્ટર ભરીને માલસામાન જપ્તી માં લેવાયો હતો.

જામનગરમાં શહેરના અનેક મુખ્ય માર્ગો ઉપર વેપારીઓ - ધંધાર્થીઓ દ્વારા પોતાનો માલ સામાન જાહેર રોડ ઉપર ખડકી જઈને દબાણ કરવામાં આવતુ હોય છે. અને દુકાનદારોએ પોતાની દુકાન પાસે વાહન પાર્ક ના થઈ શકે તેવી રીતે લોખંડની ઝાળીઓ ગોઠવી દઈ આડસ ઊભી કરતા રહે છે. ઉપરાંત કેટલાક હોટલના ધંધાર્થીઓ દ્વારા પણ વાસણ , જ્યારે કપડાના વેપારી દ્વારા પૂતળા ને રોડ ઉપર રાખીને કાપડ ની જાહેરાતો કરાવતી હોય છે. આવા અનેક દબાણો ને કારણે ટ્રાફિક સમસ્યા સર્જાતી હોય છે.આથી મહાનગરપાલિકાની એસ્ટેટ શાખા દ્વારા ખાસ દબાણ હટાવ ઝુંબેશ શરૂ કરવામાં આવી છે. આજે પણ શહેર ના ગુલાબ નગર , પંડિત નેહરુ રોડ, સુમેર ક્લબ રોડ, ટાઉન હોલ સહિતના વિસ્તારોમાં ઝુંબેશ હાથ ધરવામાં આવી હતી, અને ધંધાર્થીઓનો માલ સામાન જપ્ત કરી મહાનગરપાલિકા કચેરીમાં જમા કરાવી દેવામાં આવ્યો હતો.

હજુ પણ આગામી દિવસો માં આવી ઝુંબેશ અવિરત ચાલુ રહેશે. તેમા મહાનગર પાલિકાના અધિકારીએ જણાવ્યું છે.

# કચ્છમાં રાષ્ટ્રીય ધોરી માર્ગોની સ્થિતિ બિસ્માર છતા ટોલ ટેકસમાં વધારો અન્યાયી

## ગાંધીધામ ચેમ્બર અને ટ્રાન્સપોર્ટ એસો.ની મિટીંગ બેઠક બાદ રાષ્ટ્રીય ધોરી માર્ગ ઓથોરિટીના ચીફ જનરલ મેનેજરને આવેદન પાઠવાયું

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

ગાંધીધામ ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રીની ઓલ ટ્રાન્સપોર્ટ એસોસિએશન ની પેટા કમિટીની એક મહત્વપૂર્ણ બેઠક ચેમ્બર કાર્યાલય ખાતે યોજાઈ હતી, જેમાં કચ્છના તમામ રાષ્ટ્રીય ધોરીમાર્ગોની બિસ્માર સ્થિતિ અને આવનારા ટોલ વધારાને લઈને ગંભીર ચિંતા વ્યક્ત કરવામાં આવી હતી. બેઠક ની વિગત પાઠવતાં, ચેમ્બર પ્રમુખ મહેશ પૂજે જણાવ્યું હતું કે,



''સપ્ટેમ્બર ૨૦૨૪માં''નો રોડ નો ટોલ' આંદોલન દરમિયાન એનએચએઆઈ દ્વારા કરવામાં આવેલી પ્રતિબદ્ધતાઓનું હજુ સુધી પાલન થયું નથી. અગાઉ અપાયેલ ખાતરીઓ ને છ મહિના કરતાં વધુ સમય વીતી ગયો હોવા છતાં, રસ્તાઓની સ્થિતિમાં કોઈ જ સુધારો જોવા મળ્યો નથી. તેમ છતાં એનએચએઆઈ ૧ એપ્રિલ, ૨૦૨૫ થી ટોલ ચાર્જ વધારાની યોજના સંપૂર્ણ અન્યાયી છે.

આ બેઠકમાં નિર્ણય લેવામાં આવ્યો હતો કે, એનએચએઆઈ પોતાની પ્રતિબદ્ધતાઓનું પાલન કરે તે માટે ભારતીય રાષ્ટ્રીય ધોરીમાર્ગ સત્તામંડળના મુખ્ય જનરલ મેનેજર (ટેક)ને આવેદન પત્ર પાઠવી ને વિનંતી કરવામાં આવી છે. જો આ માંગણીઓ પર કોઈ કાર્યવાહી નહીં થાય તો, આગામી દિવસોમાં ફરી એક વાર શાંતિપૂર્ણ આંદોલન શરૂ કરવાની ચીમકી પણ આ તબક્કે ઉચ્ચારવામાં આવી હતી.

### પત્રકારો માટે તોડબાજ શબ્દના ઉપયોગના વિરોધમાં

# કચ્છ જિલ્લા પત્રકાર એકતા પરિષદ સંગઠન દ્વારા કલેક્ટરને આવેદન અપાયું

**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

કચ્છ જિલ્લા પત્રકાર એક્તા પરિષદ સંગઠન દ્વારા ભૂજ જિલ્લા કલેક્ટર કચેરી ખાતે આવેદન પત્ર આપવામાં આવ્યુ હતું, થોડાક સમય પહેલા ગુજરાત ના ગૃહ મંત્રી દ્વારા પત્રકાર માટે વિધાનસભા ની બેઠકમાં તોડબાજ જેવાં શબ્દોનો ઉલ્લેખ કરવામાં આવ્યું હતુ. જેથી તમામ પત્રકારો ની લાગણી દુભાવી હોય તેવું જણાઈ આવ્યું હતુ, તે સંદર્ભે ગુજરાત ના તેત્રીસ જીલ્લામાં પત્રકાર એક્તા પરિષદ સંગઠન દ્વારા આવેદન



પાઠવ્યું હતું, કચ્છ જિલ્લા ભૂજ સેવા સદન કચેરી એ આવેદન પાઠવ્યું હતુ. જેમાં ગુજરાત પ્રદેશ અધ્યક્ષ જયમલસિંહ જાડેજા, પૂર્વ કચ્છ જિલ્લા પ્રમુખ સમીરભાઈ મહેશ્વરી, કારોબારી પ્રમુખ દીપેન્દ્રસિંહ જાડેજા, કોર્ડીનેટર કિશોર ભાઈ ધેડા, ગાંધીધામ ઉપ પ્રમુખ જીતુભાઈ વજીરાણી, ભચાઉ શહેર પ્રમુખ મહાવીર સિંહ રાણા, જિલ્લા મહા મંત્રી દિનેશભાઈ કાઠેચા, મહેશભાઈ દરજી, ચંદ્રેશભાઈ પટેલ, વિવેકભાઈ ડુંગરખીયા, અભિષેકભાઈ વગેરે જોડાયાં હતાં.

# ઉપલેટા: ભાડુતે દુકાનનો કબ્જો માલિકને સોંપી આપવા હુકમ

**અબતક, કિરિટ રાણપરિયા, ઉપલેટા**

ઉપલેટા ખાતે રહેતા પ્રૌઢે મિત્રતાના દાવે મિત્રને આપેલી દુકાન ખાલી ન કરતા દુકાનદારે અદાલતમાં દાદ માંગતા ભાડુતી દુકાનનો કબ્જો માલિકને સોંપી આપવાનો હુકમ કર્યો છે.

ઉપરોક્ત કેસની હકીકત એવી છે કે ઉપલેટાના રહેવાસી ચુડાસમા મુકેશભાઈ ધરમશીભાઈના ઓની મિલકત ગુરૂનાનક મંદિર વીજળી રોડ ઉપલેટા ખાતે આવેલી હોય સદરહું દુકાન તેઓના પિતાએ સંબંધના દાવે ધોરાજીના રહેવાસી રાજેન્દ્ર મુકુંદરાય દવેને આપેલી અને દુકાન આપતી વખતે જયારે જરૂરીયાત ઉભી થાય ત્યારે મુળ માલીકને પરત સોંપી આપવાની વાત થયેલી હતી. પરંતુ રાજેન્દ્ર મુકુંદરાય દવે (રહે. ધોરાજી)એ દુકાન પરત ન સોંપતા ચુડાસમા મુકેશભાઈ વિગેરે નાઓએ ઉપલેટાની અદાલતમાં મિલકત પરત મેળવવા દાવો દાખલ કરેલો જે દાવો ચાલી જતા તેમજ બન્ને પક્ષોની દલીલ સાંભળી એડી. સિવિલ કોર્ટ ઉપલેટાનાઓએ વાદી એડવોકેટ જયેશ એસ.વસંતની દલીલો ગ્રાહ્ય રાખી સદરહું મિલકત દુકાનનો કબજો બે માસમાં વાદીઓને પરત સોંપી આપવાનો હુકમ ફરમાવેલો છે. ઉપરોક્ત દાવામાં વાદી તરફે ઉપલેટાના એડવોકેટ જયેશ એસ. વસંત તથા એડવોકેટ રમેશ પી. સોલંકી રોકાયેલ હતા.

# વિસાવદર: પોલીસ સ્ટેશનના પી.આઇ. રિંકેશ પટેલની બદલી થતાં અપાયું વિદાયમાન


**અબતક, ગીજુભાઈ વિકમા, વિસાવદર**

વિસાવદર પોલીસ સ્ટેશનના પી.આઇ. રિંકેશ પટેલની બદલી થતા તેમનો વિદાય સમારંભ પોલીસ સ્ટેશનના હોલમાં રાખવામાં આવેલ રિંકેશ પટેલ એક લોકપ્રિય પોલીસ અધિકારી તરીકે ટુંકા સમયમાં પ્રજા સાથે રહીને લોકચાહના મેળવી લીધેલ. ગુનેગારોને સારી રીતે ટેકલ કરીને ન્યાય અને વ્યવસ્થા જાળવેલ. તેમના કાર્યકાળ દરમ્યાન વિસાવદર પોલીસ લાઇનની અંદર ટુંકા સમયમાં ભવ્ય શિવ મંદિર લોકોના સહયોગથી નિર્માણ કરેલ



શિવરાત્રીના દિવસે જ તેની પ્રાણ પ્રતિષ્ઠા કરવામાં આવેલ. આ વિદાય સમારંભના પ્રસંગે દરેર સમાજના અગ્રણીઓ રાજકીય તેમજ એન.જી.ઓ. સંસ્થાના પ્રમુખો પત્રકારોએ એક લાગણી સભર રિંકેશ પટેલને વિદાય શાલ હાર મોમેન્ટો આપીને સન્માનીત કરાયા હતા.

# દુધઈમાં ૨૫થી વધુ પોલીસ જવાનોનું હેલ્થ ચેકઅપ કરાયું



**અબતક, ભારતી માખીજાણી, ગાંધીધામ**

દુધઈ પોલીસ સ્ટેશન ખાતે દુધઈ પોલીસના સહયોગથી પી.એચ.સી. ચાદ્રાણી દ્વારા નિઃશુલ્ક હેલ્થ ચેકઅપ કેમ્પનું આયોજન કરવામાં આવ્યું હતુ. આ કેમ્પમાં ૨૫ થી વધારે પોલીસ જવાનોનું હેલ્થ ચેકઅપ કરવામાં આવ્યું. આ કેમ્પમાં ડો.મૌલિક પટેલ તથા આરોગ્ય પરિવારે પોતાની સેવા આપી હતી. આ અવસરે આઈપીએસ વિકાસ યાદવ તથા પીઆઈ આર.આર.વસાવા તથા પો.કર્મચારીઓમા જયેશભાઈ, હરદેવસિંહ રમેશભાઈ તથા નારણભાઈ મદદરૂપ બન્યા હતા.

### રણછોડદાસબાપુ ચેરીટેબલ ટ્રસ્ટ દ્વારા

# ભાટીયા: કિશોર ચેરી. ટ્રસ્ટના નેત્રયજ્ઞમાં ૨૯૧ દર્દીઓએ લીધો લાભ

**અબતક, નેહુલ લાલ, ભાટીયા**

ભાટીયા ખાતે કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ -ભાટીયા ના(આર્થિક સહયોગ)દ્વારા આયોજીત તેમજ રણછોડદાસ બાપુ ચેરીટેબલ ટ્રસ્ટ -રાજકોટની હોસ્પીટલના નિષ્ણાંત ડો.ની ટીમ દ્વારા ભાટીયા મુકામે સરકારી દવાખાના માં યોજાયેલ ૧૧૬ માં વીના મૂલ્યે નેત્ર નિદાન કેમ્પ માં ૨૯૧ દર્દીઓનુ નિદાન કરવામા આવેલ.

જેમા જરૂરીયાતવાળા દર્દીઓને ટીપા આપવામા આવેલ અને મોતીયાના ઓપરેશનની જરૂરીયાત વાળા ૯૨ દર્દીઓને હોસ્પીટલની બસ દ્વારા રાજકોટ લઈ જઈ ઓપરેશન કરી વિના મુલ્યે નેત્રમણી બેસાડી ઓપરેશનની તમામ સારવાર, રહેવા, જમવા,ચા-નાસ્તો, ચશ્મા, દવા-ટીપા વગેરે વિના મુલ્યે આપવામા આવેલ અને





કેમ્પના સ્થળે ભાટીયા મુકામે પરત મુકી જવામા આવેલ. આ કેમ્પમા ભાટીયાના ડાડુભાઈ, દેવેન લાલ,વીનુભાઈ તથા રેનસી મોરજરીયા વગેરેએ સેવા આપેલ આ કેમ્પનુ સફળ,સંપુર્ણ સંચાલન કિશોર ચેરીટેબલ ટ્રસ્ટ-ભાટીયાના પ્રમુખ-કિશોરભાઈ દતાણીએ વ્યવસ્થિત અને સુંદર રીતે સંચાલન કરી જહેમત ઉઠાવી સફળ બનાવેલ. આ કેમ્પ દર માસના છેલ્લા રવિવારે યોજવામા આવે છે.

# દેવભૂમિ દ્વારકા જિલ્લાને રેડ, યલો, ગ્રીન ઝોનમાં વિભાજીત કરાયો

**અબતક, વિનાયક ભટ્ટ, ખંભાળિયા**

સલામતી અને ડ્રોનથી રક્ષણ કરવાના હેતુ સાથે દેવભૂમિ દ્વારકા જિલ્લાને જાહેરનામું બહાર પાડી અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ ત્રણ ઝોનમાં વિભાજીત કરેલ છે

દેવભૂમિ દ્વારકા જિલ્લાના અધિક જિલ્લા મેજિસ્ટ્રેટએ જિલ્લાના કેટલાક ક્રિટીકલ/સ્ટ્રેટેજીકલ મહત્વ ધરાવતા ઈન્સ્ટોલેશન્સવાળા વિસ્તારોના ડ્રોનથી રક્ષણ તેમજ અન્ય સલામતી હેતુથી આ વિસ્તારોને રેડ ઝોન, યલો ઝોન અને ગ્રીન ઝોનમાં વિભાજીત કરતું એક જાહેરનામુ પ્રસિધ્ધ કરેલ છે. આ જાહેરનામા અન્વયે દેવભૂમિ દ્વારકા જિલ્લામાં કુલ ૧૨૩ વિસ્તારો પૈકી ૭૨ વિસ્તારોને રેડ ઝોન અને ૫૧ વિસ્તારોને યલો ઝોન જાહેર કરેલ છે. આ જાહેરનામું તા.૨૯/૦૫/૨૦૨૫ સુધી અમલમાં રહેશે, જેનો ભંગ કરનાર શિક્ષાને પાત્ર થશે. તેવું અધિક જિલ્લા મેજિસ્ટ્રેટની યાદીમાં જણાવાયું છે.

# અમરેલીમાં શ્રમિકોની વિગતો પોલીસ સ્ટેશનમાં જમા કરાવવી ફરજિયાત

## જિલ્લા મેજિસ્ટ્રેટનું ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ની કલમ-૧૬૩ હેઠળ જાહેરનામું

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી જિલ્લામાં રાજ્ય કે જિલ્લા બહારના કડિયા કામ, ઈંટોના ભઠ્ઠા, હોટલ, ધાબા, રેસ્ટોરન્ટ, ફેક્ટરી, કારખાના, ખાણીપીણીની દુકાનો, લારીઓ પર તથા કલર કામ કરતા કારીગરો તથા ઔદ્યોગિક એકમોમાં કામ કરવા આવતા કારીગરો, મજૂરો, તથા ખેત મજૂરોને કામદાર તરીકે રાખનાર જે-તે એકમના માલિક, એજન્ટ, દલાલ, લેબર કોન્ટ્રાક્ટર સહિતની વ્યક્તિઓ માટે નિયત નમૂનાના ફોર્મમાં ઉક્ત શ્રમિકોની વિગતો સંબંધિત પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવી નોંધણી કરાવવી. માલિકે, નિયત નમૂનાના ફોર્મમાં જે-તે કામદારને રાખનાર કામદારને રાખ્યા પછી ૨૪ કલાકમાં સચોટ વિગતોની ખાતરી કરી સંબંધિત પોલીસ સ્ટેશનમાં લેખિતમાં આપવી. આ જાહેરનામું તા.૩૦-૫-૨૦૨૫ સુધી અમલી રહેશે. હુકમનો ભંગ અથવા ઉલ્લંઘન કરનાર સામે ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ની કલમ-૨૨૩ની જોગવાઈ હેઠળ કાનૂની કાર્યવાહી અને સજા થશે.

# રામ જન્મોત્સવમાં સહભાગી થવા ધારાસભ્ય કૌશિક વેકરીયાનું આહવાન

## પરશુરામધામ ખાતે રામ જન્મોત્સવની ઉજવણીની તડામાર તૈયારીઓ: વિહીપ અને બજરંગ દળ દ્વારા ધારાસભ્યનું કરાયું સ્વાગત સન્માન

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલી રામજન્મોત્સવ કાર્યાલયની પરશુરામધામ ખાતે અમરેલી કુકાવાવના ધારાસભ્ય અને રાજ્યના નાયબ મુખ્ય દંડક કૌશિક વેકરીયાએ મુલાકાત લીધી હતી, દર વર્ષની જેમ આ વર્ષે પણ ખૂબ જ ધામધૂમપૂર્વક રામનવમી શોભાયાત્રા અમરેલી નગરમાં નીકળશે અને ભગવાન રામલલ્લા નગર ચર્યા એ નીકળી ભક્તોને દર્શન આપશે. વિશ્વ હિન્દુ પરિષદ, બજરંગ દળ, આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ, સહિત અનેક સામાજિક એવમ ધાર્મિક સંસ્થાઓ તથા શહેરના વેપારી અગ્રણીઓ રામ જન્મોત્સવ મહોત્સવ ઉજવવા અવિરત તૈયારી કરી રહ્યા છે. બજરંગ દળ દ્વારા રામનવમી ની



પૂર્વ સંધ્યાએ તારીખ ૫ એપ્રિલના રોજ ભવ્ય બાઈક રેલીનું આયોજન કરેલ છે તેમજ તારીખ ૬ રામનવમી ના રોજ અમરેલી શહેરમાં ભવ્યથી ભવ્ય આકર્ષક શોભાયાત્રા નીકળશે જે રામની મંદિર ખાતે પૂર્ણ થશે જેમાં ઉપસ્થિત રહેવા ગુજરાત વિધાનસભાના નાયબ દંડક અને અમરેલીના ધારાસભ્ય કૌશિક વેકરીયા એ જાહેર જનતાજોગ આહવાન કર્યું છે.સદરહુ મુલાકાત સમયે વિશ્વ હિન્દુ પરિષદના પ્રમુખ તેમજ બજરંગ દળ દ્વારા ધારાસભ્યનું સ્વાગત સન્માન કર્યું હતું તેમજ હાજર સહુ ધર્મપ્રેમી યોદ્ધાઓ સાથે આરતીનો અનેરો લાહવો લીધો હતો.

# ચોટીલાના મોણપર ગામે ત્રણ માજી સૈનિકોને સાંથણીની જમીનનો કબ્જો સોંપાયો

## વર્ષો બાદ સાંથણીની જમીનનો ઉકેલ આવતા અરજદારોમાં આનંદો

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

ચોટીલા તાલુકાના મોણપર ગામની પ્રાંત અધિકારી તેમજ મામલતદાર સહિતની ટીમે મુલાકાત લીધી હતી અને અગાઉ કરવામાં આવેલ સાંથણીની હુકમ સંદર્ભે સાંથણીદારોને જમીનના પ્રત્યક્ષ કબ્જા સોંપવાના બાકી હતા જે પૈકી માજી સૈનિકોને અને સર્વેયરોને સાથે રાખી કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

જેમાં ચીઠ્ઠી ફેંકીને સાંથણીદારનું સ્થળ નક્કી કરવામાં આવ્યું હતું ત્યારબાદ માપણી કરી ચુના અને પથ્થર વડે હદનું નિશાન



કરાવી પ્રત્યક્ષ કબ્જા સોંપવામાં આવ્યા હતા જેમાં માજી સૈનિકો કેશવલાલ ઉર્ફે કેશવજીલાલ તબાને-૯ એકર, ચુનીલાલભાઈ રતાપરાને-૯ એકર અને દુર્લભજીભાઈ કાલરીયાને-૯ એકર મળી કુલ ૨૭ એકર જમીનનો પ્રત્યક્ષ કબ્જો આપવામાં આવ્યો હતો. જ્યારે વર્ષો બાદ સાંથણીની જમીનનો ઉકેલ આવતા અરજદારોમાં આનંદની લાગણી ફેલાઈ જવા પામી હતી.

# ભાવનગરમાં સિંધી સમાજના સુખભાવના મંદિરમાં પ્રાણ પ્રતિષ્ઠા મહોત્સવની ઉજવણી

**અબતક, રોહિત સંગતાણી, ભાવનગર**

આજે શુક્રવારના રોજ બાઈક રેલી યોજાઇ હતી. જેમાં ગાદીપતિ સઁજયદેવ સાહેબનું આગમન થયુ હતું. ત્યાર બાદ આવતીકાલે સન્ત્રી મુલચંદાની નવસારી વાળા નું સાંઈ દિપકકુમાર અને સંજયદેવ સાહેબ ની ઉપસ્થિતી માં સત્સંગ તેમજ સુખમની સાહેબ નું આયોજન કરવા માં આવ્યું છે. ત્યાર બાદ તારીખ ૬ ના રોજ રવિવારે સવારે ૮ વાગે હવન અને ૧૦ વાગ્યાથી તેલઘાણી થી નવા મંદિર રસાલાકેમ્પ સુધી ભવ્ય શોભાયાત્રા યોજવામાં આવશે ત્યાર બાદ સંજયદેવ ના હસ્તે મૂર્તિ સ્થાપના થશે અને ૧૨/૩૦ કલાકે મહાપ્રસાદ સંત કવરરામ હોલ ખાતે યોજવામાં આવશે અને ૪ થી વાગ્યાંથી ગુરુજીના હસ્તે ગુરુ સીખી નામદાન કરવામાં આવશે. તેવું કમલેશભાઈ દેવાણીની અખબારી યાદીમાં જણાવ્યું છે.

# અમરેલી જીલ્લાના સ્પા. મસાજ પાર્લરના માલિકોને કડક સુચના

## આવશ્યક વિગતો પોલીસ સ્ટેશનને આપવી ફરજીયાત: જિલ્લા મજિસ્ટ્રેટનું જાહેરનામું

**અબતક, પ્રદિપ ઠાકર, અમરેલી**

અમરેલી સમગ્ર જિલ્લામાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ અને સુરક્ષાને ધ્યાને લઈને ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા-૨૦૨૩ ની કલમ-૧૬૩ અન્વયે અમરેલી જિલ્લા મેજીસ્ટ્રેટ દ્વારા જાહેરનામું પ્રસિધ્ધ કર્યુ છે, આ હુકમ સમગ્ર અમરેલી જિલ્લામાં લાગુ પડશે. સમગ્ર જિલ્લાના તમામ વિસ્તારમાં આવેલા સ્પા, મસાજ પાર્લરના માલિક, સંચાલકોએ નામ, સરનામા, મોબાઈલ નંબર, કર્મચારીઓની તમામ વિગતો, તેમના ફોટોગ્રાફ્સ, આધારકાર્ડ નંબર, ડ્રાઈવિંગ લાઈસન્સ નંબર, પાર્ટરનના નામ, સરનામા અને મોબાઈલ નંબર સહિતની વિગતો પોલીસ સ્ટેશનને ફરજિયાત આપવાની રહેશે. ૩૦ દિવસના સી.સી.ટી.વી કેમેરા રેકોર્ડિંગ રહે તે રીતે રિસેપ્શન તથા કોમન એરિયામાં સહિતના વિસ્તારને આવરી લેતા સી.સી.ટી.વી. કેમેરા ફરજિયાત રાખવા, સ્પા, મસાજ પાર્લરમાં આવતા જતા ગ્રાહકોની આઈ.ડી.પ્રૂફ ફરજિયાત રાખવાની રહેશે, રજિસ્ટર નિભાવવું, તમામ વિગતો કોરા કાગળ પર લખીને પોલીસ સ્ટેશન ખાતે જમા કરાવવી. આ અંગે સંબંધિત પોલીસ સ્ટેશને રજિસ્ટર નિભાવવામાં આવશે.આ હુકમ તા.૩૦.૦૫.૨૦૨૫ સુધી અમલમાં રહેશે. હુકમનો ભંગ કરનાર વિરુદ્ધ ભારતીય ન્યાય સંહિતા-૨૦૨૩ કલમ-૨૨૩ની જોગવાઈઓ અન્વયે કાર્યવાહી હાથ ધરવામાં આવશે...

# વઢવાણની એસ.એસ.વ્હાઈટ કંપની દ્વારા શૈક્ષણિક અને સામાજીક સંસ્થાઓને રૂ.૧૧.૫૦ લાખનું દાન અપાયું

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

વઢવાણ ખાતે આવેલ એસ.એસ. વ્હાઈટ કંપનીના માલિક રાહુલભાઈ શુકલ દ્વારા સુરેન્દ્રનગરની જુદી જુદી સામાજીક સંસ્થાઓ એમ.એન. દોશી માનવ સેવા સંઘ, આશીર્વાદ વિકલાંગ ટ્રસ્ટ, આર.ડી.આચાર્ય મહિલા એજ્યુકેશન ટ્રસ્ટ, નિર્ધાર વિધવા મહિલા કલ્યાણ ટ્રસ્ટને રૂપિયા ૧-૧ લાખનું દાન આપવામાં આપવામાં આવ્યું છે. જ્યારે લખતરના વણા ખાતે આવેલ શાહ એમ.વી.ટી



હાઈસ્કૂલની વિદ્યાર્થિનીઓ અને વિદ્યાર્થીઓ માટે નવા બાથરૂમ બનાવવા માટે રૂપિયા ૫ લાખનું દાન આપવામાં આવેલ છે તેમજ જિલ્લાના ટી. બી.ના દર્દીઓને પૂરતું પોષણ મળી રહે તે માટે ન્યૂટ્રિશિયન કીટ માટે રૂપિયા ૨.૫ લાખનું દાન સરકારી મહાત્મા ગાંધી હોસ્પિટલને આપવામાં આવેલ છે. આમ કુલ મળી રૂપિયા ૧૧.૫૦ લાખનું દાન આપી સમાજ સેવાનું ઉતમ ઉદાહરણ પૂરું પાડ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે એસ.એસ.વ્હાઈટ કંપની દર વર્ષે તેમની સી.એસ.આરની રકમમાંથી શહેરની સામાજીક સંસ્થાઓને આર્થિક મદદ કરતી આવી છે. કંપનીના માલિક રાહુલભાઈ ભાનુભાઈ શુકલનું માનવું છે કે આ રીતના જરૂરિયાતવાળી સંસ્થાઓને આર્થિક મદદ કરી તેઓ માદરે વતનનું ઋણ ચૂકવવાનો પ્રયાસ કરી રહ્યા છે.

# સ્વામીનારાયણ સંપ્રદાયના સંતોના વિરૂધ્ધમાં આહીર સેના દ્વારા ગીર સોમનાથ જિલ્લા કલેકટરને આવેદન

**અબતક, રામસિંહ મોરી, સુત્રાપાડા**

આહીર સેના ગીર સોમનાથ જિલ્લા તેમજ સર્વે હિન્દુ સમાજ અને અલગ અલગ જ્ઞાતિ બ્રહ્મ સમાજ તેમજ સાધુ સંતો મહંતોની હાજરીમાં ગીર સોમનાથ જિલ્લા કલેકટરને સ્વામિનારાયણ સંપ્રદાય ના અમુક સાધુઓ દ્વારા અવારનવાર હિન્દુ દેવી દેવતાઓ વિશે ટિપ્પણીઓ અને પુસ્તકોમાં ભગવાનને બદનામ કરવાનું વાણી વિલાસ કરી રહ્યા છે આના વિરોધમાં આહીર સેના ગીર સોમનાથ જિલ્લા




દ્વારા કલેકટરને આવેદન પત્ર આપી અને આવા પુસ્તકો ઉપર પ્રતિબંધ મૂકવા અને આવા સાધુઓ વિરૂધ્ધ કાર્યવાહી કરવા માટે રજૂઆત કરવા માં આવી હતી આ તકે બહોળો સંખ્યા માં આહીર સમાજ ના આગેવાનો બ્રહ્મ સમાજ માં આગેવાનો નો ઉપસ્થિતિ માં આવેદન પત્ર આપવામાં આવ્યું હતું

# ગંદા પાણીના નિકાલ માટે નેટવર્ક ઉભું કરવા ગાંધીનગરને રૂ.૬૦૦ કરોડ ફાળવાયા

## ગટરનું ગંદુ પાણી ખેતરો-રોડ રસ્તા પર ફરી વળવાની સમસ્યાથી મુક્તિ મળશે

**અબતક, રાજકોટ**



મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગાંધીનગર મહાનગરપાલિકાને સ્યુએજ ટ્રીટમેન્ટ પ્લાન્ટ તથા તેને સંલગ્ન ગંદા પાણીના વ્યવસ્થાપનના કામો, વરસાદી પાણીના નિકાલના નેટવર્કના કામો તથા વોટર ડિસ્ટ્રીબ્યુશન સ્ટેશન સહિતની કામગીરી માટે રૂ.૬૦૬.૩૪ કરોડ રૂપિયા સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજનામાંથી ફાળવવાની સૈદ્ધાંતિક મંજૂરી આપી છે.

આ રકમમાંથી જાસપુર એસટીપી અને તેને સંલગ્ન કામો માટે રૂ.૨૪૫ કરોડ તેમજ ગાંધીનગર મહાનગરપાલિકાની હદ વિસ્તરણથી નવા સમાવિષ્ટ થયેલા ગામતળ તથા નવા ટી.પી. વિસ્તારોમાં આવા કામો માટે ૩૬૧.૩૪ કરોડ રૂપિયા ઉપયોગમાં લેવાશે.

ગાંધીનગરમાં સેક્ટર ૧ થી ૩૦ તેમજ બોરીજ, પાલજ, બાસણ, ધોળાકુવા, ઈન્દ્રોડા, આદિવાડા અને ગોકુળપુરા ગામોના ડ્રેનેજના પાણીના અંદાજે ૬૦ એમએલડીની જથ્થાને સરગાસણ પંપિંગ સ્ટેશન ખાતે એકત્રિત કરીને જાસપુરમાં આવેલા ૭૬ એમએલડીની કેપેસિટીના એસટીપીમાં મુખ્ય લાઈન મારફતે યોગ્ય ટ્રીટમેન્ટ કરવામાં આવે છે.

ગાંધીનગર મહાનગરપાલિકાનો વિસ્તાર વધવાથી વસ્તીની ગીચતા અને પાણીના વપરાશમાં વધારો થવાના પરિણામે વધારાનું ૨૨ ખકઉ પાણી પણ સરગાસણથી જાસપુર જતી ડ્રેનેજ લાઈનમાં મોકલવામાં આવે છે. મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના ધ્યાને આ સમગ્ર બાબત આવતા તેમણે પાટનગર ગાંધીનગરના વધતા વિકાસ વ્યાપને કારણે લોકોની આરોગ્ય સુખાકારી જળવાઈ રહે તે હેતુસર આ અગત્યનો નિર્ણય કર્યો છે.

મુખ્યમંત્રીએ આપેલી આ સૈદ્ધાંતિક મંજૂરીને પરિણામે હવે સરગાસણથી જાસપુર સુધીની ૧૧ કિલોમીટરની અને ૨૦ વર્ષથી વધુ સમયની ગ્રેવીટી મેઈન લાઈન પણ બદલવાની કામગીરી હાથ ધરવામાં આવશે.

રાજ્યના નગરો-મહાનગરો અને તેમાં સમાવિષ્ટ નવા વિસ્તારોના નાગરિકોને ઈઝ ઓફ લિવિંગ પૂરું પાડવાના મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલના અભિગમને સાકાર કરતા આ નિર્ણયથી ગાંધીનગર અને આસપાસના વિસ્તારોની લાંબા સમયની સમસ્યાનો અંત હવે નજીકના ભવિષ્યમાં આવી જશે.

# જસદણ માર્કેટીંગ યાર્ડના સેક્રેટરીને ગેરકાયદે બરતરફ કરાયા હોવાનો પરિવારનો આક્ષેપ

**અબતક, હિતેશ ગોસાઈ, જસદણ**

જસદણ માર્કેટીંગ યાર્ડના સેક્રેટરીને છુટા કરવામાં નિયમ ભંગ અને ગેરકાનુની રીતે નિર્ણય લેવાયાનો આક્ષેપ કરતા ચકચાર જાગી છે. યાર્ડના સેક્રેટરી બળવંતભાઈ ચૌહલિયાને ફરજ મુકત કરવામાં યાર્ડના ચેરમેન અરવિંદભાઈ તાગડીયાએ નિયમ ભંગ કર્યાનો આક્ષેપ કરી બળવંતભાઈ ચૌહલિયા પરિવારે જણાવે તા.૨/૩/૨૦૨૩ની જસદણ માર્કેટયાર્ડની સામાન્યસભામાં સર્વાનુમતે રસ્તા વળતર અંગે યોગ્ય કરવાની ખાત્રી આપવામાં આવેલ તેમ તે વિગત તદ્દન ખોટી છે અને ઉપજાવી કાઢેલ છે હકીકતમાં પોતાની માલિકીના રસ્તા ની જમીન નું વળતર મેળવવા તા.૨૩/૧૨/



૨૦૨૨ ના રોજ પોતાના હક્ક અંગે રજૂઆત કરવા અરજી કરવામાં આવેલ હતી યાર્ડના ચેરમેન અરવિંદ તાગડિયા એ આજદિન સુધી કોઈ જવાબ આપેલ નથી.માર્કેટ યાર્ડની જમીન ખરીદી પ્રક્રિયામાં ચૌહલિયા પરિવારે વાંધો લીધેલ નથી તેઓએ માત્ર પોતાના હક્ક અંગે રજૂઆત કરેલ છે.માર્કેટ યાર્ડ વિના વિઘ્ને જમીન ખરીદ કરેલ છે તો વાંધો શેનો છે.અને મને તેના માટે જવાબદાર ગણેલ છે. અરવિંદ તાગડિયા તા.૨૪/૮/૨૦૨૩ ના રોજ જણાવે છે કે,જમીનના રસ્તા વળતર અંગે તા.૨૬/૧૨/૨૦૨૨ ના રોજ નિયામક મંડળની બેઠકમાં મૌખિક જણાવેલ છે.ખરેખર તે દિવસે કોઈ બેઠક હતી જ નહી. આમ લોકોને, કમિટીના સભ્યોને ગેરમાર્ગે દોરીને મને હેરાન કરવામાં આવેલ છે.

# વિસાવદર - કડી વિધાનસભા બેઠકની પેટા ચુંટણીનું તારીખનું ટુંકમાં એલાન

## ૫ મે સુધીમાં આખરી મતદાર યાદી પ્રસિધ્ધ કરી દેવાશે

**અબતક, રાજકોટ**

ગુજરાતની બે સહિત દેશભરની કુલ આઠ વિધાનસભા બેઠકોની આગામી સમયમાં યોજાનાર પેટાચૂંટણીને અનુલક્ષીને ચૂંટણી પંચ દ્વારા મતદારયાદીની ખાસ સંક્ષિપ્ત સુધારણા કાર્યક્રમ હાથ ધરવા નિર્દેશ આપવામાં આવ્યા છે.

આ ઝુંબેશ અંતર્ગત આગામી સમયમાં યોજાનાર ૨૪-કડી (અ.જા) તથા ૮૭-વિસાવદર વિધાનસભા મતવિસ્તાર માટે તા.૦૮/૦૪/૨૦૨૫ ના રોજ સંકલિત મુસદ્દા મતદાર યાદી પ્રસિદ્ધ કરવામાં આવશે. મુસદ્દા મતદાર યાદીની પ્રસિદ્ધિની સાથે જ તા.૦૮/૦૪/૨૦૨૫ થી તા.૨૪/૦૪/૨૦૨૫ સુધી મતદાર યાદીમાં નોંધાયેલા નામ કે નવા નોંધાનાર નામની અરજી અંગે હક્ક-દાવા અને વાંધા અરજીઓ રજૂ કરી શકાશે. મતદારો તેમના વિસ્તારની મતદાર નોંધણી અધિકારીની કચેરી તથા સંબંધિત જિલ્લાની કલેક્ટર કચેરી ખાતે મતદારયાદીનો મુસદ્દો જોઈ શકશે. મતદારો પોતાનું તેમજ પરિવારજનોનું નામ મતદારયાદીમાં ચકાસી શકશે અને જરૂર જણાયે મુસદ્દા મતદારયાદીમાં નામ ઉમેરવા, કમી કરવા કે સુધારો કરવા અરજી ફોર્મ મેળવી અને ભરેલું ફોર્મ રજૂ કરી શકશે.

આ ઉપરાંત મતદાર નોંધણી અધિકારીની કચેરી, મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી અને બુથ લેવલ ઓફિસર પાસે પણ હક્ક-દાવાના ફોર્મ જમા કરાવી શકાશે. વધુમાં, પાત્રતા ધરાવતા યુવાનો અને તેનાથી વધુ વયજૂથ ધરાવતા નાગરિકો મતદાર યાદીમાં નામ નોંધાવવા અંગે તથા મતદાર યાદીમાં નામ દાખલ કરવા, સુધારો કરાવવા કે કમી કરાવવા ચૂંટણી પંચના વોટર હેલ્પલાઈન અને વીએસપી ઉપર ઓનલાઈન ફોર્મ ભરી શકશે. આ મતદાર યાદી સુધારણા કાર્યક્રમ દરમિયાન મળેલી હક્ક-દાવાઓની અરજીઓનો નિકાલ કરી ૫ મે મતદાર યાદીની આખરી પ્રસિદ્ધિ કરવામાં આવશે. આ મતદારયાદી મતદાર નોંધણી અધિકારીની કચેરી, મદદનીશ મતદાર નોંધણી અધિકારીની કચેરી ખાતે, ઈમેજ, પીડીએફ ફોર્મેટમાં મુખ્ય નિર્વાચન અધિકારી, ગુજરાતની વેબસાઈટ https://ceo.gujarat.gov.in પર જોવા મળી શકશે.

# કોન્ટ્રાક્ટ બેઈઝ કામદારોનો ભથ્થામાં વધારો કરવા સુરેન્દ્રનગર મ્યુનિ.કમિશનરને રજૂઆત

## મહાનગરપાલિકા કચેરી ખાતે રાજ્ય કર્મચારી સંઘ દ્વારા લેખિત માંગ કરાઈ

**અબતક, ઘનશ્યામ ભટ્ટી, સુરેન્દ્રનગર**

સુરેન્દ્રનગર મહાનગરપાલિકામાં ફરજ બજાવતા કોન્ટ્રાકટ બેઈઝ અનુ.જાતિના રોજમદાર સફાઈ કામદારોને લધુતમ વેતન અધિનિયમ અંતર્ગત ખાસ ભથ્થામાં વધારો કરવા સહિતની માંગ સાથે ગુજરાત રાજ્ય કર્મચારી સંઘ દ્વારા મનપાના મ્યુનીસીપલ કમીશ્નરને લેખીત રજુઆત કરી હતી અને ચાલુ મહિનાથી ભથ્થામાં વધારો



કરવામાં આવે તેવી માંગ કરી હતી.

આ અંગે રજુઆતમાં જણાવ્યા મુજબ રાજ્ય સરકાર હસ્તકની શ્રમઆયુક્ત કચેરી દ્વારા કોન્ટ્રાક્ટ બેઈઝ કર્મચારીઓને નક્કી કરેલ મુળ વેતનના દરો ઉપરાંત જીવન નિર્વાહ આંક તેમજ ખાસ ભથ્થું તા.૦૧-૦૪-૨૦૨૫ થી ૩૦-૦૯-૨૦૨૫ સુધી પાંચ મહિના માટે દૈનિક રૂા.૪૫.૫૦ નક્કી કરવામાં આવ્યા છે આથી તે મુજબ લધુતમ વેતન આપવાની માંગ કરી હતી. આ ઉપરાંત કોન્ટ્રાક્ટ બેઈઝ રોજમદાર સફાઈ કામદારોને રૂા.૪૯૭.૫૦ લેખે લધુત્તમ વેતન નક્કી કરવામાં આવ્યું છે જે પરીપત્રનો પણ અમલ કરવામાં આવે અને લધુત્તમ વેતનના નિયમ મુજબ પગાર સ્લીપ આપવામાં આવે સહિતની માંગો અંગે ગુજરાત રાજ્ય કર્મચારી સંઘ દ્વારા સુરેન્દ્રનગર મનપાના કમીશ્નરને લેખીત રજુઆત કરી હતી.

### ક્લાયમેન્ટ ચેન્જના પડકારો સામે બાથ ભીડતાં

# ભાવનગરના તબીબ તેજસ દોશીને "ધ પર્સન ઓફ ક્લાઈમેન્ટ ચેન્જ" એવોર્ડ એનાયત

## પર્યાવરણ સંરક્ષણ માટેના વિવિધ પ્રોજેક્ટસ અંતર્ગત વ્યક્તિગત શ્રેણીમાં ડો.તેજસ દોશીને પ્રથમ પુરસ્કાર અપાયો




**અબતક, આનંદ રાણા, સિહોર**

ગ્લોબલ વોર્મિંગ અને ક્લાયમેટ ચેન્જના પડકારો સામે બાથ ભીડતા ભાવનગરના જાગૃત તબીબ ડો. તેજસ દોશીને ગુજરાત સરકારનો 'ધ પર્સન ઑફ ક્લાયમેટ ચેન્જ ૨૦૨૪-૨૫' એવોર્ડ રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના મંત્રીશ્રી મુળુભાઈ બેરા ના હસ્તે એનાયત કરવામાં આવ્યો હતો.

આ પ્રસંગે પ્લાસ્ટિકના ઉપયોગને છોડીને કપડાની થેલીના ઉપયોગને પ્રોત્સાહન આપતી ડો. દોશીએ બનાવેલી નવતર કપડાની બેગ પણ મંત્રીના હસ્તે લોકાર્પિત કરવામાં આવી હતી. ડો. તેજસ દોશીના પર્યાવરણ રક્ષણ માટેના વિવિધ પગલાંની મંત્રીશ્રીએ નોંધ લઈને એમને એમની આ પ્રવૃત્તિઓ બદલ અભિનંદન પાઠવી જણાવ્યું હતું કે, રાજ્ય સરકાર આ દિશામાં વધુને વધુ જનજાગૃતિ ફેલાય એવા પ્રયાસો કરી રહી છે.

રાજ્ય સરકાર દ્વારા કુલ નવ શ્રેણીઓમાં ૨૦ એવોર્ડ એનાયત કરવામાં આવ્યા હતા. જેમા વ્યક્તિગત શ્રેણીમાં ભાવનગરના તબીબ ડો. તેજસ દોશીને પ્રથમ પુરસ્કાર તેમના પર્યાવરણ સંરક્ષણ માટેના વિવિધ પ્રોજેક્ટસ માટે આપવામાં આવ્યો છે. ભાવનગરના અકવાડા લેકમા એમણે એક લાખ એંશી હાજર ઈકો બ્રિક ભેગી કરી ગુજરાતનો સૌથી પહેલો ઈકો બ્રિક પાર્ક બનાવ્યો છે.

ભાવનગર મ્યુનિસિપલ કોર્પોરેશન સાથે ઈકો બ્રિકમાંથી ઈનકમનો અદભૂત પ્રયોગ ૧ લાખ ૮૦ હજાર ઈકો બ્રિક ભેગી કરી છે. ડો. તેજસ દોશી અને એમની ટીમ દ્વારા 'ડોન્ટ કટ કોર્નર અવેરનેસ પ્રોજેક્ટ' અંતર્ગત શહેરની ૨૦૦થી વધુ સોસાયટીઓમાં જઈને બહેનોને દૂધ વગેરેની થેલી કેવી રીતે કાપવી એ બાબત જાગૃત કર્યા છે. ડો. દોશીના જાગૃત પ્રયાસોથી અત્યાર સુધીમાં વિવિધ કાર્યો થાકી ૫૦ લાખ કિલો પ્લાસ્ટિક રિડ્યુસ કરી રિસાયકલ કરવામાં આવ્યું છે. ડો. દોશીના પર્યાવરણ જાળવણી અને સુરક્ષા વિષયક આવા અનેકવિધ કાર્યોની રાજ્ય સરકારે નોંધ લઈને એમને 'ધ પર્સન ઓફ ક્લાઈમેટ ચેન્જ એવોર્ડ ૨૦૨૪-૨૫' એનાયત કરવામાં આવ્યો છે.

રાજ્યના પ્રવાસન, સાંસ્કૃતિક પ્રવૃતિઓ, વન અને પર્યાવરણ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના કેબિનેટ મંત્રી મુળુભાઈ બેરા, વન, પર્યાવરણ, પાણી પુરવઠા અને જળસંપત્તિ રાજ્યમંત્રી મુકેશભાઈ પટેલ, ક્લાઈમેટ ચેન્જ વિભાગના અગ્રસચિવ મોના ખંધાર, સચિવશ્રી ડો. રાહુલ ગુપ્તા, ગુજરાત ઉર્જા વિકાસ એજન્સીના નિયામક અજય પ્રકાશ, પર્યાવરણવિદો અને અધિકારીઓની ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં આ વર્ષનો ક્લાઈમેટ ચેન્જ અવોર્ડ ૨૦૨૪-૨૫નો સમારોહ યોજાયો હતો.

### કડવા પાટીદાર સમાજ દ્વારા

# લીલીયા: ઉમિયા માતાજીના પાટોત્સવમાં ભવ્ય કાર રેલી સાથે 'માં'ના વધામણાં

## ફૂલહાર, પુષ્પવર્ષા સાથે સામૈયા કરી કાર રેલીનું દબદબાભેર સ્વાગત કરતાં ભાવિકો



**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

સામાજીક અને વૈચારિક ક્રાંતિ સાથે સમાજના ઉત્કર્ષ અને વિકાસ માટે આધ્યાત્મિક ચેતનાને ઉજાગર કરવાનાં શુભાશયથી જગત જનની માઁ ઉમિયામાતાજીના ધામ લીલીયા મોટા મુકામે યોજાનાર પાટોત્સવ ઉજવણી પ્રસંગે અમરેલી જીલ્લા કડવા પાટીદાર યુવા સંગઠન રાજકોટ દ્વારા ભવ્ય કાર રેલીનું આયોજન કરવામાં આવેલ હતું. આ કાર રેલીમાં એકાવન કરતા વધુ કાર સાથે ૨૦૦ કરતા વધુ વ્યક્તિઓએ ઉમળકાભેર ભાગ લીધેલ. કાર રેલી અમરેલી શહેરમાં પહોંચતા તુલસી પાર્ટી પ્લોટ પાસે ફુલહાર, પુષ્પવર્ષાથી સામૈયા કરી અને ઠંડા પીણાં દ્વારા અમરેલી શહેર કડવા પાટીદાર સમાજ દ્વારા રેલીનું દબદભાભેર સ્વાગત કરવામાં આવેલ હતું.

આ કાર્યક્રમને સફળ બનાવવા માટે કડવા પાટીદારના આગેવા વજુભાઈ ગોલના માર્ગદર્શન હેઠળ પ્રાગજીભાઈ કાલરીયા, રમેશભાઈ ગોલ, પ્રા. એમ. એમ. પટેલ, મધુભાઈ જાવિયા, પ્રહલાદભાઈ વામજા, રાજેશભાઈ સરખેદી રોનકભાઈ ભાલોડિયા, રમેશભાઈ દસલાણીયા, રોહિતભાઈ પણસાળા, જીતેનભાઈ ગોલ,, નયનભાઈ પરસાણીયા, વિનુભાઈ આદ્રોજા, અરવિંદભાઈ ગોલ, કિશોરભાઈ દસલાણીયા, પારસભાઈ ચત્રોલા, કાળુભાઈ આદ્રોજા, ગૌરવભાઈ કડેવાળ, અશ્વિનભાઈ સોળીયા, જીગ્નેશભાઈ નવાપરીયા, જયભાઈ ગોલ, રીટાબેન કાલરીયા વગેરે જહેમત ઉઠાવેલ હતી.

# માણાવદર: બાલકૃષ્ણ સ્કુલની વિદ્યાર્થીની ભક્તિ પરસાણીયાની શ્રેષ્ઠ ચિત્રકૃત્તિમાં પસંદગી

**અબતક, જિજ્ઞેશ પટેલ, માણાવદર**



કલા શિક્ષક સંઘ ગુજરાત રાજ્ય આયોજિત સન્માન કાર્યક્રમ આણંદ ખાતે યોજાયેલ તેમાં શ્રી બાલકૃષ્ણ સ્કુલ માણાવદરની ધોરણ સાતની વિદ્યાર્થીની પરસાણીયા ભક્તિ રમેશચંદ્રની રાજ્ય કક્ષાએ શ્રેષ્ઠ ચિત્રકૃતિમાં પસંદગી પામતા તેને મોમેન્ટો, શીલ્ડ અને પ્રમાણપત્ર આપી સન્માનિત કરવામાં આવી હતી. માણાવદર શ્રી બાલકૃષ્ણ સ્કુલના આચાર્ય નિલેશભાઈ દેત્રોજા તથા ચિત્ર શિક્ષક (કન્વીનર) વસંત જાદવ તરફથી અભિનંદન પાઠવવામાં આવ્યા હતા.

# ભ્રષ્ટાચારથી પર રહી લોકોના કામો પાર પાડવા તત્પર: વિરોધ પક્ષના નેતા જયરાજસિંહ મોરી



## વિરોધ પક્ષના નેતા તરીકે જયરાજસિંહ મોરીએ વિધિવત ચાર્જ સંભાળ્યો

**અબતક, આનંદ રાણા, સિહોર**

સિહોર: તાજેતરમાં યોજાયેલ નગરપાલિકા ની ચૂંટણીમાં ભારતીય જનતા પાર્ટી ની બહુમતી સાથે બોડી આવતા પ્રમુખ ઉપપ્રમુખ સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન સહિતનાઓ ની વરણી થોડા દિવસો પહેલા કરવામાં આવી હતી બાદ કોંગ્રેસ દ્વારા સર્વાનુમતે એજ્યુકેટેડ અને સક્ષમ વિરોધ દર્શાવી લોકોને ન્યાય અપાવી શકે તેવા યુવા નેતા જયરાજસિંહ મોરી પર સહમતી દર્શાવતા વિરોધ પક્ષના નેતા તરીકે જયરાજસિંહ મોરી ને નિયુક્ત કર્યા હતા ત્યારે આજે વિધિવત ચાર્જ સંભાળ્યો હતો. ચાર્જ સંભાળતાની સાથે શુભેચ્છાઓ નો વરસાદ વરસ્યો હતો જેમાં પૂર્વ ધારાસભ્ય પ્રવીણભાઈ સોલંકી,કનુભાઈ બારૈયા,સંજયસિંહ, જયદીપસિંહ ગોહિલ, ગોકુળભાઈ આલ,અશોકભાઈ મામસી સહિત ચૂંટાયેલા કોર્પોરેટરો તેમજ કાર્યકરો ખૂબ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા અને જયરાજસિંહ મોરી ને શુભેચ્છાઓ પાઠવી હતી ત્યારે દરેક કાર્યકરોને જણાવ્યું હતું કે એક પણ રૂપિયાનો ભ્રષ્ટાચાર કર્યા વગર લોકોના કામો કરવા હું તત્પર છું તેમજ કાર્યકરો અને સાથી ચૂંટાયેલ કોર્પોરેટરોને કોઈ પણ પ્રશ્નો હોય તો પહોંચાડવા જણાવેલ છે.

પદગ્રહણ સમારોહ બાદ શિહોર શહેર કોંગ્રેસ પ્રમુખ દ્વારા પ્રતિક્રિયા આપી હતી કે સિહોર નગરપાલિકામાં વિપક્ષના નેતા તરીકે ચૂંટાયેલા કોર્પોરેટરો તથા દરેકની સહમતિથી સર્વનું મતે જયરાજસિંહની વર્ણી કરવામાં આવી છે તેમજ એક પણ રૂપિયાનો ભ્રષ્ટાચાર કરશું નહીં તેમજ કરવા દેવામાં નહીં આવે લોકો નો વિશ્વાસ કોંગ્રેસ પર વધુને વધુ દ્રઢ બને માટેના તમામ પ્રયાસો કરીશું.

# ઈડર: ૧૮ ગ્રામ પંચાયતમાં ઘન કચરાના નિકાલ માટે ઈ-રિક્ષા અર્પણ



**અબતક, સંજય દિક્ષિત, સાબરકાંઠા**

સાબરકાંઠા જીલ્લામાં ઈડર તાલુકા પંચાયત ખાતે સ્વચ્છ ભારત મિશન (ગ્રામીણ) ફેઝ-૨ યોજના હેઠળ ઈડર તાલુકાની અલગ અલગ ૧૮ ગ્રામ પંચાયતોમા ડોર ટુ ડોર ઘન કચરો એકત્ર કરી નિકાલ કરવા માટે ઈ-રિક્ષા ની ફાળવણી કરવામાં આવી હતી આ પ્રસંગે ધારાસભ્ય રમણલાલ વોરા,તાલુકા પંચાયતના પ્રમુખ કાંતિભાઈ પટેલ,જીલ્લા ભાજપ પ્રમુખ કનુભાઈ પટેલ,તાલુકા વિકાસ અધિકારી ભરત ચૌધરી તથા તાલુકા અને જિલ્લા પંચાયતના સદસ્યો હાજર રહ્યા હતા.

# અમરેલી: મંગવાપાળ ગામે કોટન જીનમાં આગ ભભૂકી



## લાખો રૂપિયાનો કપાસ બળીને ખાખ

**અબતક, પ્રદીપ ઠાકર, અમરેલી**

અમરેલીના મંગવાપાળ ગામે આવેલા નારાયણ કોટનજીન કોર્પોરેશનમાં અચાનક આગ ભભૂકી ઉઠી હતી, હજારો મન કપાસ માં આગ લાગતા અફરા તફરી સર્જાઈ હતી, આગની ઘટનાની ટેલિફોનીક જાણ અમરેલી ફાયર વિભાગમાં કરાતા ફાયર ઓફિસર એચ.સી.ગઢવીની આગેવાની હેઠળ અમરેલી ફાયર વિભાગના હિંમતભાઈ બાંભણિયા, આનંદભાઈ જાની, જયદીપભાઈ ઈસોટીયા એક ફાયર ટેન્ડર સાથે તુરંત ઘટના સ્થળ પર પહોચી આગ પર સતત પાણીનો મારો ચલાવી લાંબી જહેમત બાદ આગ પર સંપૂર્ણ કાબુ મેળવી લેવામાં આવ્યો હતો. આગ શાના કારણે લાગી છે ? આગના કારણે કેટલું નુકશાન થયું છે તે તપાસ બાદજ માલૂમ પડશે.

# ભાવનગર જિલ્લામાં તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ તા.૨૩મીએ યોજાશે

**અબતક, રાજકોટ**

એપ્રિલ -૨૦૨૫ નો તાલુકા કક્ષાનો સ્વાગત કાર્યક્રમ આગામી તા. ૨૩/૦૪/૨૦૨૫ (બુધવાર) ના રોજ સંબંધિત મામલતદાર કચેરી ખાતે યોજવામાં આવનાર છે. જેમાં જિલ્લા કલેકટર મહુવા, જિલ્લા વિકાસ અધિકારી પાલિતાણા તથા પોલીસ અધિક્ષક ઉમરાળાનાં તાલુકા સ્વાગત કાર્યક્રમમાં ઉપસ્થિત રહેશે. તેમજ અન્ય તાલુકાનાં સ્વાગત કાર્યક્રમનું વર્ગ-૧ ના અધિકારીઓ સંચાલન કરશે અને લોકોના પ્રશ્નો રૂબરૂ સાંભળી નિરાકરણ લાવશે. જાહેર જનતાને સર્વિસ મેટર, નિતી વિષયક, કોર્ટ મેટર તથા સામુહીક પ્રશ્નો સિવાયનાં પડતર પ્રશ્નો/ રજૂઆત, જે પોતાને લગત હોય તે અંગેની અરજીઓ આધાર પુરાવા તથા પોતાનાં પુરા નામ- સરનામા અને મોબાઈલ નંબર સાથે તા.૧૦/૦૪/૨૦૨૫ સુધીમાં સંબંધિત તાલુકા મામલતદાર કચેરીએ તથા ગ્રામ્ય કક્ષાએ સંબંધીત તલાટી કમ મંત્રીશ્રીને રજુ કરવા જણાવવામાં આવે છે.

ગુજરાત અગનભઠ્ઠીમાં ફેરવાયું !

# આકરા એંધાણ: રાજયમાં ત્રણ દિવસ યલો, બે દિવસ ઓરેન્જ એલર્ટ

## રાજકોટ, સુરેન્દ્રનગર, પોરબંદર, અમરેલી, જૂનાગઢ, મોરબી અને કચ્છમાં સુર્ય નારાયણ પાંચ દિવસ સુધી લાલચોળ રહેશે

**અબતક, રાજકોટ**

સૌરાષ્ટ્ર સહિત રાજયભરમાં આગામી પાંચ દિવસ આકરી ગરમી પડવાની સંભાવના હવામાન વિભાગ દ્વારા વ્યકત કરવામાં આવી છે. આજથી ત્રણ દિવસ યલો એલર્ટ આપવામાં આવ્યું છે. જયારે સોમવાર અને મંગળવારે ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. ગઈકાલે સુરેન્દ્રનગરમાં તાપમાનનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચી ગયો હતો.

આ વર્ષ ઉનાળો આકરો રહેશે તેવા સંકેતો માર્ચ માસથી જ મળવા માંડયા હતા. રાજયમાં આગામી પાંચ દિવસ આકરી ગરમી પડશે. હવામાન વિભાગ દ્વારા હિટવેવની આગાહી આપવામાં આવી છે. આજે સુરેન્દ્રનગર, પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ આપવામાં આવ્યું છે. જયારે રાજકોટ, કચ્છ, અમદાવાદ અને જુનાગઢમાં યલો એલર્ટ આપવામાં આવ્યું છે. આવતીકાલે કચ્છ, રાજકોટ અને પોરબંદરમાં ઓરેન્જ એલર્ટ જાહેર કરવામાં આવ્યું છે. જયારે પાટણ, બનાસકાંઠા, સાબરકાંઠા, ગાંધીનગર, મહેસાણા, જુનાગઢ, મોરબી અને સુરેન્દ્રનગરમાં યલો એલર્ટ જાહેર કરાયું છે.

આગામી પાંચ દિવસ રાજયભરમાં આકાશમાંથી સૂર્ય નારાયણ આગ ઓકશે અંગ દઝાડતી આકરી ગરમી પડશે. ગુરુવારે સુરેન્દ્રનગરમાં મહત્તમ તાપમાનનો પારો ૪૩ ડિગ્રીએ પહોંચી ગયો હતો. સુરેન્દ્રનગર રાજયનું સૌથી ગરમ શહેર રહ્યું હતું. જયારે રાજકોટનું મહત્તમ તાપમાન

(અનુ. આઠમા પાને)

### કયાં શહેરનું કેટલું તાપમાન

| | |
|---|---|
| સુરેન્દ્રનગર | ૪૩ ડિગ્રી |
| ભુજ | ૪૨.૮ ડિગ્રી |
| રાજકોટ | ૪૨.૭ ડિગ્રી |
| કંડલા એરપોર્ટ | ૪૨ ડિગ્રી |
| અમરેલી | ૪૧.૩ ડિગ્રી |
| ડિસા | ૪૧.૨ ડિગ્રી |
| કેશોદ | ૪૦.૯ ડિગ્રી |
| ગાંધીનગર | ૩૯.૯ ડિગ્રી |
| નલીયા | ૩૯.૬ ડિગ્રી |

### રાજકોટમાં એક છેડે ૪૨.૭ અને બીજા છેડે ૪૬.૧૭ ડિગ્રી તાપમાન

રાજકોટ શહેરમાં પણ બે અલગ અલગ સ્થળોએ મહત્તમ તાપમાનમાં ચાર ડિગ્રીનો ફેરફાર નોંધાયો હતો. શહેરના એક છેડે તાપમાન ૪૨.૭ ડિગ્રી નોંધાયું હતું. જયારે બીજા સ્થળે પારો ૪૬.૧૭ ડિગ્રી નોંધાયું હતું. શહેરના પ્રધુમન પાર્ક વિસ્તારમાં સૌથી વધુ ૪૬.૧૭ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જયારે ગોંડલ ચોકડીની આગળ કોઠારીયામાં તાપમાન ૪૫.૮૬ ડિગ્રી રહેવા પામ્યું હતું. જયાં સૌથી વધુ ગ્રિનરી છે તેવા રેસકોર્સ પરનું તાપમાન ૪૫.૨૧ ડિગ્રી નોંધાયું હતું. શહેરની મધ્યમાં આવેલા ત્રિકોણબાગનું તાપમાન ૪૫.૨૧ ડિગ્રી, મહિલા કોલેજનું તાપમાન ૪૫.૧૫ ડિગ્રી તાપમાન નોંધાયું હતું. જયારે હવામાન વિભાગના રેકોર્ડ પર શહેરનું તાપમાન ૪૨.૭ ડિગ્રી રહેવા પામ્યું હતું.

### સુરેન્દ્રનગરમાં ગુરૂવારે ૪૩ ડિગ્રી તાપમાન નોંધાયું: રાજકોટમાં પણ પારો ૪૨.૭ ડિગ્રીએ પહોંચી ગયો

# કોંગ્રેસ જિલ્લા-શહેર પ્રમુખોને વધુ સત્તા આપશે: જવાબદારી પણ ફિક્સ કરાશે

## સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓની ચુંટણીમાં ઉમેદવારોની પસંદગીમાં પ્રમુખોને વિશ્વાસમાં લેવાશે: મતદાનની ટકાવારી અને પરિણામના આધારે કામગીરીનું મૂલ્યાંકન કરાશે

**અબતક, રાજકોટ**

સંગઠનને મજબૂત બનાવવા માટે કોંગ્રેસ હાઈકમાન્ડ દ્વારા દેશભરમાં જિલ્લા અને શહેર પ્રમુખને વિશાળ સત્તા આપવાનો નિર્ણય લીધો છે. ઉમેદવારોની પસંદગી માટે જિલ્લા અધ્યક્ષને ખાસ વિશ્વાસમાં લેવામાં આવશે. ચુંટણીમાં મતદાનની ટકાવારી અને પરિણામમાં પ્રમુખોની જવાબદારી પણ ફિક્સ કરવામાં આવશે.



દિલ્હી ખાતે કોંગ્રેસના રાષ્ટ્રીય અધ્યક્ષ મલ્લીકાર્જુન ખડગે, લોકસભાના વિરોધ પક્ષના નેતા રાહુલ ગાંધી, સંગઠન મહામંત્રી કે.સી. વેણુગોપાલ ઉપરાંત કોંગ્રેસના વરિષ્ઠ નેતાઓની ઉપસ્થિતિમાં ઈન્દીરા ભવન ખાતે અલગ-અલગ રાજ્યોના જિલ્લા અને શહેર પ્રમુખોની એક બેઠક મળી હતી. જેમાં મહારાષ્ટ્ર, મુંબઈ રિજીનલ, ગુજરાત, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, દિલ્હી, રાજસ્થાન, પંજાબ અને ચંદીગઢના જિલ્લા તથા શહેર પ્રમુખોની મહત્વપૂર્ણ બેઠક મળી હતી. જેમાં ગુજરાતના ૩૩ જિલ્લા અને ૧૦ શહેરોના પ્રમુખોએ ભાગ લીધો હતો. પ્રમુખો ઉપરાંત પ્રદેશ અધ્યક્ષ, પ્રભારી અને મહામંત્રીઓ પણ બેઠકમાં સામેલ થયા હતા. કોંગ્રેસના સંગઠનને જિલ્લા સ્તરે વધુ મજબૂત બનાવવા માટે ચર્ચા

(અનુ. આઠમા પાને)

### કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશન માટે દુભાષીયાની ૪૦ ટીમો બનાવાયા

અમદાવાદ ખાતે આગામી ૮ થી ૯ એપ્રિલના રોજ મળનારા કોંગ્રેસના રાષ્ટ્રીય અધિવેશનની તડામાર તૈયારીઓ શરૂ કરી દેવામાં આવી છે. કોંગ્રેસ રાષ્ટ્રીય અધિવેશનમાં દેશભરમાંથી આવનાર એઆઈસીસીના ૨૦૦૦ જેટલા ડેલિગેટ ગુજરાત આવશે. દેશના તમામ ડેલિગેટ સાથે તેમની માતૃભાષામાં વાતચીત કરવા ૪૦ ટીમો બનાવવામાં આવી છે. સરદાર પટેલ એરપોર્ટ ખાતે ડેલિગેટઓનું વિશેષ સ્વાગત કરવામાં આવશે. દરેક ડેલિગેટ સાથે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિ દ્વારા વિશેષ ટીમ સહાય માટે ઉપસ્થિત રહેશે. ડેલીગેટ, સાંસદ, મંત્રીઓ સહિતના મહાનુભાવોના ટ્રાન્સપોર્ટ માટે યુથ કોંગ્રેસ અને વિદ્યાર્થી પાંખ એન.એસ.યુ.આઈ દ્વારા ૪૩ ટીમ જેમાં એક ટીમમાં ૫ હોદ્દેદારઓ પોતાની ગાડી સાથે સહાય કરશે.રાષ્ટ્રીય અધિવેશનમાં કોંગ્રેસ પક્ષ દ્વારા કાર્યકરની ભાગીદારી સુનિશ્ચિત કરવા સૌ પ્રથમ તેમની ગાડીનો ઉપયોગ ત્યાર બાદ જ એન્જસીને કામ આપવામાં આવ્યું છે.

# એન્જીઓપ્લાસ્ટી માટેના સ્ટેન્ટમાં ભાવ વધારો હાલ મૂલતવી

## પીએમજેએવાયમાં યોજના અંગે હેલ્પલાઈન પર આવતી ફરિયાદોને તત્કાલ નિવેડો લાવવા આરોગ્ય મંત્રીની તાકીદ

**અબતક, રાજકોટ**

એન્જીઓપ્લાસ્ટીમાં ઉપયોગમાં લેવાતા સ્ટેન્ડના ભાવમાં વધારો કરવા માટે કરવામાં આવેલી ભલામણ બાદ હાલ સ્ટેન્ટમાં ભાવ વધારો મુલત્વી રાખવામાં આવ્યો છે.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલની અધ્યક્ષતામાં ગાંધીનગર ખાતે પીએમજેવાય-મા યોજનાની ૧૨મી ગવર્નિંગ બોડીની બેઠક યોજાઈ હતી.આ બેઠકમાં યોજનાની સર્વગ્રાહી સમીક્ષા કરવામાં આવી હતી.

ગત વર્ષે યોજના સંલગ્ન કરવામાં આવેલી કામગીરીનું રીવ્યું કર્યુ હતું તેમજ આ વર્ષની નવીન પોલિસી સંદર્ભેની નવી બાબતોની પણ ચર્ચા આ બેઠકમાં થઈ હતી.

આરોગ્ય મંત્રી ઋષિકેશ પટેલે જણાવ્યું હતું કે,ગત વર્ષની પોલિસીમાં રાજ્યના ગરીબ અને મધ્યમ વર્ગીય પરિવારના દર્દીઓની સારવાર પાછળ આ યોજના હેઠળ રૂ.૩૭૬૦ કરોડનો ખર્ચ રાજ્ય સરકાર કરવામાં આવ્યો છે.

ત્રણ મહિના પહેલા પીએમજેએવાય-મા યોજના સંલગ્ન માહિતી અને જાણકારી મેળવવા તેમજ ફરિયાદ માટે શરું કરવામાં આવેલી હેલ્પલાઈન ૦૭૯-૬૬૪૪૦૧૦૪ માં ૧૦ હજાર જેટલા કોલ આવ્યા છે.જેમાંથી મોટાભાગના માહિતી અને જાણકારી મેળવવા માટેના

(અનુ. આઠમા પાને)

# રાજકોટમાં પોસ્ટ ઓફિસના કર્મચારીની ઘાતકી હત્યા

## નોકરીએથી મોડી રાત સુધી પરત ન આવતા પત્નીએ ફોન કરતા ૧૦૮ ના કર્મચારીએ ફોન ઉપાડતા ઘટનાની જાણ થઈ

**અબતક, રાજકોટ**

શહેરના જુના માર્કેટિંગ યાર્ડ નજીક પ્રધુમન પાર્ક જવાના રસ્તા પાસે ગત મોડી રાત્રે કોઠારીયા મેન રોડ નજીક ઘનશ્યામ નગરમાં રહેતા અને પોસ્ટ ઓફિસ ગાડી ચલાવતા તીક્ષણ હથિયારના ઘા જી કી મોતને ઘાટ ઉતાર્યા અંગેની ઘટના પ્રકાશમાં આવતા ઉચ્ચ પોલીસ અધિકારીઓ દોડી ગયા હતા. આ બનાવની જાણ આજીડેમ પોલીસમાં થતાં પીઆઈ એ બી જાડેજા સહિતનો કાફલો દોડી ગયો હતો અને મૃતકના પરિવાર દ્વારા સુનિલ નામના શકશે હત્યા કર્યાનો આક્ષેપ ક કરતા પોલીસે મૃતકના તેમજ આસપાસના સીસીટીવી ફૂટેજના આધારે હત્યાનું ભેદ ઉકેલવા તપાસનો ધમધમાટ આદર્યો છે. વધુ વિગત મુજબ શહેરના કોઠારીયા મેન રોડ નજીક



આવેલા ઘનશ્યામ નગરમાં રહેતા વિમલભાઈ ધનજીભાઈ અંધાણી નામના ૩૯ વર્ષીય યુવાન ની તીક્ષણ હથિયારના ઘા ઝીકી મોતને ઘાટ ઉતાર્યા અંગેની આજી ડેમ પોલીસને જાણ થતા પી.આઈ એબી જાડેજા સહિતનો કાફલો દોડી ગયો હતો. પોલીસની પ્રાથમિક તપાસમાં જણાવ્યા પ્રમાણે મૃતક વિમલભાઈ પોસ્ટ ઓફિસ ની ગાડી ચલાવે છે અને ગત રાત્રે પોતાના ઘરે મોડે સુધી ઘરે ન આવતા પત્ની બીનાબેને બેઠો છે વિમલભાઈ ના ફોનમાં ફોન કરતા ૧૦૮ વાળા એ ફોન ઉપાડતા હોવાથી મીનાબેન ને કંઈક હજુ થયું હોવાની જાણ થતાં તેઓએ તુરત પોતાના જેઠ મુકેશ ભાઈ ધનજીભાઈ અંધાણીને ફોન કરીને જાણ કરી કે તમારા ભાઈ વિમલ નો ફોન ૧૦૮ વાળા ઉપાડે છે. કંઈ અજુકતુ થયાનુ ધ્યાને આવતા મુકેશભાઈ તુરત પરિવારજનો સાથે હોસ્પિટલે દોડી ગયા હતા જ્યાં પોતાના ભાઈ વિમલભાઈ લોહી લુહાણ હાલતમાં પડ્યા હતા.તેમજ શરીરપર તીક્ષણ હથિયારના ઘા

(અનુ. આઠમા પાને)

### સુનિલ નામના શખ્સે હત્યા કર્યાના મૃતકના ભાઈનો આક્ષેપ, પોલીસે મૃતકના મોબાઈલ ફોન અને સીસીટીવી ફૂટેજના આધારે હત્યારાનું પગેરૂ દબાવ્યું

# કરૂણાંતિકા: ધ્રોલના સુમરા ગામે ચાર સંતાનોને કુવામાં ફેંકી માતાનો આપઘાત

## બે પુત્ર અને બે પુત્રી સાથે પરિણીતાએ મોતની છલાંગ લગાવતા ભરવાડ પરિવારમાં ભારે અરેરાટી

## બનાવને પગલે પોલીસ કાફલો દોડી ગયો સામુહિક આપઘાત પાછળનું કારણ અકબંધ

**અબતક, સંજય ડાંગર, ધ્રોલ**

જામનગર જિલ્લાના ધ્રોલ તાલુકાના સુમરા ગામ નજીક એક હૃદયદ્રાવક ઘટના સામે આવી છે. માતાએ પોતાના ચાર સંતાનો સાથે ગામના કુવામાં પડીને સામુહીક આત્મહત્યા કરી લેતા ધ્રોલ તાલુકા સહીત સમગ્ર જામનગર જીલ્લામાં અરેરાટી ફેલાઈ છે.

ઘટના અંગે પોલીસમાંથી પ્રાપ્ત પ્રાથમિક વિગત અનુસાર ધ્રોલ તાલુકાના સુમરા ગામે કોઈ અગમ્ય કારણોસર માતાએ પોતાના ચાર સંતાનો કૂવામાં ઝંપલાવી આપઘાત કરી લેતાં પાંચ લોકોનાં મોત નીપજ્યાં છે. આ ઘટનાએ સમગ્ર ગામમાં અરેરાટી અને શોકનો માહોલ સર્જ્યો છે. મૃતકોમાં માતા ભાનુબેન જીવાભાઈ ટોરીયા (ઉંમર ૩૨) અને ચાર સંતાનો જેમાં આયુષ જીવાભાઈ ટોરીયા (ઉંમર ૧૦), આજુબેન જીવાભાઈ ટોરીયા (ઉંમર ૮), આનંદીબેન જીવાભાઈ ટોરીયા (ઉંમર ૪) અને ઋત્વિક જીવાભાઈ ટોરીયા, ટોરીયા (ઉ.વ. ૩) સાથે કૂવામાં ઝંપલાવીને જીવ દીધો હતો. આ ઘટના બાદ સ્થાનિક

(અનુ. આઠમા પાને)



### શાળાએ ગયેલા બાળકોને પરત લાવ્યા બાદ પગલું ભરી લીધું: છ માસની બાળકીને ઘરે જ છોડી દીધી'તી

ધ્રોલ તાલુકાના સુમરા ગામે ભરવાડ પરિવારની મહીલા ભાનુબેને જીવનનો અંત લાવવાનું નક્કી કર્યા બાદ બાળકોને સાથે રાખીને આપઘાત કરવા માટે બાળકોને શાળાએથી લાવીને ગામની બહાર સ્મશાન નજીક પાણી ભરેલા કુવામાં પહેલા ચારેય બાળકોને નાખીને પોતે કુવામાં ઝંપલાવી આપઘાત કરી લીધાનું જાણવા મળે છે જયારે ૬ માસની બાળકીને ઘરે જીવીત મુકી દીધી હતી

### સામુહિક આપઘાત પાછળનું કારણ શું?: તપાસનો ધમધમાટ

સમગ્ર જામનગર જીલ્લામાં અરેરાટી વ્યાપી ગયેલ આ બનાવમાં પોલીસ ભારે દોડધામ કરવા છતાં સુમરાના ભરવાડ પરિવારના પાંચ સભ્યોએ કયા કારણોસર આપઘાત કર્યો છે તે જાણી શકાયું નથી તેવી એ.ડી.ની પ્રાથમિક વિગતોમાં જાહેર કરવામાં આવ્યું છે. ત્યારે પોલીસ કારણ જાણવા માટે વધુ તપાસ હાથ ધરી છે.

# રાજકોટના ૨૧ સહિત સૌરાષ્ટ્રના ૮૧ એએસઆઈને બઢતી

## રાજ્યના કુલ ૨૬૧ પોલોસમેનને પીએસઆઈના પ્રમોશન સાથે બદલીનો ઓર્ડર

## ૧૫ મહિનામાં કુલ ૭૦૩૧ પોલીસ કર્મીઓને બઢતી ૨૦૨૪માં ૬૭૭૦ પોલીસ કર્મચારીઓને પ્રમોશન અપાયું

**અબતક, રાજકોટ**

રાજકોટ શહેર અને ગ્રામ્યના ૨૧, સૌરાષ્ટ્રના ૮૧ સહીત રાજયના ૨૬૧ એએસઆઈને પીએસઆઈ તરીકે બઢતી આપવામાં આવી છે. નવનિયુક્ત પીએસઆઈને બઢતી સાથે બદલીનો ઓર્ડર પણ જાહેર કરી દેવામાં આવ્યો છે. ગુજરાત પોલીસ વિભાગના પોલીસ કર્મચારી-અધિકારીઓને સંવર્ગવાર સમયસર બઢતી મળી રહે તે માટે સતત પ્રયત્નો કરવામાં આવી રહ્યા છે. સમયસર બઢતી મળતાં પોલીસ કર્મચારીઓના મનોબળમાં પણ વધારો થઈ રહ્યો છે. ત્યારે વધુ ૨૬૧ એએસઆઈને પીએસઆઈ તરીકે બઢતી આપવામાં આવી હતી. રાજકોટ શહેરમાં ફરજ બજાવતા ૧૬ એએસઆઈ જયારે ગ્રામ્યના પાંચ અને સૌરાષ્ટ્રના ૮૧ એએસઆઈને બઢતી આપવામાં આવી છે.

છેલ્લા ૧૫ મહિનામાં પી.એસ.આઈથી લઈને ક્લેરિકલ સ્ટાફ મળીને કુલ ૭૦૩૧ કર્મચારીઓને બઢતી અપાતાં પોલીસ કર્મચારીઓમાં આનંદનો માહોલ છે.

રાજ્યના પોલીસ વડા વિકાસ સહાય દ્વારા પોલીસ કર્મચારીઓની બઢતી માટે તમામ જરૂરી સંલગ્ન પ્રક્રિયાઓ સમયસર કરવા આદેશો આપવામાં આવ્યા છે. જેના પરિણામસ્વરૂપે ગુજરાત પોલીસ વિભાગમાં વર્ષ

(અનુ. આઠમા પાને)

### રાજકોટ શહેર અને ગ્રામ્યના ક્યા પોલીસમેનોને પ્રમોશન?

રાજકોટ શહેરના ૧૬ જ્યારે ગ્રામ્યના પાંચ મળી કુલ ૨૧ એએસઆઈને પીએસઆઈનું પ્રમોશન આપવામાં આવ્યું છે. જેમાં શહેર પોલીસની એસઓજીમાં ફરજ બજાવતા ડી બી ખેર, ક્રાઈમ બ્રાન્ચમાં ફરજ બજાવતા સી એમ ચાવડા અને જલદીપસિંહ વાઘેલા, પી એન પરમાર, કે વી ગજેરા, એસ ડી પાદરીયા, કે કે માઢક, જી કે પરમાર, જે કે જાડેજા, આર એચ કોડિયાતર, ડી વી ખાંભલા, ડી વી બાલાસરા, કે એચ ચાવડા, એમ એમ કુંભારવડિયા, એમ વી લુવા, એ વી બકુતરાને બઢતી આપવામાં આવી છે. જયારે ગ્રામ્યમાં ફરજ બજાવતા આર સી માળવિયા, એમ ડી મકવાણા, ડી સી માઢક, એચ આર જાડેજા, ડી બી લાવડીયાને પણ પ્રમોશન મળ્યું છે.

